૨૦૪ વર્ષ

દૈનિક

# મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 96 ■ વિક્રમ સંવત ૨૦૮૨

વૈશાખ સુદ - ૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 24 April 2026, Friday ■ REGD.No. MCS/058/2018-20

શુક્રવાર ૨૪ એપ્રિલ ૨૦૨૬ (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# રેકોર્ડ-બ્રેક મતદાન

## બંગાળમાં ૯૨%

**પ્રથમ તબક્કામાં ૩.૬૦ કરોડ મતદારમાંથી ૯૦ ટકાથી વધારે મતદારે મતદાન કર્યું હતું**

### આઝાદી પછીનું સૌથી વધુ વૉટિંગઃ જોકે સાથે હિંસાના પણ ઘણા બનાવો





**યહ ક્યા હો રહા હૈ:**
હુમલાખોરોથી રક્ષણ કરવા સુરક્ષા અધિકારી સાથે હોવા છતાં પશ્ચિમ બંગાળની ચૂંટણીના મતદાન વખતે ભાજપના દક્ષિણ દિનાજપુરના ઉમેદવાર સુવેન્દુ સરકાર પર ટીએમસીના કાર્યકર્તાઓએ હુમલો કર્યા બાદ તેનો પીછો કર્યો હતો. વીડિયોમાં ટીએમસીના કાર્યકર્તાઓ સરકાર પર હુમલો અને તેનો પીછો કરતા જોવા મળ્યા હતા. પોલીસે તેમને બચાવીને લઈ ગયા હતા. (એજન્સી)

કોલકાતાઃ પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીના ગુરુવારે યોજાયેલા પ્રથમ તબક્કામાં વિક્રમજનક ૯૨ ટકા મતદાન થયું હતું જે આઝાદી પછીનું મતદાન દરમિયાન ભાજપના ઉમેદવારને ધક્કે ચઢાવવાના, ત્રણ ઉમેદવાર પર હુમલા કરવા સહિતના હિંસાના છૂટાછવાયા બનાવ નોંધાયા હતા.

પ્રથમ તબક્કામાં ૩.૬૦ કરોડ મતદારમાંથી ૯૦ ટકાથી વધારે મતદારે મતદાન કર્યું હતું. રાજ્યના તાજેતરના ઇતિહાસમાં આ પ્રથમ વખત આટલું બધું મતદાન થયું હતું.

પશ્ચિમ બંગાળના ૧૬ જિલ્લામાં ગુરુવારે સવારે સાત વાગ્યે કડક સુરક્ષા વ્યવસ્થા હેઠળ મતદાન

(જુઓ પાનું ૨) ▶▶

## તમિળનાડુમાં ૮૫.૦૫%

ચેન્નઇઃ તમિળનાડુમાં ગુરુવારે યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં અત્યાર સુધીના સૌથી વધુ મતદાનનો રેકોર્ડ તોડ્યો હતો. રાજ્યભરની ૨૩૪ બેઠકો માટે યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં ૫.૭૩ કરોડ મતદારોમાંથી ૮૫.૦૫ ટકાથી વધુ લોકોએ મતદાન કર્યું હતું. ભારતીય ચૂંટણી પંચના આંકડા મુજબ, સાંજે છ વાગ્યા સુધીમાં મતદાન પૂરું થયું ત્યારે રાજ્યમાં ૮૫.૦૫ ટકા મતદાન થયું હતું.

રાજ્યમાં આ અગાઉ સૌથી વધુ મતદાન ૭૮.૨૯ ટકા થયું હતું જે ૨૦૧૧ની ચૂંટણીમાં થયું હતું. આ ચૂંટણીમાં એઆઈએડીએમકેનો વિજય થયો હતો. રસપ્રદ વાત એ છે કે સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝન (સર) મારફતે મતદારોની સંખ્યા ઓક્ટોબર ૨૦૨૫માં નોંધાયેલા ૬.૪૧ કરોડ મતદારોથી ઘટીને હાલના ૫.૭૩ કરોડ થઈ ગયા છે. પરિણામે ૨૦૧૧ની ચૂંટણીમાં લગભગ ૬.૨૯ કરોડ લોકોએ નોંધણી કરાવી હતી, જે આ વર્ષ કરતાં ૫૬ લાખ મતદારો વધુ છે.

ગુરુવારે સેલમ જિલ્લો ૮૮.૦૨ ટકા મતદાન સાથે ટોચ પર રહ્યો હતો. ચેન્નઈમાં ૮૧.૩૪ ટકા મતદાન નોંધાયું હતું, જ્યારે મદુરાઈમાં

(જુઓ પાનું ૨) ▶▶



તમિળનાડુ વિધાનસભાની ચૂંટણી માટે ગુરુવારે યોજાયેલા મતદાન દરમિયાન કોઈમ્બતુરમાં ગુરુવારે મતદાન મથકે પરંપરાગત વેશભૂષામાં સજ્જ 'ટીના' રૉબૉટે મતદારોનું સ્વાગત કર્યું હતું. (એજન્સી)

## ટ્રમ્પનું ઠેકાણે નથીઃ ભારતને નરક કહ્યા પછી મહાન દેશ ગણાવ્યો

વોશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે જન્મથી મળનારી નાગરિકતા (બર્થરાઈટ સિટિઝનશિપ)ને લઈને એક વિવાદિત વીડિયો શેર કર્યો જેના કારણે એક નવી ચર્ચા શરૂ થઈ ગઈ છે. આ પોસ્ટમાં અમેરિકામાં પ્રવાસીઓ અને જન્મથી મળનારી નાગરિકતાનો સખત વિરોધ કરવામાં આવ્યો છે. આ પોસ્ટ એક જમણેરી લેખક અને રેડિયો હોસ્ટ જમણેરી વિવેચક, લેખક અને રેડિયો હોસ્ટ માઈકલ સેવેજ તરફથી કરવામાં આવેલી પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે કેટલાક લોકો ગર્ભાવસ્થાના અંતિમ સમયમાં અમેરિકા આવે છે જેથી તેમના બાળકનો જન્મ ત્યાં થાય અને તેઓ તરત જ નાગરિકતા મેળવી શકે અને ચીન, ભારત અથવા પૃથ્વી પરના કોઈ અન્ય 'નરક'માંથી તેમના આખા પરિવારને અહીં લાવે છે.'ટ્રમ્પે પોતાના સોશ્યલ મીડિયા પ્લેટફૉર્મ 'ટ્રુથ સોશિયલ' પર પોસ્ટ કરેલા એક વિવાદાસ્પદ પત્રમાં ભારત, ચીન અને અન્ય દેશોને 'નરક' તરીકે

(જુઓ પાનું ૨) ▶▶

## હોર્મુઝમાં ઈરાનની નૌકાઓના 'શૂટ ઍન્ડ કિલ'નું ટ્રમ્પનું ફરમાન

### ઈરાનની સમુદ્રમાં રહેલા ઈન્ટરનેટ કેબલ કાપી નાખવાની ધમકી

દુબઇઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે અમેરિકાના લશ્કરને હોર્મુઝ સામુદ્રધુનીમાં અડચણ ઊભી કરતી ઇરાનના લશ્કરની નાની નૌકાઓ પર 'ગોળીબાર કરીને તેને ઉડાવી દેવાનો' (શૂટ ઍન્ડ કિલ) આદેશ આપ્યો હતો. સાથે કહ્યું હતું કે, હોર્મુઝ ખાડીમાંથી સુરંગ હટાવવાનું કામ લશ્કર કરી રહ્યું છે અને અત્યારે તેના પર સંપૂર્ણ અંકુશ અમેરિકાનો છે. આમ છતાં નાકાબંધી જ્યાં સુધી ઇરાન સુધી સમજૂતી નહીં થાય ત્યાં સુધી ચાલુ જ રહેશે. બીજી બાજુ અમેરિકાએ ઈરાનના તેલની દાણચોરી કરતું બીજું જહાજ જપ્ત કર્યું હતું. ટેન્કર મેજેસ્ટિક

(જુઓ પાનું ૨) ▶▶

## યુદ્ધની વચ્ચે અમેરિકી નૅવીના વડાએ રાજીનામું આપ્યું કે પાણીચું અપાયું?

વૉશિંગ્ટનઃ અમેરિકાના નૌકાદળના વડા જૉન ફેલન હોદ્દો છોડી રહ્યા હોવાની જાહેરાત પેન્ટાગોને બુધવારે અચાનક કરી હતી. ઇરાન સાથેનું યુદ્ધ ચાલુ છે, તેવા સંજોગોમાં તેઓ શું કામ રાજીનામું આપી રહ્યા છે કે તેમને બરતરફ કરાયા છે? એ અંગે કોઇ સ્પષ્ટતા નહોતી કરાઇ.

ડોનલ્ડ ટ્રમ્પની અમેરિકાના પ્રમુખ તરીકેની બીજી મુદત દરમિયાન લશ્કરનો ઉચ્ચ હોદ્દો છોડનારા કે બરતરફ થનારા, તેઓ નૌકાદળના સૌપ્રથમ વડા છે.

જૉન ફેલન અચાનક નૌકાદળના વડા તરીકેનો હોદ્દો શું કામ છોડી રહ્યા છે? તે અંગે શંકા ઊભી થઇ છે, કારણ કે હાલમાં ઇરાન સાથેનું યુદ્ધ ચાલુ છે અને અમેરિકાના નૌકાદળ દ્વારા ઇરાન ખાતેથી

(જુઓ પાનું ૨) ▶▶

## પેટ્રોલ અને ડીઝલના ભાવ નહીં વધેઃ સરકાર

નવી દિલ્હીઃ સરકારે અમુક રાજ્યોની વિધાનસભાઓની ચૂંટણી બાદ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં લિટર-દીઠ રૂપિયા પચીસથી અઠ્યાવીસ સુધીનો ભાવવધારો કરવાની કોઇ દરખાસ્ત હોવાના અહેવાલને નકારી કાઢ્યો હતો.

પેટ્રોલિયમ અને કુદરતી વાયુ મંત્રાલયે સોશ્યલ મીડિયા 'એક્સ' પર લખ્યું હતું કે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરવાની યોજના હોવાના અહેવાલ અંગે અમે સ્પષ્ટતા કરવા માગીએ છીએ કે આવી કોઇ પણ દરખાસ્ત હાલમાં સરકારના વિચારણા હેઠળ નથી.

પશ્ચિમ બંગાળ સહિત અમુક રાજ્યોની વિધાનસભાઓની ચૂંટણી

(જુઓ પાનું ૨) ▶▶

## ઝાલમુરી મેં ખાધી, ઝાળ ટીએમસીને લાગીઃ મોદી

મથુરાપુર (પશ્ચિમ બંગાળ): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે કહ્યું કે ચોથી મેના રોજ, જ્યારે મત ગણતરી થશે, ત્યારે પશ્ચિમ બંગાળમાં ટીએમસીની ૧૫ વર્ષ જૂની સિન્ડિકેટ સિસ્ટમ અને મહા જંગલ રાજનો અંત થશે.

મથુરાપુર વિધાનસભા મતવિસ્તાર હેઠળ દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના કાકદ્વીપ સ્ટેડિયમ ખાતે એક સભાને સંબોધતા, તેમણે દાવો કર્યો હતો કે રાજ્યમાં મોટા પાયે મતદાન દર્શાવે છે કે ટીએમસીનું ડર શાસન ભાજપ દ્વારા વચન આપેલા ભરોસા દ્વારા ચોક્કસપણે હાર પામી રહ્યું છે. મોદીએ ટીએમસી પર કટાક્ષ કરતા કહ્યું હતું કે, ઝાલમુરી મેં ખાધી પણ ઝાળ ટીએમસીને લાગી.

બંગાળમાં એક પણ ક્ષેત્ર એવું નથી જ્યાં લાંચ વગર કામ થતું હોય, જ્યાં ટીએમસી સિન્ડિકેટ અને તેમના વચેટિયાઓ કટ મની લેતા નથી. ૧૫ વર્ષ જૂની સિન્ડિકેટ સિસ્ટમ અને ટીએમસીનું 'મહા જંગલ રાજ'

(જુઓ પાનું ૨) ▶▶

## જર્મની સાથે ૭૫,૨૭૨ કરોડનો સબમરીન સોદો ટૂંકમાં કરાશે

બર્લિનઃ સંરક્ષણ ક્ષેત્રે ભારત એક મોટી હરણફાળ ભરવા જઈ રહ્યું છે અને જર્મનીના પ્રવાસે ગયેલા સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહના જણાવ્યા પ્રમાણે ભારત અને જર્મની વચ્ચે ૭૫,૨૭૨ કરોડ રૂપિયાના ખર્ચે છ સાઇલન્ટ સબમરીન ખરીદવાના સોદો ટૂંક સમયમાં જ થશે. આગામી ૯૦ દિવસમાં આ અંગે એક ફાઈનલ નિર્ણય લેવાઈ શકે છે.જર્મનીના સંરક્ષણ પ્રધાન બોરિસ પિસ્ટોરિયસે રાજનાથ સિંહ સાથે મુલાકાત કરી હતી. બન્ને નેતાઓ વચ્ચે અનેક વિષયોને લઈને વાતચીત થઈ હતી, એમાંથી આ વાત સામે આવી રહી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ભારતમાં છ એડવાન્સ સબમરીન તૈયાર કરવામાં આવશે. ભારત સરકાર હાલમાં આ એગ્રીમેન્ટને અંતિમ રૂપ આપવા માટે પ્રયાસ કરી રહી છે. જર્મનીની કિલ સિટીમાં રાજનાથસિંહ અને બોરિસ પિસ્ટોરિયસ વચ્ચે મુલાકાત થઈ હતી, જેમાં એવો ભરોસો વ્યક્ત કરવામાં આવ્યો હતો કે, આગામી ત્રણ મહિનામાં આ ડીલ પર હસ્તાક્ષર થઈ જશે. ■

## ઈરાન યુદ્ધને કારણે સુદાનમાં દવાઓની ભારે અછત

કૂઝ નફીસા (સુદાન) : સુદાનની રાજધાનીની નજીકના ગામમાં ઈરાનમાં યુદ્ધ થયા પછી, દવાઓની ભારે અછત સર્જાઈ છે, કિંમતોમાં વધારો થયો છે અને આ વિસ્તારની ઘણી ફાર્મસીઓનો સ્ટોક ખતમ થઈ ગયો છે.

મધ્ય -પૂર્વમાં તાજેતરના યુદ્ધની દૂરગામી અસરો છે, જેમાં પોતાના સંઘર્ષોથી પીડાતા દેશોનો પણ સમાવેશ થાય છે.

સુદાનમાં ત્રણ વર્ષના યુદ્ધ પછી, ખાર્તુમ રાજ્યના કૂઝ નફીસા ગામમાં એક જાહેર આરોગ્ય ક્લિનિક હજારો લોકોને મદદ કરવા માટે સંઘર્ષ કરી રહ્યું છે.

તેમણે કહ્યું હતું કે તેઓ ગ્લુકોમા માટે તેમની દવા અલગથી આપી રહ્યા છે, અહીં યુદ્ધને કારણે પૈસા પહેલેથી જ એક સમસ્યા હતી અને હવે ચિંતા એ છે કે જ્યારે તેઓ વધુ દવા મેળવી શકશે નહીં અથવા તે પરવડી શકશે નહીં ત્યારે શું?

તેમણે કહ્યું હતું કે, હવે આપણી સામે મધ્ય પૂર્વમાં યુદ્ધની સમસ્યા છે. તેનાથી પરિસ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ છે.

સહાય જૂથો કહે છે કે ઈરાન યુદ્ધે મહત્વપૂર્ણ શિપિંગ માર્ગો કાપી નાખ્યા છે, જેના કારણે વિશ્વભરના લાખો જરૂરિયાતમંદ લોકોને ખોરાક અને દવા પહોંચાડવાની તેમની ક્ષમતામાં ઘટાડો થયો છે.

ઉચ્ચ ઇંધણ અને વીમા દર સાથે પરિવહન ખર્ચમાં વધારો થયો છે, જેના કારણે પુરવઠો પહોંચાડવાની ક્ષમતા પર વધુ દબાણ આવ્યું છે.

સંયુક્ત રાષ્ટ્રનું કહેવું છે કે માલ ફરીથી મોકલવામાં આવતા વિલંબ સાથે શિપમેન્ટ પર ૨૦ ટકા સુધીનો ખર્ચ વધારો થયો છે.

આંતરરાષ્ટ્રીય બચાવ સમિતિ, જે ક્લિનિક જ્યાં લોકોને કેટલીક દવાઓ મળે છે તેને ટેકો આપે છે, સુદાન માટે બનાવાયેલ લગભગ ૧,૩૦,૦૦૦ ડોલર મૂલ્યની દવાઓ અઠવાડિયાથી દુબઇમાં ફસાયેલી હતી અને હવે તે ત્યાં પહોંચી રહી છે.

સમિતિ જણાવ્યું હતું કે એન્ટિબાયોટિક્સ, પેઇનકિલર્સ અને સ્ટેથોસ્કોપ જેવી દવાઓ અને પુરવઠો જે સંયુક્ત આરબ અમીરાતથી પોર્ટ સુદાન સુધી પહોંચાડવાના હતા, તેને રોડ માર્ગે પડોશી ઓમાન પહોંચાડવામાં આવ્યા હતા અને પછી હવાઇ માર્ગે મોકલવામાં આવ્યા હતા.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે આ અઠવાડિયે ઇરાન સાથેના નાજુક યુદ્ધવિરામને લંબાવ્યો હતો, પરંતુ સહાય જૂથોને ચિંતા છે કે તેમાં થોડો ફેરફાર થશે.

સિસ્ટમમાં હજુ પણ વાસ્તવિક વિલંબ છે. શિપમેન્ટ અવરોધિત અથવા વિલંબિત રહે છે, અને તે ખૂબ જ ચિંતાજનક છે, તેવું સમિતિ માટે વૈશ્વિક જાહેર બાબતો અને સંદેશાવ્યવહારના સહયોગી નિર્દેશક મદીહા રઝાએ જણાવ્યું હતું.

સુદાનને વિશ્વના સૌથી ખરાબ માનવતાવાદી સંકટનો સામનો કરી રહ્યું છે તેવું વ્યાપકપણે વર્ણવવામાં આવ્યું છે, અને રઝાએ કહ્યું હતું કે ખોરાક, દવા અને બળતણ પહોંચાડવામાં કોઈપણ વિલંબના વિનાશક પરિણામો આવશે.

ક્યુઝ નફીસામાં સમિતિ દ્વારા સમર્થન આપવામાં આવતા જાહેર આરોગ્ય ક્લિનિક પર આધાર રાખતા આશરે ૫૦૦૦ લોકો માટે, કેટલાકને હવે અન્ય ક્લિનિકમાં શોધ કરવી પડશે અને પોતાના પૈસા ખર્ચવા પડશે, જે ઘણીવાર તેમની પાસે નથી હોતા.

## અમિત જોગીની જનમટીપની સજા સાથે સુપ્રીમ કોર્ટનો સ્ટે

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે ગુરુવારે ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અજિત જોગીના પુત્ર અમિત જોગીને મોટી રાહત આપતા તેને મળેલી સજા પર રોક લગાવી દીધી છે. છત્તીસગઢ હાઈ કોર્ટે અમિત જોગીને એનસીપી નેતા રામઅવતાર જગ્ગીની ૨૦૦૩માં થયેલી હત્યાના કેસમાં આજીવન કેદની સજા ફટકારી હતી, જેના પર હવે સુપ્રીમ કોર્ટે સ્ટે આપ્યો છે.

હાકોર્ટે તાજેતરમાં જ જોગીને આ કેસમાં દોષિત ઠેરવ્યા હતા અને તેમને જેલ અધિકારીઓ સમક્ષ આત્મસમર્પણ કરવાનો નિર્દેશ આપ્યો હતો. નોંધનીય છે કે ૩૧ મે, ૨૦૦૭ના રોજ એક ટ્રાયલ કોર્ટે ઠરાવ્યું હતું કે ફરિયાદ પક્ષે ૨૮ આરોપીઓ સામેના આરોપો સફળતાપૂર્વક સાબિત કર્યા છે. જોકે, કોર્ટે જનતા કોંગ્રેસ છત્તીસગઢ (જે)ના અધ્યક્ષ અમિત જોગીને તેમના પર લગાવવામાં આવેલા આરોપોમાંથી મુક્ત કર્યા હતા.

જસ્ટિસ વિક્રમ નાથ, સંદીપ મહેતા અને વિજય બિશ્નોઈની બેન્ચે અમિત જોગીની સ્પેશિયલ લીવ પિટિશનની સુનાવણી કરતી વખતે આ આદેશ આપ્યો હતો. જોગીએ છત્તીસગઢ હાઈ કોર્ટના નિર્ણયને પડકાર્યો હતો, જેમાં તેમને દોષિત ઠેરવવામાં આવ્યા હતા અને તેમને આત્મસમર્પણ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો, જેમાં ટ્રાયલ કોર્ટના નિર્દોષ છોડવાના ચુકાદાને પડકારવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે કેસની આગામી સુનાવણી સુધી જોગીની સજા પર રોક રહેશે.

અગાઉ ૨૦૦૭માં ટ્રાયલ કોર્ટે પુરાવાના અભાવે તેમને નિર્દોષ છોડી દીધા હતા, જ્યારે ૨૮ અન્ય આરોપીઓને દોષિત ઠેરવવામાં આવ્યા હતા અને તેમને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. પીડિતાના પરિવાર તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ સિદ્ધાર્થ લૂથરા અને ગોપાલ શંકરનારાયણે આ દલીલનો વિરોધ કર્યો હતો. હાઈ કોર્ટના ચુકાદા પર રોક લગાવતા સુપ્રીમ કોર્ટે જોગીની અરજી પર સીબીઆઈને નોટિસ પણ જાહેર કરી હતી. જોગીએ હાઈકોર્ટના ચુકાદા સામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. સીબીઆઈ દ્વારા કરવામાં આવેલી અપીલ પર સુપ્રીમ કોર્ટના નિર્દેશો બાદ હાઈ કોર્ટે ગયા મહિને ૨૦૦૩ના હત્યા કેસમાં કાર્યવાહી ફરી શરૂ કરી હતી.

## બર્લિનમાં ઈરાનના નિર્વાસિત રાજકુમાર રેઝા પહલવી પર હુમલો

બર્લિનઃ બર્લિનમાં ઇરાનના નિર્વાસિત રાજકુમાર રેઝા પહલવી પર હુમલો થયો હતો. એક ઇમારતમાંથી બહાર નીકળતી વખતે તેમના પર લાલ રંગનો પ્રવાહી પદાર્થ ફેંકવામાં આવ્યો હતો.આ બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર ઘટના સમયે પહલવી એક પ્રેસ બ્રીફિંગમાંથી બહાર નીકળ્યા હતા. જેમાં તેમણે અમેરિકા અને ઇરાન વચ્ચેના યુદ્ધવિરામની ટીકા કરી હતી. આ ઘટના જર્મનીના ફેડરલ પ્રેસ કોન્ફરન્સ બિલ્ડિંગની બહાર બની હતી.

પોલીસે જણાવ્યું કે રાજકુમારના બ્લેઝરની પાછળ અને તેની ગરદન પર લાલ પ્રવાહી પદાર્થ જોવા મળ્યો હતો, પરંતુ તેને કોઇ ઇજા થઇ ન હતી. આ પ્રવાહી ટમેટાંનો રસ હોવાનું પોલીસ અનુમાન લગાવી રહી છે. આ ઘટનાના કથિત ગુનેગારને પોલીસે તાત્કાલિક અટકાયતમાં લીધો હતો. જો કે આરોપીનું નામ જર્મન પ્રાયવસી રુલ્સ હેઠળ જાહેર કરવામાં આવ્યું નથી.અત્રે ઉલ્લેખનીય છે કે ૬૫ વર્ષીય પહલવી ઇરાનના ભૂતપૂર્વ શાહના પુત્ર છે. શાહને લોકો એટલી બધી નફરત કરતા હતા કે વર્ષ ૧૯૭૯માં લાખો લોકો તેના વિરોધમાં રસ્તા પર ઊતરી આવ્યા હતા અને રાજગાદી છોડવા માટે મજબૂર કર્યા હતા. તેમ છતાં પહલવી પોતાને દેશના ભવિષ્યમાં મુખ્ય ભૂમિકા ભજવનાર વ્યક્તિ તરીકે રજૂ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારત નરકનો ખાડો, ટ્રમ્પની નીચ માનસિકતા ફરી છતી થઈ

**અમેરિકાના** પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ ભલે ભારતને અમેરિકાનું સાથી ગણાવતા હોય ને આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પોતાના મિત્ર ગણાવતા હોય પણ ભારતીયો માટેની તેમની નફરત તેમના નિર્ણયોથી માંડીને નિવેદનો સુધી ઘણે ઠેકાણે વારંવાર છતી થઈ જાય છે. ટ્રમ્પે આ નફરતને ફરી એક વાર છતી કરતાં અમેરિકાના જાણીતા વિશ્લેષક માઈકલ સેવેજના ભારત, ચીન સહિતના એશિયાના દેશોને હેલહોલ એટલે કે નરકનો ખાડો ગણાવતા નિવેદનને સોશ્યલ મીડિયા પર રિપોસ્ટ કર્યું છે. સેવેજે એક રેડિયો ટોક શૉમાં ભારત, ચીન સહિતના દેશો સામે બેફામ લવારા કરેલા. ટ્રમ્પે આ રેડિયો શોની આખી ટ્રાન્સ્ક્રીપ્ટ જ પોતાના સોશ્યલ મીડિયા એકાઉન્ટસ પર મૂકી દીધી છે. કોઈ પણ વ્યક્તિ કોઈની વાતને રીપોસ્ટ કરે તેનો મતલબ એ છે કે, એ વ્યક્તિની વાતને ટેકો આપે છે. ટ્રમ્પે સેવેજની આખી ટ્રાન્સ્ક્રીપ્ટ મૂકીને તેને ટેકો આપ્યો તેનો અર્થ એ થાય કે, ટ્રમ્પ પણ સેવેજ જેવા નમૂનાઓની જેમ ભારતને નરકનો ખાડો જ માને છે.

અમેરિકામાં જન્મતાં બાળકોને અમેરિકાની નાગરિકતા આપવાના કાયદાનો વિરોધ કરતાં સેવેજે ‘બર્થ ટુરિઝમ’ શબ્દો વાપરતાં કહેલું કે, ભારત, ચીન અને બીજા તેમના જેવા નરકના ખાડા જેવા દેશોમાંથી સ્ત્રી ગર્ભાવાસ્થાના છેલ્લા તબક્કામાં હોય ત્યારે અમેરિકામાં ઘૂસી જાય છે અને પોતાના સંતાનને અમેરિકામાં જન્મ આપે છે તેથી બાળકને આપોઆપ અમેરિકાની નાગરિકતા મળી જાય છે. એ પછી ભારત અને ચીન સહિતના દેશોમાંથી પરિવારના સભ્યોને અમેરિકા લાવે છે અને અમેરિકામાં જામી જઈને અમેરિકનોના અધિકારોને છિનવી લે છે એ જોતાં આ બર્થરાઈટ સિટીઝનશિપના કાયદાને રદ કરી દેવાની જરૂર છે. અમેરિકાનું બંધારણ બન્યું ત્યારે વિમાનો નહોતાં તેથી બંધારણના ઘડવૈયાઓને આ રીતે વિમાનનો ઉપયોગ કરીને બર્થરાઈટ સિટીઝનશિપના કાયદાનો દુરુપયોગ કરાશે એવી કલ્પના નહીં હોય પણ આપણે નજર સામે આ બધું જોઈ રહ્યા છીએ એ જોતાં બંધારણ સુધારવું જ જોઈએ. સેવેજે એવું સૂચન પણ કર્યું કે, આપણે બર્થરાઈટ સિટીઝનશિપનો મુદ્દો અદાલતો પર છોડ્યો છે પણ તેના બદલે અમેરિકાનાં લોકોનો અભિપ્રાય લેવો જોઈએ.

સેવેજે આ વાત ગેરકાયદેસર રીતે ઘૂસણખોરી કરતાં લોકોના સંદર્ભમાં કરી હોત તો સમજ્યા પણ તેમણે અમેરિકામાં કાયદેસરના વિઝા લઈને આવતા અને અમેરિકામાં ઈન્ફર્મેશન ટેક્નોલોજી સહિતનાં ક્ષેત્રોમાં કામ કરતાં લોકો માટે કહી ને તેમને લેપટોપવાળા ગુંડા કહ્યા છે. સેવેજે કહેલું કે, મારા મતે તો ભારત, ચીન સહિતના નરક જેવા દેશોમાંથી આવતાં આ લોકો લેપટોપવાળા ગેંગસ્ટર જ છે અને તેમણે અમેરિકામાં ગુનાખોરી આચરનારા માફિયા પરિવારોથી પણ વધારે નુકસાન પહોંચાડ્યું છે. આ લોકોએ આપણને પૂરપૂરા લૂંટી લીધા છે, આપણે સેકન્ડ ક્લાસ સિટીઝન હોઈએ એવો વ્યવહાર આપણી સાથે કર્યો છે, આપણા રાષ્ટ્રધ્વજને પગ તળે કચડ્યો છે અને અમેરિકાને ભ્રષ્ટ કરી નાખ્યું છે.

સેવેજે બીજા પણ બહુ બધા આઘાતજનક લવારા કર્યા છે પણ આઘાકજનક વાત સેવેજના લવારાને ટ્રમ્પનું સમર્થન છે. કોઈ પણ દેશમાં અત્યંત આત્યંતિક વિચારો ધરાવતા લોકો હોય જ છે. એ લોકો કોઈ પણ તર્ક વિના જીભે જે પણ ચડે એ ઓકીને માહોલ બગાડવા મથતા જ હોય છે. ભારતમાં પણ હિંદુઓ સામે ઝેર ઓકનારા મુસ્લિમ નમૂના છે ને મુસ્લિમોને તગેડી મૂકવાની વાતો કરનારા હિંદુવાદી મૂરખો છે જ. એ બધા પોતપોતાની દુકાનો ચલાવવા માટે ઝેર ઓક્યા કરે છે પણ ભારતના વડા પ્રધાન કે રાષ્ટ્રપતિ તેમની ઝેરીલી વિચારધારાને પોષતા નથી. અહીં તો ટ્રમ્પ ખુલ્લેઆમ ભારતને નર્ક ગણાવતી વિચારધારાને પોષી જ નથી રહ્યા પણ તેનો પ્રચાર પણ કરી રહ્યા છે. એક રાષ્ટ્રના વડા આવી સાવ નીચ માનસિકતાને પોષે એ જોઈને આઘાત લાગે છે.

જો કે ટ્રમ્પ માટે આ નવી વાત નથી. ટ્રમ્પ ભૂતકાળમાં પણ અનેક વાર ભારતીયો સામે નફરત બતાવી જ ચૂક્યા છે. ટ્રમ્પ બીજી વાર પ્રમુખ બનવા માટે મેદાનમાં ઉતર્યા ત્યારે જ પ્રચારની શરૂઆત એકદમ ભારતવિરોધી બેટિંગથી કરેલી. અમેરિકાની કંપનીઓ ઈન્ફર્મેશન ટેક્નોલોજી ક્ષેત્રે ભારતમાં મોટા પ્રમાણમાં આઉટસોર્સિંગ કરે છે. ટ્રમ્પે ભારતીયોના ઉચ્ચારના ચાળા પાડીને એવું નિવેદન કરેલું કે, અમેરિકામાંથી આઉટસોર્સિંગ બંધ કરી દેવું જોઈએ કેમ કે ભારતની આઈટી કંપનીઓ આઉટસોર્સિંગના બહાને અમેરિકનોનો હક છિનવે છે ને કરોડો રૂપિયા ઉસેટી જાય છે. પોતે પ્રમુખ બનશે તો આ બધા તાયફા બંધ કરાવી દેશે.

ટ્રમ્પે ભારતીય વિદ્યાર્થીઓને લપેટમાં લેતાં ડાયલોગ ફટકારેલો કે અમેરિકામાંથી ભારતીય વિદ્યાર્થીઓને લાત મારીને તગેડી મૂકવા જોઈએ કેમ કે ભારતીયો અમેરિકનોની નોકરીઓ છિનવી જાય છે. ટ્રમ્પે એવું પણ કહેલું કે, અમેરિકાને ફરી મહાન બનાવવું હોય તો ભારતીયો સહિતનાં લોકોને દૂર રાખવા જોઈએ. ટ્રમ્પે નિવેદન ઠોક્યું હતું કે, પોતે ફરી પ્રમુખ બનશે તો અમેરિકામાં ગેરકાયદેસર રહેતા તમામ લોકોને પોતપોતાના દેશમાં પાર્સલ કરી દેવાશે. ટ્રમ્પે પ્રમુખ બન્યા પછી આ માનસિકતાનું પ્રદર્શન કરીને હજારો ભારતીયોને ડીપોર્ટ કર્યા છે, આઈટી કંપનીઓ માટેના એચવન બી વિઝા સહિતના મુદ્દે ભારતને ફટકો પડે એવા નિર્ણયો લીધા છે, ભારતની નિકાસને ફટકો મારવા ટૅરિફ લાદ્યા છે, ભારત રશિયા પાસેથી સસ્તા ભાવે ક્રૂડ લેતું હતું એ પણ બંધ કરાવ્યું છે. આ તો થોડાક નિર્ણયોની વાત કરી પણ ટ્રમ્પના બીજા ઘણા એવા નિર્ણયો છે કે, જેમાં તેમની ભારતવિરોધી માનસિકતા છતી થાય છે.

હવે ભારતને નરકનો ખાડો ગણાવીને ટ્રમ્પે હદ જ કરી નાખી છે ત્યારે ભારતે આકરા થવાની જરૂર છે. ભારતે ટ્રમ્પને સવાલ કરવો જોઈએ કે, ભારત નરક જ હોય તો લૂમ લેવા માટે ભારત સાથે વેપાર કરવા કેમ ઊંચાનીચા થયા કરો છો? અમેરિકાની કંપનીઓનો માલ ભારતમાં પધરાવવા કેમ ભારતની આગળપાછળ ફરો છો? ભારત નરક જ હોય તો જખ મારવા અમેરિકાની કંપનીઓ ભારતીયોને લાલ જાજમ પાથરીને નોતરે છે?

ટ્રમ્પની હરકત તેમની નીચ માનસિકતાનો વધુ એક પુરાવો છે પણ ટ્રમ્પનો અભિપ્રાય આખા અમેરિકાનો અભિપ્રાય નથી તેથી ભારતે અમેરિકનો માટે ખાર રાખવાની જરૂર નથી. ટ્રમ્પના પ્રમુખપદને સવા બે વર્ષ થઈ ગયાં ને હવે પોણા બે વર્ષ બાકી છે. આ પોણા બે વર્ષમાં ટ્રમ્પ ભારત સામે જે ઝેર ઓકવું હોય એ ઓકી લે પણ ભારત સામે કશું કરવાની તેની તાકાત નથી આ વિતેલાં સવા બે વર્ષમાં સાબિત થયેલું જ છે. આ સંજોગોમાં ટ્રમ્પ કે તેના પાલતુ એવા સેવેજના અભિપ્રાયની બહુ કિંમત નથી પણ ભારતે એટલે આકરા થવું પડે કે, ભવિષ્યમાં ટ્રમ્પના રસ્તે ચાલીને ભારતને ગાળ આપતાં પહેલાં અમેરિકાના શાસકો સો વાર વિચાર કરે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌરગ્રીષ્મઋતુ, શુક્રવાર, તા. ૨૪–૪–૨૦૨૬, દુર્ગાષ્ટમી

- ભારતીય દિનાંક ૪, માહે વૈશાખ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, વૈશાખ સુદ –૮
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે વૈશાખ, તિથિ સુદ–૮
- પારસી શહેનશાહી રોજ ૧૩મો તીર, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૩મો તીર, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૬ઠ્ઠો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૮મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
- નક્ષત્ર પુષ્ય રાત્રે ક. ૨૦–૧૩ સુધી, પછી આશ્લેષા
- ચંદ્ર કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૩, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૨, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટદ્ર

- ભરતી : સાંજે ક. ૧૮–૦૭
- ઓટઃ સવારે ક. ૧૧–૧૩, મધ્યરાત્રિ પછી ક. ૦૧–૦૫ (તા. ૨૫)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’નામ સંવત્સર, વૈશાખ શુક્લ – અષ્ટમી. દુર્ગાષ્ટમી, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૮.૦૦.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ખાત મુહૂર્ત, સર્વદેવ પ્રતિષ્ઠા, વાસ્તુકળશ, રોગમુક્તિ અને જ્ઞાન પ્રાપ્તિ માટે રુદ્રદેવતાનું પૂજન, કરવું. શુક્ર–શનિ, ગુરુ ગ્રહદેવતાનું પૂજન, પીપળાનું પૂજન, ૐ બૃહસ્પતયે નમઃના મંત્ર જાપ, પરદેશગમનનું પસ્તાનું વિદ્યારંભ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, નવા વસ્ત્રો, આભૂષણ, નવા વાસણ, ચંત્રારંભ, દસ્તાવેજ, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, પશુ લે–વેંચ, દુકાન–વેપાર, નૌકા બાંધવી, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર–નેપ્ચૂન ત્રિકોણ સંગીતપ્રિય, શુક્ર–હર્ષલ યુતિ ઉતાવળિયા લગ્ન થાય, ચંદ્ર–સૂર્ય ચતુષ્કોણ આરોગ્યની કાળજી લેવી જરૂરી રહે. ચંદ્ર–શનિ ત્રિકોણ, માતા પિતા તરફથી લાભ થાય, ચંદ્ર–મંગળ ત્રિકોણ વારસાથી લાભ થાય. ચંદ્ર–બુધ ત્રિકોણ ભાષાઓના જાણકાર.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–નેપ્ચૂન ત્રિકોણ, શુક્ર–હર્ષલ યુતિ, ચંદ્ર–સૂર્ય ચતુષ્કોણ, ચંદ્ર–શનિ ત્રિકોણ, ચંદ્ર–મંગળ ત્રિકોણ, ચંદ્ર–બુધ ત્રિકોણ (તા. ૨૫). શુક્ર કૃત્તિકાના તારા સાથે યુતિ કરે છે. મંગળ રેવતી નક્ષત્ર પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય–મેષ, મંગળ–મીન (મંગળ દેખાશે) માર્ગી બુધ–મીન (બુધ દેખાશે), માર્ગી ગુરુ–મિથુન, શુક્ર–વૃષભ (શુક્ર પશ્ચિમમાં દેખાશે), માર્ગી શનિ–મીન (શનિ દેખાશે), રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

# ભારતને મનાવવું મુશ્કેલઃ અમેરિકી વેપારી પ્રતિનિધિ

વૉશિંગ્ટનઃ એક ભારતીય પ્રતિનિધિમંડળ વેપાર કરાર પર વાટાઘાટો કરવા માટે અમેરિકાના ત્રણ દિવસના પ્રવાસે છે. ત્રણ દિવસની વાટાઘાટો બુધવારે પૂર્ણ થઈ હતી. દરમિયાન, અમેરિકાના વેપાર પ્રતિનિધિ જેમિસન ગ્રીરે કહ્યું કે ભારત એક ‘મુશ્કેલ પડકાર’ છે. ભારતને મનાવવું ખૂબ જ મુશ્કેલ છે. વાસ્તવમાં અમેરિકા અને ભારત વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવા માટે વાટાઘાટો કરી રહ્યા છે.બંને દેશો ઘણા મુદ્દાઓ પર કરાર પર સહમત થયા છે. જો કે, અમેરિકાની કોર્ટે જ્યારે ટ્રમ્પના ટૅરિફને ગેરકાયદે જાહેર કર્યા પછી બંને દેશો વચ્ચે થયેલી સહમતિ પર ફરીથી વિચાર કરવામાં આવી રહ્યો છે. આ જ કારણ છે કે ભારત હવે આ વેપાર કરારને પોતાની શરતો પર અંતિમ સ્વરૂપ આપવા માગે છે.

વાણિજ્ય વિભાગમાં એડિશનલ સેક્રેટરી દર્પણ જૈનના નેતૃત્વમાં ૧૨ સભ્યોના પ્રતિનિધિમંડળે દક્ષિણ અને મધ્ય એશિયા માટે સહાયક યુએસટીઆર બ્રૅન્ડન લિંચના નેતૃત્વ હેઠળની અમેરિકાની ટીમ સાથે વેપાર કરારના પર વાટાઘાટો કરી હતી.

ગ્રીરે અમેરિકન કોંગ્રેસની ‘વેજ એન્ડ મીન્સ’ સમિતિને કહ્યું હતું કે ભારત અઘરો પડકાર છે. તેઓએ ઘણા લાંબા સમયથી તેમના કૃષિ બજારોનું રક્ષણ કર્યું છે. આ કરારના હિસ્સાના રૂપમાં તેઓ તેમાંથી ઘણી બધી બાબતોનું રક્ષણ કરવા માંગે છે. જોકે, એવી બાબતો છે જ્યાં મને લાગે છે કે અમે પરસ્પર સંમતિ શોધી શકીએ છીએ.

ગ્રીર સાંસદોના એ સવાલનો જવાબ આપી રહ્યા છે જે ડીડીજીની નિકાસ સાથે સંબંધિત હતા. ડીડીજીનો ઉપયોગ હાઈ પ્રોટીન ધરાવતા પશુઆહાર, સોયાબીન ભોજન અને ઇથેનોલના રૂપમાં કરવામાં આવે છે.

## ટ્રમ્પ-નરકઃ ભારત અને ચીનના બચાવમાં ઈરાન

તહેરાનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે એક પોસ્ટમાં ભારત અને ચીનને નરક તરીકે ઓળખાવ્યા બાદ ઇરાન બંને એશિયન દેશોના બચાવમાં ઊતર્યું છે. ઇરાને ભારત અને ચીનને ‘સંસ્કૃતિની જનેતા’ કહ્યા છે.હૈદરાબાદમાં ઇરાની દૂતાવાસે એક્સ પર જણાવ્યું કે ચીન અને ભારત ‘સંસ્કૃતિની જનેતા’ છે. ખરેખર નરકનો ખાડો એ છે જ્યાં યુદ્ધ–અપરાધી પ્રમુખ ઇરાની સંસ્કૃતિને નાશ કરવાની ધમકી આપે છે.

ટ્રમ્પ દ્વારા માઇકલ સેવેજ દ્વારા આયોજિત એક કન્ઝર્વેટિવ ટોક શોની ટ્રાન્સક્રિપ્ટ પોસ્ટ કર્યા બાદ ઇરાનની તાજેતરની પ્રતિક્રિયા આવી હતી. આ શોમાં સેવેજે અમેરિકાની ‘જન્મસિદ્ધ નાગરિકતા’ વિશે વાત કરી હતી. સેવેજે કહ્યું કે લોકો ગર્ભાવસ્થાના અંતના સમયમાં અમેરિકા આવે છે અને તેમના બાળકો માટે નાગરિકતા મેળવે છે. પછી તેઓ ભારત અને ચીન જેવા દેશોમાંથી તેમના પરિવારના અન્ય સભ્યોને પણ અમેરિકા બોલાવી લે છે. તેમણે આ દેશોને પૃથ્વી પર અન્ય નરક જેવી જગ્યા કહીને સંબોધિત કર્યા હતા.

# ઈરાનની હોર્મુઝમાંથી ટૉલની આવક શરૂ થઈ ગઈ

તહેરાનઃ ઇરાને હોર્મુઝ સ્ટ્રેટને કમાણીનું સાધન બનાવી લીધું છે. હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો પાસેથી ટોલ ટેક્સ વસૂલીને કરેલી તેની પ્રથમ કમાણી ઇરાનની સેન્ટ્રલ બેન્ક સુધી પહોંચી છે. ઇરાની સંસદના એક વરિષ્ઠ અધિકારીએ ગુરુવારે જણાવ્યું હતું કે સરકારને હોર્મુઝ પર લાદવામાં આવેલા ટોલમાંથી પ્રથમ આવક મળી છે. ઇરાને અમેરિકા અને ઇઝરાયલ સાથેના યુદ્ધ દરમિયાન આ વ્યૂહાત્મક જળમાર્ગ પર આ ટોલ ટેક્સ નાખ્યો છે. અગાઉ, હોર્મુઝમાંથી પસાર થવા પર કોઈ ટેક્સ લાગતો નહોતો . એક ન્યૂઝ એજન્સી અનુસાર, સંસદના ડેપ્યુટી સ્પીકર હમીદરેઝા હાજીબાબાએઈએ કહ્યું હતું કે, હોર્મુઝ સ્ટ્રેટ પર વસૂલાતા ટોલમાંથી પ્રથમ આવક સેન્ટ્રલ બેન્કના ખાતામાં જમા કરવામાં આવી છે. અન્ય ઇરાની મીડિયાએ પણ આ જ નિવેદન આપ્યું હતું, પરંતુ તેમાં કોઈ ખુલાસો કર્યો નથી. ઇરાને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો પાસેથી શિપિંગ ટોલ વસૂલવાનું શરૂ કર્યું છે અને સાથે એ સ્પષ્ટ કરી દીધું છે કે જ્યાં સુધી અમેરિકા તેની નૌકાદળની નાકાબંધી યથાવત રાખે છે ત્યાં સુધી જળમાર્ગ ફરીથી ખોલવામાં આવશે નહીં. પરિણામે આ મહત્ત્વપૂર્ણ દરિયાઈ માર્ગ સતત બંધ રહ્યો છે, જેમાં ઇરાને બે વિદેશી કાર્ગો જહાજો કબજે કર્યા છે અને ત્રીજા પર ફાયરિંગ કર્યું છે. જેના કારણે તેલના ભાવમાં વધારો થયો છે, અને કટોકટી ઉકેલવા માટેના રાજદ્વારી પ્રયાસો અટકી ગયા છે.

# ત્રણ દાયકા સુધી મહામહેનતે કેળવેલા ભારત સાથેના સંબંધ ટ્રમ્પે બગાડ્યાઃ અમેરિકાના ભૂતપૂર્વ રાજદૂત

વૉશિંગ્ટનઃ અમેરિકાના ભૂતપૂર્વ રાજદૂત રહમ એમેન્યુલે આક્ષેપ કર્યો હતો કે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને તેમની સરકારના અનેક અધિકારીઓએ ભારતમાંના ઘણાં ત્રાસવાદી હુમલામાં સંડોવાયેલા પાકિસ્તાન અને પાકિસ્તાનના લશ્કરના વડા અસીમ મુનિરની પ્રશંસા કરતા જાહેર નિવેદનો તાજેતરમાં કરીને અમેરિકા અને ભારત વચ્ચે છેલ્લા ત્રણ દાયકાથી સુધરેલા સંબંધ પર પાણી ફેરવી દીધું છે.

તેમણે જણાવ્યું હતું કે ભારતમાંના અનેક ત્રાસવાદી હુમલામાં પાકિસ્તાનનું લશ્કર સંડોવાયેલું હતું અને ટ્રમ્પ દ્વારા પાકિસ્તાન અને તેના લશ્કરના વડા અસીમ મુનિરના મોંફાટ વખાણ કરાઇ રહ્યા હોવાથી નવી દિલ્હી સાથેના વૉશિંગ્ટનના સંબંધને ભારે નુકસાન થયું છે. અમેરિકામાં ૨૦૨૮માં યોજાનારી પ્રમુખપદની ચૂંટણીના સંભવિત ઉમેદવાર એમેન્યુલે ટ્રમ્પ સરકારની વિદેશનીતિની આકરી ટીકા કરતા જણાવ્યું હતું કે અમેરિકાની ડેમોક્રેટિક અને રિપબ્લિકન પાર્ટીના ભૂતપૂર્વ પ્રમુખો છેલ્લાં ૩૦ વર્ષથી ભારત સાથેના સંબંધ સુધારવા પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ ટ્રમ્પે પાકિસ્તાન–તરફી પોતાનું વલણ જાહેર કરીને તેઓના આ પ્રયત્ન પર પાણી ફેરવી નાખ્યું છે.

અગાઉ, તેમણે જણાવ્યું હતું કે ટ્રમ્પ દંભને કારણે અને પાકિસ્તાનમાંથી પોતાના દીકરાને થનારા આર્થિક ફાયદાને ધ્યાનમાં રાખીને પાકિસ્તાનની પ્રશંસા કરી રહ્યા છે.

ભારતે ૨૦૨૫ના મેમાં પાકિસ્તાનના ત્રાસવાદીઓની સામે ‘ઑપરેશન સિંદૂર’ના નામની લશ્કરી કાર્યવાહી હાથ ધરી, તે પછી ટ્રમ્પનું પાકિસ્તાન અને પાકિસ્તાનના લશ્કરી વડા અસીમ મુનિર–તરફી વલણ વધી રહ્યું છે.

અસીમ મુનિર તાજેતરમાં જ વાઇટ હાઉસ ખાતે ટ્રમ્પને બે વખત મળ્યા હતા અને પાકિસ્તાનમાં દુર્લભ ખનિજ શોધવા તેમ જ તેને કાઢવા માટેના કરાર પર સહી પણ કરી હતી.

પહેલા પાનાનું ચાલુ

## હોર્મુઝમાં

એક્સને હિન્દી મહાસાગરમાં પકડવામાં આવ્યું હતું. ઈરાને હવે એવી ચોંકાવનારી ધમકી આપી છે કે તે હોર્મુઝમાંથી પસાર થઈ રહેલા સમુદ્રની અંદરના ઈન્ટરનેટ કેબલને નિશાન બનાવશે. જો આમ થશે તો આખી દુનિયા ઑફલાઈન થઈ જશે. ઈન્ટરનેટના આ મહત્ત્વના કોરિડોર પર હુમલો થશે તો યુએઈ, કતાર, બહેરીન, કુવૈત અને સઉદી અરેબિયા જેવા દેશોને ઈન્ટરનેટ પહોંચાડનારી આખી સિસ્ટમ ભાંગી પડશે. આને લીધે આ બધા દેશોના અર્થતંત્ર અને સંદેશવ્યવહાર સિસ્ટમ પર માઠી અસર પડશે. પાકિસ્તાન હજી એવી આશા રાખે છે કે મંત્રણાના બીજા રાઉન્ડ માટે ઈરાન તરફથી ‘સકારાત્મક પ્રતિસાદ’ મળશે.

ટ્રમ્પે સોશ્યલ મીડિયામાં પોસ્ટ મૂકીને લખ્યું હતું કે લશ્કર મહત્ત્વના જળમાર્ગ હોર્મુઝને ખુલ્લો કરવા સઘન પ્રયાસો કરી રહ્યું છે. મેં. અમેરિકાના નૌકાદળને હોર્મુઝ સામુદ્રધુનીમાં સુરંગ બિછાવતી કોઈ પણ હોડીઓ પર ગોળીબાર કરીને તેને ઉડાવી દેવાનો આદેશ આપ્યો છે. આમાં કોઈ ખચકાટ ન હોવો જોઈએ. તદુપરાંત અમારા સુરંગ સાફ કરનારાઓ સામુદ્રધુનીને મુક્ત કરી રહ્યા છે. હું આ પ્રવૃત્તિ ચાલુ રાખવાનો હુકમ આપું છું. હું આ કામ ત્રણ ગણા સ્તરે કરવાનું કહી રહ્યો છું.

દરમિયાન અમેરિકાના સંરક્ષણ ખાતાએ કહ્યું હતું કે લશ્કરે હિન્દી મહાસાગરમાં બીજું ટેન્કર જપ્ત કર્યું છે. ઈરાનને મટિરિયલ ટેકો આપતાં પ્રતિબંધિત જહાજો જ્યાં પણ ઑપરેટ કરતા હોય તેને અને ગેરકાયદે નેટવર્કને ખોરવી નાખવા દરિયાઈ બજાવણી ચાલુ રાખીશું. ઈરાને બુધવારે હોર્મુઝમાં ત્રણ જહાજ પર હુમલો કર્યો અને બેને પકડી લીધા બાદ અમેરિકાએ બીજું જહાજ પકડ્યું હતું. આ જપ્તીના ફૂટેજમાં અમેરિકન જવાનો જહાજ પર દેખાય છે. અગાઉ પણ અમેરિકાએ તેલનું ટેન્કર ટિફાનીને પકડ્યું હતું. દરમિયાન પાકિસ્તાનના ગૃહપ્રધાન મોહશિન નકવી ગુરુવારે ઈસ્લામાબાદમાં અમેરિકાના ચાર્જ ડી અફેર્સ (કાર્યકારી રાજદૂત) નાથાલી બૅન્કરને મળ્યા હતા નકવીએ એવી આશા વ્યક્ત કરી હતી કે ઈરાન પાસેથી અમે સકારાત્મક પ્રતિસાદની આશા રાખી રહ્યા છીએ. અમેરિકા અને ઈરાન વચ્ચે મંત્રણાના બીજા રાઉન્ડની સંભવિત વાતચીત અંગે ચર્ચા થઈ હતી. ઈરાને મંત્રણામાં સામેલ કરવાને સમર્થન ન આપતાં આ વાતચીત શક્ય બની નહોતી. (એજન્સી)

## ઝાલમુરી

તેમની સમાપ્તિ તારીખ, જે ચોથી મે છે, સુધી પહોંચી ગયું છે, મોદીએ કહ્યું હતું.

મમતા બેનરજી સરકારને ખોટા વચનો આપવા અને લોકોને દગો આપવા માટે જવાબદાર ઠેરવતા, એમણે રાજ્યના શાસક પક્ષ દ્વારા આપવામાં આવેલા ખોટા વચનોનો ઉલ્લેખખ કર્યો હતો.

ગંગાસાગર મેળો જ્યાં યોજાય છે તે સાગર ટાપુ સાથે મુખ્ય ભૂમિને જોડવા માટે પુલનું બાંધકામ હજુ શરૂ થયું નથી, અને લોકોને હજુ પણ ફેરી પર આધાર રાખવો પડે છે.

એ જ રીતે, પૂરને રોકવા માટે ઘાટલ માસ્ટર પ્લાન શરૂ થયો નથી, અને જિલ્લા આધારિત ફૂડ પાર્ક અને નદી કિનારાના ધોવાણને પહોંચી વળવા માટેના પ્રોજેક્ટ્સ હજુ સુધી શરૂ થયા નથી, તેવું મોદીએ કહ્યું.

વડાપ્રધાનએ આરોપ લગાવ્યો હતો કે ટીએમસી માત્ર કેન્દ્રીય પ્રોજેક્ટ્સના અમલને અટકાવતું નથી, પરંતુ તે વિકાસ પ્રોજેક્ટ્સ માટે કેન્દ્રના નાણાં પણ ગળી જાય છે.

રાજ્યમાં ભાજપનો મુખ્ય પ્રધાન હોય ત્યારે જ આ રોકી શકાય છે, એવું તેમણે ઉમેર્યું હતું.મોદીએ ટીએમસી પર ૨૦૨૯ માં લોકસભામાં વિધાનસભાઓમાં ૩૩ ટકા મહિલા અનામત લાગુ કરવાના તેમની સરકારના પ્રયાસને પાટા પરથી ઉતારવા માટે ‘‘કોંગ્રેસ સાથે સહયોગ‘‘ કરવાનો આરોપ લગાવ્યો હતો.

તેમણે દક્ષિણ બંગાળના દરિયા કિનારે આવેલા પ્રદેશના માછીમારોને ખાસ નાણાકીય સહાયની પણ જાહેરાત કરી, જેમાં ભાજપ બંગાળમાં સત્તામાં આવ્યા પછી માછલીના ઉત્પાદન અને નિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

ભાજપ દેશના સ્થાનિક સંસાધનોમાં ખાઈ રહેલા અને દેશની સુરક્ષાને જોખમમાં મૂકનારા ઘુસણખોરો માટે શૂન્ય–સહિષ્ણુતાની નીતિ અપનાવવાનો નિર્ણય લીધો છે. તેઓ આ પ્રદેશમાં દરિયાઈ માર્ગો દ્વારા પણ દેશમાં ઘૂસી રહ્યા છે અને અહીં સ્થાયી થવા માટે ટીએમસીનું સમર્થન મેળવી રહ્યા છે, તેવો વડા પ્રધાને આરોપ લગાવ્યો હતો.

## પેટ્રોલ અને ડીઝલ

બાદ સરકાર પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ભારે વધારો કરવાની હોવાનું કહેતા અહેવાલને સરકારે પાયાવિહોણો ગણાવ્યો હતો.અમુક પ્રસારમાધ્યમ અને કેટલીક નાણાકીય સંસ્થાના અહેવાલમાં દાવો કરાયો હતો કે ખનિજ તેલના ભાવ બૅરલ–દીઠ ૧૨૦ ડૉલરની નજીક પહોંચી ગયા હોવાથી દેશમાં વિધાનસભાઓની ચૂંટણી પછી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં મોટો વધારો કરાશે.

મંત્રાલયે જણાવ્યું હતું કે ભારત છેલ્લા ચાર વર્ષ દરમિયાન પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો નહિ કરનારો દુનિયાનો એકમાત્ર દેશ છે. ભારત સરકાર અને જાહેર ક્ષેત્રની તેલ માર્કેટિંગ કંપનીઓએ ભારતીય નાગરિકોને ઈંધણના ભાવવધારાથી બચાવવા અનેક પગલાં ભર્યાં છે.અમેરિકા અને ઇઝરાયલે ઇરાન પર હુમલો કર્યો તેમ જ તહેરાને હોર્મુઝ ખાડીમાંથી વેપારી જહાજોની મુક્ત અવરજવર અટકાવી તે પછી દુનિયાભરમાં ખનિજ તેલના ભાવમાં ભારે વધારો થયો છે તેમ જ તેની અછત પણ ઊભી થઇ છે. (એજન્સી)

## બંગાળમાં

શરૂ થયું હતું. આ તબક્કામાં વિધાનસભાની ૧૫૨ બેઠક માટે ૧૬૭ મહિલા સહિત ૧,૪૭૮ ઉમેદવાર ચૂંટણીમાં ઊભા હતા.

પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ અને રાજ્યના શાસક તૃણમૂલ કૉંગ્રેસની વચ્ચે સીધી સ્પર્ધા થઇ રહી છે.

રાજ્યમાં ચૂંટણીના પ્રથમ તબક્કામાં સાંજે પાંચ વાગ્યા સુધીમાં ૮૯.૯૩ ટકા મતદાન થયું હતું. દક્ષિણ દિનાજપુર જિલ્લામાં ૯૩.૧૨ ટકા મતદાન થયું હતું. મતદાન સાંજે છ વાગ્યા સુધી ચાલુ રહેશે અને તેથી અંતિમ આંકડો ૯૫ ટકાથી વધવાની શક્યતા છે.

રાજ્યમાં તાજેતરમાં યોજાયેલી મતદાર–યાદી સુધારમાંની પ્રક્રિયામાં ૯૧ લાખથી વધુ મતદારનાં નામ દૂર કરાયાં હતાં.

ઉત્તર બંગાળના ચાના બગીચાથી લઇને સંવેદનશીલ મુર્શીદાબાદ સુધીના વિસ્તારોમાં ભારે મતદાન થયું હતું.

ભાજપના બે ઉમેદવાર સહિત કુલ ત્રણ ઉમેદવાર પર હુમલાના બનાવ નોંધાયા હતા.

વીરભૂમના ખોયરાસોલમાં અમુક મતદારે આક્ષેપ કર્યો હતો કે તૃણમૂલના ઉમેદવારની તરફેણમાં મતદાન કરવા છતાં તે ભાજપના ઉમેદવાર માટે નોંધાય છે. આ ફરિયાદને પગલે મતદાન થોડો સમય અટકાવાયું હતું. અમુક મતદારો સુરક્ષા કર્મચારીઓ સાથે અથડામણમાં ઊતર્યા હતા.દક્ષિણ દિનાજપુરના કુમારગંજમાંના ભાજપના ઉમેદવાર સુવેન્દુ સરકારને ધક્કે ચઢાવાયા હતા.આસનસોલ દક્ષિણમાં ભાજપના વિધાનસભ્ય અગ્નિમિત્ર પૌલની કાર પર હુમલો કરાયો હતો.નવડામાં આમ જનતા ઉન્નયાન પાર્ટી (એજેયુપી)ના વડા હુમાયું કબીરના કાફલા પર પથ્થરમારો કરાયો હતો. તૃણમૂલ કૉંગ્રેસ અને એજેયુપીના ટેકેદારો વચ્ચે અથડામણ થઇ હતી.

વીરભૂમમાં લાભપુર અને માલ્દામાં ચંચલ ખાતે ભાજપના ચૂંટણી એજન્ટ્સ પર તૃણમૂલ કૉંગ્રેસના કહેવાતા ટેકેદારોએ હુમલો કર્યો હતો.

રાજ્ય વિધાનસભાની ૨૦૨૧માં યોજાયેલી ચૂંટણી આઠ તબક્કામાં થઇ હતી. (એજન્સી)

## યુદ્ધની વચ્ચે

આવ–જા કરતાં જહાજોની નાકાબંધી કરાઇ છે, તેવા સંજોગમાં રાજીનામું અપાયું છે.જૉન ફેલને ટ્રમ્પના પ્રમુખપદના ચૂંટણીપ્રચારમાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી અને તેમના માટે મોટા પાયે ભંડોળ ભેગું કર્યું હતું. આ ઉપરાંત, રોકાણ માટેની ખાનગી કંપની ‘રગર મેનેજમેન્ટ એલએલસી’ સ્થાપી હતી.

ટ્રમ્પના અન્ય વફાદાર હંગ કાઓ નૌકાદળના કાર્યવાહક વડાનો હોદ્દો સંભાળશે.

અગાઉ, સંરક્ષણ પ્રધાન પીટ હેગસેથે જનરલ રેન્ડી જ્યોર્જ હેગસેથ સહિત કેટલાક લશ્કરી અધિકારીઓને પાણીચું આપ્યું હતું. (એજન્સી)

## તમિળનાડુમાં

૭૭.૮૯ ટકા, કોઈમ્બતુરમાં ૮૨.૩૩ ટકા અને મધ્યમાં આવેલા તિરુચિરાપલ્લી જિલ્લામાં ૮૨.૭૬ ટકા મતદાન થયું હતું. ચેન્નઈની કોલાથુર વિધાનસભા મતવિસ્તાર પર જ્યાં ડીએમકે પ્રમુખ અને મુખ્યમંત્રી એમ કે સ્ટાલિન ચૂંટણી લડી રહ્યા છે ત્યાં સાંજે છ વાગ્યા સુધી ૮૩.૫૮ મતદાન થયું હતું.

અહીં ચેપોક–તિરુવલ્લિકેનીમાં ૮૧.૮૯ ટકા મતદાન થયું હતું. નાયબ મુખ્યમંત્રી અને સ્ટાલિનના પુત્ર ઉધયનિધિ આ શહેરના મતવિસ્તારમાંથી બીજી વખત પોતાનું નસીબ અજમાવી રહ્યા છે. સેલમની એડાપ્પાડી મતવિસ્તારમાં ૮૯.૦૯ ટકા મતદાન થયું હતું. એઆઈએડીએમકેના મહાસચિવ અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન એડાપ્પાડી કે પલાનીસ્વામી તેમના પરંપરાગત ક્ષેત્રથી ચૂંટણી લડી રહ્યા છે અને ડીએમકે દ્વારા તેમને પડકારવામાં આવી રહ્યા છે, જ્યારે અભિનેતા વિજયની પાર્ટી ટીવીકે એક અપક્ષ ઉમેદવારને ટેકો આપ્યો છે કારણ કે ચકાસણી દરમિયાન પક્ષના ઉમેદવારના ચૂંટણી પેપર્સ ટેકનિકલ કારણોસર નકારી કાઢવામાં આવ્યા હતા. તિરુચિરાપલ્લી પૂર્વમાં જ્યાં તમિલગા વેત્રી કઝગમના વડા વિજય ચૂંટણી લડી રહ્યા છે ત્યાં સાંજે ૫ વાગ્યા સુધી ૭૯.૩૨ ટકા મતદાન નોંધાયું હતું.

## ટ્રમ્પનું ઠેકાણે

ઓળખાવ્યા હતા. આ લોકો ભારત અને ચીનથી આવેલા લેપટોપવાળા ગૅન્ગસ્ટર છે એવું પણ કહેવાયું છે.

જોકે ૨૪ કલાકમાં જ ટ્રમ્પના સૂર બદલાયા હતા અને તેમણે ભારત મહાન દેશ ગણાવતા ઉમેર્યું હતું કે મારો સારો મિત્ર તેનું નેતૃત્વ કરી રહ્યો છે.

વીડિયોમાં સેવેજ દલીલ કરી રહ્યા છે કે અમેરિકામાં જન્મેલા બાળકોને તાત્કાલિક નાગરિકતા મળે છે, જેનાથી તેમના પરિવારો અમેરિકામાં આવી જાય છે. તેમાં ભારત અને ચીન જેવા દેશોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. સેવેજે પોતાની પોસ્ટમાં જણાવ્યું હતું કે આવા કિસ્સાઓ કાયદાનો દુરુપયોગ છે અને દેશની સિસ્ટમ પર અસર કરી રહ્યા છે.

આ ફૂટેજ મૂળરૂપે ન્યૂઝમેક્સની સીરિઝ ધ સેવેજ નેશન પર પ્રસારિત કરવામાં આવ્યું હતું. તેને ટ્રમ્પના ટ્રુથ સોશ્યલ એકાઉન્ટ પર પોસ્ટ કરાયું હતું. વીડિયોમાં સેવેજે ન્યાયિક પ્રક્રિયાને લઈને નિરાશા વ્યક્ત કરતા કહ્યું હતું કે, આજની ટૂંકી, સંક્ષિપ્ત ચર્ચા એ તર્ક વિશે હશે જેને મે હમણા સુપ્રીમ કોર્ટમાં જન્મજાત નાગરિકતા વિશે સાંભળી હતી. એ દલીલો સાંભળીને મને ગુસ્સો પણ આવ્યો હતો.

કાનૂની પ્રતિનિધિત્વ પર નિશાન સાધતા સેવેજે ટિપ્પણી કરી કે જે વ્યક્તિ અમેરિકાને ગેરકાયદેસર પ્રવાસીઓથી ભરીને અહીંની ડેમોગ્રાફીને હંમેશા માટે બદલવાની તરફેણમાં દલીલો કરતો હતો તે એક ચીની અમેરિકન હતો.

# ગુજરાતમાં 'વૈશાખી તાપ': આગામી દિવસોમાં તાપમાનમાં વધારા સાથે દરિયાકાંઠાના વિસ્તારોમાં 'યલો અલર્ટ'

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં આગામી વૈશાખના દિવસો આકરા સાબિત થઈ શકે છે, રાજ્યના હવામાન વિભાગ આગામી ત્રણ દિવસમાં તાપમાનમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારોમાં આકાશ મુખ્યત્વે ચોખ્ખું રહેશે અને મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. રાજ્યના સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં આજે અને આવતીકાલે ગરમ અને ભેજવાળી હવાને કારણે અકળામણ અનુભવાય તેવી સ્થિતિ સર્જાશે. હવામાન વિભાગે દરિયાકાંઠાના છૂટાછવાયા સ્થળો માટે 'યલો ઍલર્ટ'ની ચેતવણી આપી છે. આ ગરમ અને ભેજવાળા હવામાનથી બચવા માટે લોકોને બપોરના સમયે સીધા તડકામાં જવાનું ટાળવા, હળવા રંગના અને સુતરાઉ કપડાં પહેરવા તેમ જ માથું ઢાંકવા માટે ટોપી કે છત્રીનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવી છે. રાહતની વાત એ છે કે સાત દિવસના અંતિમ તબક્કે તાપમાનમાં ફરી ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની પણ સંભાવના છે.

# ઉમરેઠ વિધાનસભા બેઠક શાંતિપૂર્ણ માહોલમાં અંદાજિત ૫૯ ટકા મતદાનઃ છ ઉમેદવારનું ભવિષ્ય ઈવીએમમાં કેદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આણંદ જિલ્લામાં ઉમરેઠ વિધાનસભા બેઠક પરની પેટાચૂંટણીમાં મતદાન સવારે ૭:૦૦ વાગ્યે શરૂ થયું હતું અને સુવ્યવસ્થિત અને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયું હતું. પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારના અવસાન બાદ ખાલી પડેલી આ બેઠક માટે પેટાચૂંટણી યોજવામાં આવી હતી. ઉમરેઠ બેઠક પર સાંજે ૮:૦૦ વાગ્યા સુધી અપલોડ કરાયેલા ડેટા મુજબ અંદાજિત ૫૯.૪ ટકા મતદાન નોંધાયું હતું. ઉમરેઠ વિધાનસભા બેઠક પરની પેટાચૂંટણીના મેદાનમાં કુલ છ ઉમેદવારો હતા, જેમનું રાજકીય ભવિષ્ય ઈવીએમમાં કેદ થયું હતું.

મતદાન શરૂ થાય તે પહેલાં દરેક મતદાન મથક પર ઇવીએમ પર એક મોક પોલ કરવામાં આવ્યો હતો. જેમાં ઉમેદવારો દ્વારા નિયુક્ત કરાયેલા મતદાન એજન્ટો હાજર રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ઉમરેઠ વિધાનસભા પેટાચૂંટણીમાં ઉમરેઠ તાલુકો અને આણંદ ગ્રામ્ય વિસ્તારના મળીને કુલ ૪૬ ગામોનો સમાવેશ થાય છે અને ૦૩ નગરપાલિકાઓ ઓડ, ઉમરેઠ અને બોરીયાવીનો પણ સમાવેશ થાય છે. આ પેટાચૂંટણીમાં કુલ ૦૭ હરીફ ઉમેદવાર મેદાને છે. ૧૧૧- ઉમરેઠ વિધાનસભા પેટા ચૂંટણીમાં ૧,૨૬,૫૪૫ પુરુષ મતદારો, ૧,૧૯,૦૭૨ મહિલા મતદારો અને અન્ય ૦૬ મતદારો મળીને કુલ ૨,૪૫,૬૨૩ મતદારો નોંધાયા હતા.

ઉમરેઠ વિધાનસભા પેટા ચૂંટણીમાં શહેરી વિસ્તારમાં ૬૮ મતદાન મથકો અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૩૮ મતદાન મથકો મળી કુલ ૩૦૬ મતદાન મથકો સજ્જ કરવામાં આવ્યા હતા, જ્યાં થતી તમામ ગતિવિધિઓ પર નજર રાખવા માટે વેબકાસ્ટિંગની સુવિધા ઊભી કરવામાં આવી હતી. આ મતદાન મથકો પૈકી ૦૧ મતદાન મથક દિવ્યાંગો દ્વારા સંચાલિત, ૦૨ યુવાઓ દ્વારા સંચાલિત તથા ૦૨ મહિલાઓ દ્વારા સંચાલિત મતદાન મથકો, જ્યારે ૦૫ આદર્શ મતદાન મથક પણ તૈયાર કરવામાં આવ્યા હતા.

# સુરતમાં ગૅસ લીકેજઃ મકાનમાલિક સહિત પડોશના બે જણનાં પણ મોત

અમદાવાદઃ સુરતના પલસાણા તાલુકાના ચલથાણ ગામમાં પડોશીએ સાવધ કર્યા હોવા છતાં ઘરમાલિકની કથિત બેદરકારીએ ત્રણના જીવ લીધા હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. આ ઘટનાની મળતી વિગતો અનુસાર અહીં ગૅસ લીકેજને કારણે છ જણ દાઝ્યા હતા, જેમાં મકાનમાલિક, પાડોશી મહિલા અને તેમનાં એક પુત્ર અનુજનું મોત નિપજ્યું હતું. આ ઘટનાને કારણે સુરતના ઔદ્યોગિક વિસ્તારમાં રહેનારાઓની સલામતીનો મુદ્દો પણ ચર્ચાનો વિષય બન્યો છે.

અહીંની ખુમાનસિંહની વાડી વિસ્તારમાં આવેલી એક ઈમારતમા નિરજ મિશ્રા નામના ૪૦ વર્ષીય મકાનમાલિકના ગૅસ સિલિન્ડરનો નોબ ભૂલથી ખુલ્લો રહી ગયો હતો. તેઓ ઘર બંધ કરીને નીકળી ગયા બાદ વેન્ટિલેશનના અભાવે ગૅસ ઘરમાં જ ભરાઈ રહ્યો હતો. તેઓ પરત ફર્યા ત્યારે પડોશમાં રહેતી મહિલા દુર્ગાવતીએ ઘરમાંથી તીવ્ર વાસ આવતી હોવાનું મિશ્રાને જણાવ્યું હતું, પરંતુ મિશ્રાએ આ વાતને ગંભીરતાથી ધ્યાનમાં ન લેતા ઘરનો દરવાજો ખોલી તરત તે ઈલેક્ટ્રિસિટી માટે સ્વિચ ઑન કરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. સ્વિચ ઑન કરતા જ જોરદાર ધડાકો થયો હતો અને આગમાં મિશ્રા, દુર્ગાવતી અને તેમનાં ચાર પુત્ર દાઝ્યા હતા. તેમને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ મહિલા અને તેમનાં એક પુત્ર તેમ જ મિશ્રાનું મોત નિપજ્યું હોવાની માહિતી સૂત્રો દ્વારા મળી હતી.

# ગુજરાતમાં સોશ્યલ મીડિયા બન્યું બે જણની હત્યાનું કારણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં એકતરફ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો માહોલ જામ્યો છે અને વહીવટીતંત્ર શાંતિપૂર્ણ મતદાનની તૈયારીઓમાં વ્યસ્ત છે, ત્યારે બીજી તરફ રાજ્યના વિવિધ જિલ્લાઓમાં હત્યાના ઉપરાછાપરી બનાવોએ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. ધંધુકાના બનાવ બાદ અમરેલી, અમદાવાદ અને મોરબીમાં સામાન્ય બાબતો અને અંગત અદાવતમાં થયેલા લોહિયાળ ખેલને કારણે પોલીસની કામગીરી અને ગુનેગારોમાં ખાખીના ખોફ સામે પ્રશ્નાર્થ ચિહ્ન લાગ્યું છે. અમરેલી જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયામાં હત્યાની ત્રીજી ઘટના સામે આવતા ફફડાટ ફેલાયો હતો. વડિયાના બરવાળા બાવીશી ગામની સીમમાં સોશ્યલ મીડિયા માટે ટ્રેક્ટર ઉછાળી રીલ્સ બનાવવાના મુદ્દે ટોકતા ખેતમજૂર રવિ કારોલીયાએ તેના જ માલિકના પુત્ર કરણભાઈ વાળાની હત્યા કરી નાખી હતી. આરોપીએ પૂર્વઆયોજિત કાવતરા મુજબ મૃતકને રસ્તામાં આંતરી લોખંડની પાઈપ અને પથ્થરના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતાર્યો હતો અને તેનું બાઈક લૂંટીને ફરાર થઈ ગયો હતો.

# ભુજની સાક્ષી હત્યા કેસમાં એકતરફી પ્રેમી સહિત બેને આજીવન કેદ, યુવતીનું ગળું કાપી કરી હતી હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સમગ્ર રાજ્યમાં ખળભળાટ મચાવનાર ભુજની કૉલેજ ગર્લ સાક્ષી જેઠાલાલ ખાનિયાની હત્યાના કેસમાં ભુજ સેશન્સ નામદાર કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. હત્યાના માત્ર ૮ મહિનાના ટૂંકા ગાળામાં જ પ્રિન્સિપલ સેશન્સ જજ દિલીપ પી. મહિડાએ મુખ્ય સૂત્રધાર મોહિત સિદ્ધપુરા અને તેના મદદગાર મિત્ર જયેશ ઠાકોરને તકસીરવાર ઠેરવી સખ્ત આજીવન કેદની સજા ફટકારી હતી. બનાવની વિગતો મુજબ, ૨૮ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ભુજની સંસ્કાર કૉલેજ બહાર આ ઘટના બની હતી. મૂળ ગાંધીધામની અને ભુજમાં બી.સી.એ.ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી સાક્ષીના એકતરફી પ્રેમમાં પાડોશી મોહિત મુળજીભાઈ સિદ્ધપુરા અંધ બન્યો હતો. સાક્ષી ભણતર છોડી ગાંધીધામ પરત ફરે તે માટે મોહિત સતત દબાણ કરતો હતો. સાક્ષીએ તેનો મોબાઈલ નંબર બ્લોક કરી દેતા ઉશ્કેરાયેલા મોહિતે મિત્ર જયેશ ઠાકોર સાથે મળી હત્યાનું કાવતરું ઘડ્યું હતું. ઘટનાના દિવસે આરોપીઓ અંજારથી છરી ખરીદી મોટરસાઇકલ પર ભુજ આવ્યા હતા. કૉલેજ બહાર સાક્ષીને વાત કરવાના બહાને બોલાવી મોહિતે પહેલા તેના પેટમાં છરી મારી દીધી હતી. ઘાયલ સાક્ષીને હૉસ્પિટલ લઈ જવામાં આવી રહી હતી, ત્યારે મોહિત મોટરસાઇકલ પર તેની પાછળ બેસી ગયો હતો અને ચાલુ મોટરસાઇકલ પર તેનું ગળું કાપી નાખ્યું હતું અને સારવાર દરમિયાન સાક્ષીનું મૃત્યુ નીપજ્યું હતું.

પી.આઈ એ.એમ.પટેલની ટીમે ગણતરીના કલાકોમાં જ આરોપીઓને ઝડપી લીધા હતા. તપાસ દરમિયાન નેત્રમ સીસીટીવી ફૂટેજ, લોહીવાળા કપડાં બદલ્યા તે દુકાનના ફૂટેજ, એફએસએલ રિપોર્ટ અને ૩૧ સાક્ષીઓની જુબાની મહત્વની સાબિત થઈ હતી. સરકારી વકીલ એચ.બી. જાડેજાએ રજૂ કરેલા ૭૫ દસ્તાવેજી પુરાવાઓને આધારે કોર્ટે બંને આરોપીઓને આજીવન કેદ અને ૨૫-૨૫ હજાર રૂપિયાનો દંડ તથા ભોગ બનનાર સાક્ષીના માતા-પિતાને ૫ લાખ રૂપિયા વળતર પેટે ચૂકવવા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળને આદેશ આપ્યો છે.

# ગાંધીનગરમાં એનઆરઆઈના બંગલામાંથી ₹ ૯૯ લાખના સોના-ચાંદીના દાગીના અને ડૉલરની ચોરી

અમદાવાદઃ ગાંધીનગરમાં એક એનઆરઆઈ ઉદ્યોગપતિના બંધ બંગલાને નિશાન બનાવી તસ્કરોએ અંદાજે રૂ. ૯૯ લાખની મત્તાની ચોરી કરી હતી. આફ્રિકામાં સ્થાયી થયેલા પરેશભાઈ શર્મા ગત જાન્યુઆરીમાં ગાંધીનગર આવ્યા હતા, જ્યાં સાયબર ફ્રોડ અને બૅંકિંગ અસુરક્ષિત હોવાના ડરથી તેમણે બૅંક લોકરમાંથી પત્ની અને પુત્રવધૂઓના તમામ દાગીના તેમજ રોકડ ઉપાડી લીધા હતા. આ કિંમતી સામાનની સુરક્ષા માટે તેઓ રૂ.૩૫ હજારનું નવું ડિજિટલ લોકર ઘરે લાવ્યા હતા, જે તસ્કરો આખું ઉપાડીને ફરાર થઈ ગયા હોવાનું જાણવા મળ્યું હતું.

ચોરીની આ ઘટના ત્યારે પ્રકાશમાં આવી જ્યારે મકાનની સંભાળ રાખતા બહેને ઘરની પાછળની બારીની ગ્રિલ તૂટેલી જોઈ શંકા જતાં અંદર તપાસ કરતા તિજોરીના તાળા તૂટેલા જણાયા હતા. પ્રાથમિક રીતે ચોરીનો આંકડો રૂ. ૫૦ લાખ મનાતો હતો, પરંતુ મકાન માલિક સાથેની ટેલિફોનિક વાતચીત બાદ જાણવા મળ્યું કે લોકરમાં રૂ. ૮૦ લાખથી વધુના સોનાના દાગીના, રૂ. ૨ લાખના ચાંદીના દાગીના અને ૭૦૦૦થી વધુ અમેરિકન ડોલર સહિત કુલ રૂ. ૯૯ લાખનો મુદ્દામાલ હતો. ઘટનાની જાણ થતાં જ સેક્ટર-૭ પોલીસ સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને ડોગ સ્ક્વોર્ડ તેમજ ફિંગરપ્રિન્ટ એક્સપર્ટની મદદથી તપાસ શરૂ કરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે તસ્કર કાર લઈને આવ્યો હતો, જેના સીસીટીવી ફૂટેજ કબજે કરવામાં આવ્યા હતા. જે પ્રકારે ચોરીને અંજામ આપવામાં આવ્યો છે, તે જોતા કોઈ જાણભેદુ હોવાની શંકા સાથે પોલીસે તપાસનો ધમધમાટ તેજ કર્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# રાજસ્થાન રિફાઇનરીમાં આગને કારણે કચ્છના બંદરો પર આર્થિક સંકટનાં વાદળો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે રાજસ્થાનના પચપદરા ખાતે નિર્મિત રૂ. ૭૯,૪૫૦ કરોડની એચપીસીએલ રિફાઇનરીના ઉદઘાટન પૂર્વે જ સર્જાયેલી દુર્ઘટનાએ દેશભરમાં ચકચાર મચાવી છે. રિફાઇનરીના હાર્દ સમાન ક્રૂડ ડિસ્ટિલેશન યુનિટમાં લાગેલી ભીષણ આગને પગલે આ મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પ અનિશ્ચિત કાળ માટે ખોરંભે ચડ્યો છે. આ ઘટનાની ગંભીરતાને જોતા એનઆઈએ સહિતની કેન્દ્રીય એજન્સીઓએ તપાસનો મોરચો સંભાળ્યો છે, પરંતુ આ આગની આર્થિક ઝાળ ૪૮૭ કિમી દૂર કચ્છના મુંદરા અને કંડલા બંદરો સુધી પહોંચી છે.

ગત ૧૭ એપ્રિલના રોજ મુન્દ્રાના ક્રૂડ ઓઇલ ટર્મિનલથી પચપદરા સુધીની ૪૮૭ કિલોમીટર લાંબી પાઇપલાઇનનું સફળ ટેસ્ટિંગ કરાયું હતું. રિફાઇનરી શરૂ કરવા માટે પાઇપલાઇનમાં આશરે ૧.૫ થી ૨ મિલિયન બેરલ જેટલું આયાતી 'આરબ મિક્સ ક્રૂડ' પમ્પ કરી દેવાયું હતું. હવે એ યુનિટ બંધ પડી જતાં આ કરોડો રૂપિયાનું ક્રૂડ પાઇપલાઇનમાં જ અટવાઈ ગયું છે. નિષ્ણાતોના મતે જો નુકસાન વધુ હશે તો રિફાઇનરી શરૂ થવામાં એક વર્ષ સુધીનો વિલંબ થઈ શકે છે, જે મુંદરાની લોજિસ્ટિક્સ ચેઇન માટે મોટો ફટકો છે.

રિફાઇનરી અનિશ્ચિત કાળ માટે બંધ થવાથી મુંદરાની સ્ટોરેજ ટેન્કો ટૂંક સમયમાં છલકાઈ જશે. વિદેશથી ક્રૂડ ભરીને આવતા વિશાળ જહાજોને હવે મધદરિયે જ વેઇટિંગમાં રહેવું પડશે, જેના કારણે પ્રતિદિન લાખો રૂપિયાનો વિલંબ દંડ ચૂકવવો પડશે. કંડલા-મુંદરાના હજારો ટ્રાન્સપોર્ટરો અને કસ્ટમ હાઉસ એજન્ટ્સ, જેઓ રિફાઇનરી શરૂ થવાની આશાએ હતા, તેમની કામગીરી થંભી ગઈ છે. કંડલા આસપાસના પેટ્રોકેમિકલ ઉદ્યોગોને આ પ્રકલ્પમાંથી સસ્તો કાચો માલ મળવાની આશા હતી, જે હવે વિલંબિત થતા ઉદ્યોગોએ મોંઘી આયાત પર નિર્ભર રહેવું પડશે.આ દુર્ઘટનાને પગલે કચ્છના બંદરો પર રોજના કરોડો રૂપિયાના નુકસાનની ભીતિ સેવાઈ રહી છે. જો આગામી દિવસોમાં કોઈ વૈકલ્પિક વ્યવસ્થા નહીં કરાય તો કંડલા અને મુંદરાના પેટ્રોકેમિકલ સેક્ટરમાં મોટી આર્થિક કટોકટી સર્જાઈ શકે છે, તેમ નિષ્ણાતો જણાવી રહ્યા છે.

# ઍર કનેક્ટિવિટી વધારવાની માગણી વચ્ચે કંડલા-મુંબઈ વચ્ચેની એકમાત્ર ફ્લાઈટ્ પણ બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ઔદ્યોગિક હબ ગણાતા પૂર્વ કચ્છ માટે માઠા સમાચાર આવ્યા છે. કંડલા એરપોર્ટ પરથી કાર્યરત એકમાત્ર કંડલા-મુંબઈ હવાઈ સેવાએ મંગળવારે પોતાની છેલ્લી ઉડાન ભરી હતી. એરલાઇન્સ કંપની દ્વારા આ સેવા સત્તાવાર રીતે બંધ કરી દેવામાં આવતા આજથી કંડલા એરપોર્ટ વિમાનની ગર્જના વિના સૂનકાર ભાસશે.

પૂર્વ કચ્છમાં ઉદ્યોગોના વ્યાપ અને વિકાસને જોતા વિવિધ સંગઠનો દ્વારા દેશના અન્ય પ્રાંતો સાથે હવાઈ કનેક્ટિવિટી વધારવાની માંગ સતત કરવામાં આવી રહી હતી. જોકે, નવા શહેરો જોડવાને બદલે જે ચાલુ સેવાઓ હતી તે પણ એક પછી એક બંધ થઈ રહી છે. અગાઉ કંડલા-દિલ્હી ફ્લાઇટ બંધ થયા બાદ હવે આર્થિક રાજધાની મુંબઈ સાથેનો હવાઈ સંપર્ક પણ તૂટી જતાં ઉદ્યોગજગત અને મુસાફરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. કંડલા એરપોર્ટના વિસ્તરણનો મુદ્દો છેલ્લા લાંબા સમયથી વહીવટી પ્રક્રિયાઓમાં અટવાયેલો છે. સમયાંતરે અનેક રજૂઆતો અને પ્રયાસો છતાં જમીન કે વિસ્તરણના પ્રશ્ને કોઈ હકારાત્મક ઉકેલ આવ્યો નથી.

એરપોર્ટ રનવે નાનો હોવાને કારણે અહીં માત્ર નાના વિમાનો જ ઉતરી શકે છે, જે આર્થિક રીતે એરલાઇન્સ કંપનીઓને પરવડતું ન હોવાનું એક કારણ માનવામાં આવે છે. પૂર્વ કચ્છમાં પોર્ટ, ટ્રાન્સપોર્ટ અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં કરોડોનું રોકાણ થયેલું છે. ઉદ્યોગપતિઓ અને એક્ઝિક્યુટિવ્સ માટે સમયની બચત કરતું હવાઈ માધ્યમ અનિવાર્ય છે. હવે મુંબઈની સીધી ફ્લાઇટ બંધ થતાં, આ વિસ્તારના લોકોએ હવાઈ મુસાફરી માટે ફરજિયાતપણે ભુજ અથવા અમદાવાદ સુધી લાંબો સફર ખેડવો પડશે, જે આર્થિક અને સમયની દ્રષ્ટિએ મોટો ફટકો સાબિત થશે. સ્થાનિક અગ્રણીઓના મતે, જો સરકાર કંડલા એરપોર્ટના વિસ્તરણ અંગે કોઈ નક્કર નિર્ણય નહીં લે, તો આગામી સમયમાં પૂર્વ કચ્છના વિકાસની ગતિ પર તેની નકારાત્મક અસર પડી શકે છે.

# અમદાવાદ અને અજમેર વિભાગમાં રેલવે બ્લોકઃ અનેક ટ્રેનો રદ અને રૂટમાં ફેરફાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ હેઠળ આવતા ગેરતપુર-અમદાવાદ સેક્શનમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરી માટે આજે ટ્રાફિક બ્લોક લેવામાં આવશે. આ સાથે જ અજમેર-પાલનપુર રેલવેલાઈન પર પણ બ્લોક હોવાથી ઉત્તર અને પશ્ચિમ ભારતને જોડતી અનેક રેલ સેવાઓ પ્રભાવિત થશે. આ બ્લોકના કારણે મુસાફરોએ મુસાફરી કરતા પહેલા ટ્રેનનું સ્ટેટસ તપાસી લેવા રેલવે દ્વારા અપીલ કરવામાં આવી હતી.

આજે ગેરતપુર બ્લોકના કારણે વટવા-વડોદરા મેમૂ (૬૯૧૦૨/૬૯૧૧૫) અને જામનગર-વડોદરા ઇન્ટરસિટી (૨૨૯૫૯/૨૨૯૬૦) જેવી ટ્રેનો સંપૂર્ણ રદ કરવામાં આવી છે. આ ઉપરાંત, વલસાડ-અમદાવાદ ગુજરાત ક્વીન (૧૯૦૩૩) વડોદરા અને અમદાવાદ વચ્ચે આંશિક રદ રહેશે. મુંબઈ-ગાંધીનગર વંદે ભારત એક્સપ્રેસ (૨૦૯૦૧) વટવા ખાતે શોર્ટ ટર્મિનેટ થશે, જ્યારે ગાંધીનગર-મુંબઈ વંદે ભારત (૨૦૯૦૨) અમદાવાદથી ઊપડશે. સાબરમતી-જોધપુર એક્સપ્રેસ (૧૪૮૨૨/૧૪૮૨૧) પણ ૨૩ થી ૨૫ એપ્રિલ દરમિયાન રદ રહેશે.

તે ઉપરાંત લાંબા અંતરની ટ્રેનો જેવી કે બાન્દ્રા ટર્મિનસ-ભગત કી કોઠી (૨૦૯૪૩) અને બેંગલુરુ-જોધપુર (૨૦૬૯૪) ને મહેસાણા-ભીલડી-લૂની થઈને ડાયવર્ટ કરવામાં આવી છે, જેમાં પાટણ અને ભીલડી જેવા વધારાના સ્ટોપેજ આપવામાં આવ્યા છે.

સમયમાં ફેરફારની વાત કરીએ તો, મુંબઈ-અમદાવાદ શતાબ્દી એક્સપ્રેસ (૧૨૦૦૯) ૧ કલાક ૧૫ મિનિટ મોડી પડશે, જ્યારે આસનસોલ-અમદાવાદ અને હાવડા-અમદાવાદ એક્સપ્રેસ જેવી ટ્રેનો ૧ કલાક ૪૦ મિનિટ જેટલી મોડી થશે.

# ભરૂચના ઝઘડિયા જીઆઈડીસીમાં વિસ્ફોટ સાથે ફાટી નીકળેલી આગમાં અનેક મજૂરો દાઝ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભરૂચ જિલ્લાના ઝઘડિયા ઔદ્યોગિક વસાહત વિસ્તારમાં આવેલી મેટ્રોપોલિટન એક્ઝીચેમ કંપનીના પ્લાન્ટમાં એક ભયાનક વિસ્ફોટ બાદ ભીષણ આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનાને કારણે સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને આસપાસના રહેવાસીઓમાં ભારે ગભરાટ ફેલાયો હતો. વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે તેનો અવાજ દૂર-દૂર સુધી સંભળાયો હતો અને જોતજોતામાં કેમિકલ યુનિટમાંથી કાળા ધુમાડાના ગોટેગોટા આકાશમાં ઊડતા જોવા મળ્યા હતા, જેના વીડિયો સોશ્યલ મીડિયા પર પણ વાયરલ થયા હતા.

આ ઘટનામાં ફેક્ટરીમાં કામ કરતા અનેક કામદારો ગંભીર રીતે દાઝ્યા હોવાના અહેવાલો પ્રાપ્ત થયા હતા. જેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આગની જાણ થતાં જ ફાયર બ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવવાની તથા ફસાયેલા લોકોને બચાવવાની કામગીરી હાથ ધરી હતી. પોલીસના ઉચ્ચ અધિકારીઓ પણ તપાસ માટે સ્થળ પર દોડી આવ્યા હતા અને વિસ્ફોટ પાછળનાં ચોક્કસ કારણો જાણવા માટે એફએસએલ સહિતની ટીમો દ્વારા તપાસ શરૂકરવામાં આવી હોવાનું સુત્રોએ જણાવ્યું હતું.

# ૭૦૦ કરતા વધારે સીટ્સ વધારવા એમએસ યુનિવર્સિટીએ માગી ₹ 300 કરોડની ગ્રાન્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તાજેતરમાં રજૂ થયેલા ગુજરાત રાજ્યના બજેટમાં અમદાવાદની જાણીતી એલડી એન્જિનિયરિંગ કૉલેજને પાંચ વર્ષમાં આઈઆઈટી સ્તરની બનાવવાના આશયથી પાંચ વર્ષ માટે રૂ. ૪૩૦ કરોડની ફાળવણી કરી હતી. ત્યારે હવે વડોદરાની જાણીતી મહારાજા સૈયાજીરાવ યુનિવર્સિટી(એમએસ)ની ટેકનોલોજી ફેકલ્ટીએ નાણા વિભાગ પાસેથી રૂ. ૩૦૦ કરોડની ગ્રાન્ટ માગી છે. યુનિવર્સિટીએ ૭૩૦ એન્જિનિયરિંગની બેઠક વધારવાનો પ્રસ્તાવ મૂક્યો હોવાનું અહેવાલ દ્વારા જાણવા મળ્યું હતું.

જો ગુજરાત શિક્ષણ વિભાગ આ વધારાને મંજૂરી આપે તો એમએસયુની ટેકનોલોજી ફેકલ્ટી સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ એન્જિનિયરિંગ કૉલેજોમાં બીજા ક્રમે સૌથી વધુ બેઠકો ધરાવતી થશે, જેમાં એલડી કૉલેજ પછી કુલ ૧,૪૫૮ બેઠકો હશે, જેમાં ગયા વર્ષના સીટ મેટ્રિક્સ મુજબ ૧,૬૮૯ બેઠકો પહેલાથી જ છે. શહેર સ્થિત વિશ્વકર્મા સરકારી એન્જિનિયરિંગ કૉલેજમાં વિવિધ એન્જિનિયરિંગ શાખાઓમાં ૧,૧૨૬ બેઠક છે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર શિક્ષણ વિભાગમાં ઉચ્ચ સ્તરે આ દરખાસ્ત પર ચર્ચા થઈ રહી છે. જો મંજૂરી મળી જાય, તો તે ૭૩૦ વધુ બેઠકો ઉમેરશે. આ માટે છોકરાઓએ વર્ષે રૂ. ૧૫૦૦ ફી ભરવાની રહેશે અને છોકરીઓ માટે વિનામૂલ્યે શિક્ષણ છે. આ દરખાસ્ત રાજ્યના નાણા વિભાગ સાથે ચર્ચા હેઠળ છે, કારણ કે એમએસયુએ વધારાના શિક્ષણ કર્મચારીઓના પગાર માટે રૂ. ૩૦૦ કરોડની ગ્રાન્ટ માંગી છે. જોકે એલડી કૉલેજની જેમ અન્ય સંસ્થાઓને નાણા ફાળવવાની જોગવાઈ ન હોવાથી મૂંઝવણ હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું.

# ચૂંટણીના માહોલમાં રાજસ્થાનથી ગુજરાતમાં ઘુસાડાતો ₹ ૩.૫૨ લાખનો દારૂ ઝડપાયો, ચાલકની ધરપકડ

અમદાવાદઃ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના માહોલ વચ્ચે સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાના વલસાડી ગામ પાસેથી પોલીસે બાતમીના આધારે લાખોની કિંમતનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. પોશીના પોલીસના જણાવ્યા અનુસાર, પોલીસને મળેલી ખાનગી બાતમીને આધારે વલસાડી ગામ પાસે નાકાબંધી ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન રાજસ્થાનના વેરાકાતરા ગામ તરફથી આવતી એક શંકાસ્પદ નંબર પ્લેટ વગરની જીપને આંતરીને તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂ અને બિયરનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે જીપમાંથી કુલ ૯૩૬ બોટલ વિદેશી દારૂ અને બિયર જપ્ત કર્યા છે, જેની કિંમત અંદાજે રૂ. ૨,૦૨,૦૮૦ થાય છે. આ કાર્યવાહીમાં પોલીસે દારૂના જથ્થા સાથે રૂ. ૧,૫૦,૦૦૦ ની જીપ મળી કુલ રૂ. ૩,૫૨,૦૮૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કેસમાં પોલીસે જીપ ચાલક લક્ષ્મણભાઈ ધર્માભાઈ પરમાર (રહે. બેડી, પોશીના)ની ધરપકડ કરી તેની વિરુદ્ધ પ્રોહિબિશન ઍક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ખેડૂતોને પડતા પર પાટુઃ ખાતરમાં ₹ ૮૫૦ સુધીનો ભાવ વધારો અને અછત મુદ્દે કૉંગ્રેસે સરકારને ઘેરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી વચ્ચે ખાતરની અછત અને વધતા ભાવ મુદ્દે કોંગ્રેસે રાજ્ય સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, ભાજપ સરકારનું ''આત્મનિર્ભર ભારત'' કૃષિ ક્ષેત્રે માત્ર એક પોકળ સ્લોગન સાબિત થયું છે. હાલમાં ડીએપી અને એનપીકે જેવા પાયાના ખાતર મેળવવા માટે ખેડૂતોએ કલાકો સુધી લાઇનોમાં ઊભા રહેવું પડે છે, જ્યારે કાળાબજારિયાઓ બેફામ બન્યા છે. ભારત હજુ પણ ખાતર માટે મોટાપાયે આયાત પર નિર્ભર છે અને ૨૦૨૬ની ખરીફ સીઝન માટે ૩૯ મિલિયન ટનની માગ સામે માત્ર ૧૮ મિલિયન ટનનો સ્ટોક ઉપલબ્ધ છે, જે કૃષિ ક્ષેત્ર માટે ખતરનાક સંકેત છે.

કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે છેલ્લા દસ મહિનામાં ડીએપી, એનપીકે અને પોટાશ જેવા ખાતરોમાં રૂ. ૧૫૦ થી લઈને રૂ. ૮૫૦ સુધીનો તોતિંગ ભાવવધારો ખેડૂતો પર ઝીંકવામાં આવ્યો છે. યુપીએ સરકારના સમયમાં ડોલરના ભાવ વધવા છતાં સબસિડી વધારીને ખેડૂતોને રક્ષણ અપાતું હતું, પરંતુ વર્તમાન સરકારે સબસિડી ફિક્સ કરી દેતા વધારાનો બોજ ખેડૂતોના માથે આવ્યો છે. આ ઉપરાંત, છેલ્લા બે વર્ષથી પ્રમોટ કરવામાં આવતું નેનો યુરિયા પાક માટે અસરકારક સાબિત થયું નથી. અપૂરતા ખાતરને કારણે ગુજરાતના ખેડૂતોને પાક ઉત્પાદનમાં ભારે નુકસાન સહન કરવું પડી રહ્યું છે.

આગળ તેમણે કહ્યું હતું કે ગુજરાતના ખેડૂતો અસ્થિર ચોમાસું અને દેવાના બોજ તળે દબાયેલા છે, ત્યારે ખાતરની આ કટોકટીએ તેમની મુસીબતોમાં વધારો કર્યો છે. કોંગ્રેસે માગ કરી હતી કે ખરીફ સીઝન માટે ખાતરના ભાવ તાત્કાલિક સ્થિર કરવામાં આવે અને ઘરેલું ઉત્પાદન ક્ષમતા વધારવા માટે નક્કર પગલાં લેવાય. કોંગ્રેસે આ પરિસ્થિતિને ''રાષ્ટ્રીય કટોકટી'' ગણાવી અન્નદાતાઓ સાથે થયેલા વિશ્વાસઘાત સામે લડત આપવાની ચીમકી ઉચ્ચારી હતી.

# શરદ પવારને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી

મુંબઈ: એનસીપી પ્રમુખ શરદ પવારને ગુરુવારે હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ૮૫ વર્ષના વરિષ્ઠ નેતાને ૧૯ એપ્રિલે મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. વરિષ્ઠ રાજકારણીના નજીકના સૂત્રોએ જણાવ્યું હતું કે ફોલોઅપ અને ચેકઅપ માટે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમની તબિયત સારી છે અને ચિંતા કરવાની જરૂર નથી. શરદ પવારે ટ્વિટ કર્યું હતું કે તેઓ મહારાષ્ટ્રની વિધાનસભા પેટાચૂંટણીમાં મતદાન માટે બારામતી જઈ શકશે નહીં. બારામતીમાં એનસીપીના દિવંગત પ્રમુખ અજિત પવારની પત્ની સુનેત્રા પવાર ઉમેદવાર છે. વિમાન દુર્ઘટનામાં અજિત પવારનું મોત થયું હતું. પવારે હોસ્પિટલમાંથી લોકોને સુનેત્રા પવારને મત આપવા અપીલ કરી હતી. (પીટીઆઈ)

# 'હથકડી પહેરાવી અપમાન કરાયું'

## હાઈ કોર્ટે અરજદારોને ₹ ૫૦,૦૦૦ વળતર ચૂકવવા સરકારને કહ્યું

મુંબઈ: બોમ્બે હાઈ કોર્ટે મહારાષ્ટ્ર સરકારને એક વકીલ અને એક પૂર્વ સૈનિકને પોલીસે હાથકડી પહેરાવી હતી એ બદલ ૫૦ હજાર રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે. હાઈ કોર્ટની નાગપુર ખંડપીઠે મંગળવારે આપેલા આદેશમાં કહ્યું હતું કે મહારાષ્ટ્ર પોલીસે તેમનું અપમાન કર્યું હતું.

અદાલતે જણાવ્યું હતું કે બંનેને હાથકડી પહેરાવી તેમનું અપમાન કર્યું હતું. અમરાવતીના પોલીસ સ્ટેશનથી રાજ્ય પરિવહનની બસમાં લઈ જઈ તેમને જામીન આપવામાં આવ્યા હતા.

ન્યાયમૂર્તિ ઉર્મિલા જોશી ફાળકે અને ન્યાયમૂર્તિ નિવેદિતા મહેતાની ખંડપીઠે કહ્યું કે જે લોકો કાયદાનો વહીવટ કરે છે તેમણે ધ્યાનમાં રાખવું જોઈએ કે તેમની માત્ર આરોપી અને પીડિતા પ્રત્યે જ નહીં પરંતુ રાજ્ય અને મોટા પાયે સમુદાય પ્રત્યે પણ ફરજ છે. અદાલતે જણાવ્યું હતું કે પોલીસ સાથે સંકળાયેલી આવી ઘટનાઓ સામાન્ય રીતે ખાનગી વ્યક્તિઓ સાથે સંકળાયેલી ઘટનાઓ કરતાં આપણી ફોજદારી ન્યાય પ્રણાલીમાં વિશ્વાસને ઘટાડે છે. સહાયક પોલીસ ઇન્સ્પેક્ટર અને અરજદારોને હાથકડી પહેરાવનાર બે કોન્સ્ટેબલોએ તેમનું કારણ વિના અપમાન કર્યું હતું જે ભારતના કોઈપણ નાગરિક સાથે ન કરાય અને તેથી તેઓ વળતરના હકદાર છે. અરજદારોએ દાવો કર્યો હતો કે પોલીસે આ વ્યક્તિની ફરિયાદના આધારે મધ્યરાત્રિ પછી ગેરકાયદેસર રીતે તેમની અટકાયત કરી હતી અને તેમને નિર્વસ્ત્ર કરીને તેમના અન્ડરગાર્મેન્ટમાં બેસાડ્યા હતા. બીજા દિવસે, પોલીસે કથિત રીતે બંનેને હાથકડી પહેરાવી હતી અને તેમને રાજ્ય પરિવહનની બસમાં મામલતદારની ઓફિસમાં લઈ ગયા હતા. (પીટીઆઈ)

# બારામતી અને રાહુરીની પેટાચૂંટણીમાં ૫૦ ટકા મતદાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના પુણે જિલ્લાની બારામતી વિધાનસભા બેઠકની પેટાચૂંટણી, જ્યાં નાયબ મુખ્ય પ્રધાન અને એનસીપીના પ્રમુખ સુનેત્રા પવાર ચૂંટણી મેદાનમાં હતા, ગુરુવારે સાંજે ૫.૦૦ વાગ્યા સુધી લગભગ ૫૦ ટકા મતદાન નોંધાયું હતું, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

અહિલ્યાનગર જિલ્લાના રાહુરી વિધાનસભા મતવિસ્તારમાં મતદાનની ટકાવારી, જ્યાં પેટાચૂંટણી પણ થઈ હતી, ૫૦.૭૪ ટકા હતી, એમ તેમણે જણાવ્યું હતું. સવારે ૭ વાગ્યે શરૂ થયેલ મતદાન સાંજે ૬ વાગ્યે પૂર્ણ થયું હતું.

તત્કાલીન નાયબ મુખ્ય પ્રધાન અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના પ્રમુખ અજિત પવાર, ૨૮ જાન્યુઆરીના રોજ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામ્યા હતા, જેના કારણે પેટાચૂંટણી જરૂરી બની હતી.

તેમની પત્ની સુનેત્રા પવાર, જે તેમની પહેલી વિધાનસભા ચૂંટણી લડી રહી છે, તેમના પરિવારની મતવિસ્તાર પર મજબૂત પકડને કારણે, સહાનુભૂતિના મોજા પર સવાર થઈને પસાર થવાની શક્યતા છે. કોઈ પણ મોટા રાજકીય પક્ષે તેમના વિરુદ્ધ ઉમેદવારો ઉભા રાખ્યા નથી, જેના કારણે તેમની ચૂંટણી માત્ર ઔપચારિકતા બની ગઈ છે.

પરિણામો ચોથી મેના રોજ જાહેર કરવામાં આવશે.

ગયા વર્ષે ઓક્ટોબરમાં ભાજપના વિધાનસભ્ય શિવાજી કર્ડિલેના અવસાન બાદ રાહુરી વિધાનસભા બેઠક ખાલી પડી હતી. તેમના પુત્ર અક્ષય કર્ડિલે આ બેઠક પરથી ભાજપના ઉમેદવાર તરીકે ચૂંટણી મેદાનમાં હતા અને તેમની સામે એનસીપી (એસપી)ના ઉમેદવાર ગોવિંદ મોકાટે અને વંચિત બહુજન આઘાડીના સંતોષ ચાલકે હતા.

બારામતીમાં, સુનેત્રા પવાર સહિત કુલ ૨૩ ઉમેદવારો મેદાનમાં હતા.

મતદાન પ્રક્રિયા દરમિયાન, તેમણે મતદારોને તેમના સ્વર્ગસ્થ પતિ અજિત પવારને શ્રદ્ધાંજલિ આપવા માટે તેમને સમર્થન આપવા વિનંતી કરી. આ મતવિસ્તારમાં કુલ નોંધાયેલા મતદારોની સંખ્યા ૩.૮૪ લાખ છે.

અજિત પવારના નાના ભાઈ શ્રીનિવાસ પવાર અને તેમની પત્ની શર્મિલાએ વહેલી સવારે બારામતીના કાટેવાડી મતદાન મથક પર મતદાન કર્યું. વિપક્ષ મહા વિકાસ આઘાડી (એમવીએ)એ સુનેત્રા પવાર સામે કોઈ ઉમેદવાર ઉભા રાખ્યા ન હતા, જેના કારણે તેમને વર્ચ્યુઅલ વોકઓવર મળ્યું હતું. કોંગ્રેસે આકાશ મોરેને ઉમેદવાર બનાવ્યા હતા પરંતુ પાર્ટીએ પાછળથી તેમનું નામ પાછું ખેંચવાનો નિર્ણય લીધો.પત્રકારો સાથે વાત કરતા સુનેત્રા પવારે કહ્યું, નબારામતીના લોકો મોટી સંખ્યામાં મતદાન કરવા માટે આવી રહ્યા છે.

## હિન્દુ મરણ

**કંઠી ભાટીયા**

ઘાટકોપર નિવાસી હરેશ પદમશી ભાટીયા (ઉં. વ. ૭૫) તે તા. ૨૧-૪-૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. પુષ્પાબેન પદમશી ભાટીયાના પુત્ર. તે સ્વ. કેશરબેન ભગવાનદાસ છીછીયાના જમાઇ. તે દીનાબેનના પતિ. સ્વ. મેઘરાજ તેમ જ સ્વ. રેખાના ભાઇ. નિશા અને દેવેનના પિતા. સાક્ષીના દાદા અને વિનીના નાના. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

બગદાણા નિવાસી હાલ ભાયંદર, સ્વ. રાધાબેન તથા સ્વ. ગુલાબચંદ ભગવાનજી શ્રીમાંકરના પુત્ર કનૈયાલાલ (ઉં.વ.૮૨) તા. ૨૨/૪/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે મંજુલાબેનના પતિ. ભાવેશ તથા કલ્પના અપૂર્વકુમાર વોરાના પિતા. નારણદાસ ઓધવજી ડુંગરાણીના જમાઈ. સ્વ. જયસુખલાલ ચંદુલાલ સાંગાણીના વેવાઈ. તેમની સાદડી તથા લૌકિક વ્ય. બંધ રાખેલ છે. ઠે. બી ૦૦૩, ન્યુ સરોજ બિલ્ડીંગ, જે પી ઠાકુર માર્ગ, ભાયંદર વેસ્ટ.

**શ્રીમાળી સોની**

સિહોર નિવાસી હાલ મુંબઇ કનૈયાલાલ બાબુભાઇ સોની (ઉં. વ. ૯૨) તા. ૨૧-૪-૨૬ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મંગળાબેનના પતિ. ભરત, જયંત, શશી તથા કલ્પનાબેનના પિતા. સ્વ. શીલાબેન, સ્મિતા, છાયા તથા હરિશભાઇના સસરા. પ્રાર્થનાસભા તા. ૨૫-૪-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. ભાટીયા મહાજનવાડી, કાલબાદેવી રોડ, મુંબઇ. લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

દેલવાડાવાળા સ્વ. જમનાદાસ મહેતાના પુત્ર હર્ષદરાય (ઉં. વ. ૯૩) તા. ૨૩-૪-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. નિરંજનાબેનના પતિ. ડો. હેમંત, હિતેન તથા પૂર્વીના પિતા. પ્રજ્ઞા, સ્વ. અમીષા તથા રાકેશભાઇ મહેન્દ્રભાઇ ગાંધીના સસરા. ચિ. મિલૌની, રાજવી-ધ્રુમિલ, ધન્વિન, ચાર્મીના દાદા અને રિયા, રોમાના નાના. સસરાપક્ષ મહુવાવાળા સ્વ. લક્ષ્મીદાસ પારેખના જમાઇ. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**ઔદિચ્ય ગઢિયા બ્રાહ્મણ**

જામનગર નિવાસી હાલ મલાડ સ્વ. દયાબેન રતિલાલ ઠાકરના પુત્ર ડો. પ્રથમેશભાઇ (ઉં. વ. ૮૧) તે અમિતાબેનના પતિ. મૌલિક, અલૌકિકના પિતાશ્રી. બંશ્રીના સસરા. પિયર પક્ષે મધુસુદન શાસ્ત્રીના જમાઇ તા. ૨૧-૪-૨૬ના કૈલાસવાસી થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૫-૪-૨૬ શનિવારના સાંજે ૫થી ૭. નિવાસસ્થાને : ૨૦૧-૨૦૨, બીજે માળે, બી-વિંગ, મલાડ શોપિંગ સેન્ટર, એસ. વી. રોડ, બાલાજી હોટેલ સામે, મલાડ (વેસ્ટ).

**કપોળ**

દેરડીવાળા હાલ કાંદિવલી, પ્રાણજીવનભાઈ (ઉં.વ.૮૮) તા. ૧૯/૪/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. જયાબેન મણીભાઈ મહેતાના પુત્ર. સ્વ. કાંતાબેનના પતિ. શોભના, સંદીપ, અલ્પા, નિલેશના પિતા. પરેશ, કેતન, પ્રિતી, સોનલના સસરા. સ્વ. બાબુભાઇ, સ્વ. રમણીકભાઇ, સ્વ. મહેન્દ્રભાઈ, અમીદાશભાઈ, સ્વ. તારાબેન, સ્વ. વિજુબેન, સ્વ. ઈચ્છાબેન, સ્વ. જમનાબેન, સ્વ. કળાબેનના ભાઈ. સ્વ. ધનજીભાઈ કલ્યાણજી મહેતાના જમાઈ. પ્રાર્થનાસભા ૨૫/૪/૨૬ના રોજ ૫ થી ૭. વર્ધમાન સ્થા જૈન સંઘ, પાંચમે માળે, પારેખ લેન કોર્નર, કાંદિવલી વેસ્ટ.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

માંગરોળ નિવાસી, જગદીશચંદ્ર ગીરધરલાલ વશરામ મર્થક (ઉં.વ.૮૩) તે સ્વ. ઉષાબેનના પતિ. સ્વ. હરકિશનદાસ, સ્વ. જવાહરલાલ, સ્વ. અજિતકુમાર તથા સ્વ. મંજુલાબેન તુલસીદાસ જાજલ અને દેવકુંવરબેન મર્થકના ભાઈ. ગોંડલ નિવાસી સ્વ. રતિલાલ હરજીવનદાસ પડીયાના જમાઈ. સ્વ. રમણીકલાલ સેતાના ભાણેજ. આશિષ, અજય, પ્રશાંત અને ચિરાગના પિતાશ્રી. ૨૧.૪.૨૬ના મંગળવારના રાજકોટ શ્રીજીચરણ પામ્યા છે. તેમની સાદડી તા. ૨૪.૪.૨૬ના રોજ સાંજના ૪ થી ૬. ઠે. ફ્લેટ નંબર ૬૦૨, સ્વામી દર્શન સોસાયટી, યાદવ ડેરીની ઉપર, નિર્મલ કોલેજ પાસે, સમૃદ્ધિ સોસાઈટીની સામે, કાંદિવલી વેસ્ટ.

**ઇડર ઔદિચ્ય પિસ્તાલીસ બ્રાહ્મણ**

ગામ બ્રહ્મપુરી, હાલ મુંબઈ, ગ.સ્વ. તારાબેન ગીરીશકુમાર જાની (ઉં.વ.૮૩) તા.૨૦/૪/૨૬ને સોમવારના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તે સ્વ. ગીરીશકુમાર ભાનુપ્રસાદ જાનીના પત્ની. રોનકના માતૃશ્રી. જાગૃતીના સાસુ. કલ્પેશ બિપીનભાઈ જાનીના ભાભી. બ્રહ્મપુરી નિવાસી નરહરિભાઇ જાની, સ્વ. જગદીશભાઇ, સંજય જાની અને સ્વ.ગીતાબેન કાન્તીલાલ ભટ્ટના બહેન. તેમની પ્રાર્થનાસભા તા. ૨૪/૪/૨૬ને ૫ થી ૭. કેવલબાગ ટ્રસ્ટ, કિલાચંદ રોડ, ફ્લાયઓવર પાસે, શંકરગલ્લી લેન સિગ્નલ સામે, એસ.વી.રોડ કાંદિવલી વેસ્ટ.

**ઘોઘારી લોહાણા**

મૂળગામ અમરેલી હાલ બોરીવલી, સ્વ. કિરણકુમાર ધીરજલાલ આડતિયાના ધર્મપત્ની ગં.સ્વ. સરોજબેન (ઉં.વ.૭૯) ૨૩/૪/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. વિનય, બીના પરાગ કાનાણી તથા મનીષના માતુશ્રી. શિલ્પા તથા નમીતાના સાસુ. પિયરપક્ષે મોરબી ટંકારા નિવાસી સ્વ. વાલીબેન લવજીભાઈ કક્કડના દીકરી. વિપુલભાઈ આડતિયા તથા પ્રવિણાબેન મહેન્દ્રભાઈ મજીઠીયાના ભાભી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છ ગુર્જર ક્ષત્રિય**

ખંભરા નિવાસી હાલ કલ્યાણ, અ.સૌ. રંજનબેન પ્રાગજીભાઈ રાઠોડ (ઉં.વ.૭૪) બુધવાર તા.૨૨/૪/૨૬ના અવસાન પામેલ છે. તે સ્વ. કેશવજી ધનજી પઢિયારના દીકરી. પ્રાગજીભાઈ દેવશીના પત્ની. અશ્વિન, સોનલના માતાશ્રી. મીનલ, પ્રવીણ વરુના સાસુ. રમેશભાઈના બહેન. તેમની પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૨૪/૦૪/૨૬ના સાંજે ૪.૦૦ થી ૬.૦૦. શ્રી જલારામ સભા ગૃહ, મહાજન વાડી, સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ, કલ્યાણ (પ).

**હાલાઈ લોહાણા**

મૂળગામ દ્વારકા હાલ થાણા, રમાબેન અરૂણકુમાર ઠક્કર (દાવડા) (ઉં.વ.૭૯) બુધવાર તા.૨૨/૪/૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. અરૂણકુમાર લક્ષ્મીદાસ દાવડાનાં ધર્મપત્નિ. સ્વ. લક્ષ્મીદાસ રતનશી દાવડાનાં પુત્રવધુ. પ્રશાંત, યતીનના માતુશ્રી. સ્વ. નારણદાસ તુલસીદાસ ઠક્કરનાં પુત્રી. નિકીતા પ્રશાંત ઠક્કર અને ગ્રીષ્મા યતીન ઠક્કરના સાસુ. તેમની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૪/૪/૨૬ સાંજે ૪.૩૦ થી ૬. રઘુવંશી હોલ, શ્રી થાણા હાલાઈ લોહાણા મહાજનવાડી, ખારકર આળી, થાણા વેસ્ટ. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી વણિક**

પેટલાદ નિવાસી હાલ વાલકેશ્વર, નીરૂબેન (ઉં.વ.૧૦૨) સ્વ. ધીરૂભાઈ ચોકસીના ધર્મપત્ની. સ્વ. શરદ, સ્વ. હેમંત, વર્ષા તથા દિનાના માતુશ્રી. ગં.સ્વ. કાન્તાબેનના દેરાણી. ગં.સ્વ. શ્વેતા, ગં.સ્વ. અમીતા, સ્વ. અતુલ તથા સુકેતુના સાસુ. નીલ, કરીશ્મા, ક્રિષા, સમીર, સીમા, ચાંદનીના દાદી. તા. ૧૮-૪-૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિસલનગરા નાગર**

ગામ સોજા, હાલ કાંદિવલી, પ્રતિમાબેન રમેશચંદ્ર પંડ્યા (ઉં.વ.૭૭) તે રમેશભાઈના ધર્મપત્ની. સૌ. વિશાખા બોરે, સૌ. શીતલ બુચના માતુશ્રી. સ્વ. મનહરવદન ચીમનલાલ ભટ્ટ (ગામ - નારદીપુર)ના સુપુત્રી. ડો. યોગેન ભટ્ટના બહેન. ઉન્નતિ બોરે, ઉર્શિતા બુચના નાની. નરસિંહા બોરે, મૌલિક બુચના સાસુ. તા. ૨૨/૪/૨૬, બુધવારના રોજ શ્રીહાટકેશશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે. સરનામું ૮૦૧, શાર્દુલ એપાર્ટમેન્ટ, ક્રોસ રોડ નંબર ૧, અશોકનગર, કાંદિવલી પૂર્વ.

**લોહાણા**

ભિવંડી નિવાસી, માધુરી જનેશ રાયચા (ઉં.વ.૫૮) તે સ્વ. જનેશ જયંતીલાલ રાયચાના પત્ની. તે સ્વ.જયંતીલાલ મેઘજી રાયચાના પુત્રવધૂ. અનિલભાઈના ભાભી. મંગળવાર તા. ૨૧.૪.૨૬ના રોજ ભિવંડી મુકામે દેવલોક પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

જાફરાવાદવાળા હાલ મુંબઈ, જિતેન્દ્ર પુરુષોત્તમદાસ મહેતા (ઉં.વ.૮૧) ૨૨.૪.૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. વિમલાબેન પુરુષોત્તમદાસ કેસુરદાસ મહેતાના દીકરા. સ્વ. દેવી જિતેન્દ્ર મહેતાના પતિ. સ્વ. ઉર્મિલાબેન વલ્લભદાસ લક્ષ્મીદાસ ખીરાના જમાઈ. સ્વ. હર્ષદભાઈ, વિનોદરાય (વિનુભાઈ), ચારુબેન વિજયકુમાર ચવ્હાણ અને સ્વ. રમેશભાઈના ભાઈ. હીના જોસેફ વર્ગીઝના પિતા. ડેલ્સી, એની અને જેરાર્ડના નાના. લૌકિક પ્રથા બંધ છે.

## પારસી મરણ

અસપી કૈખશરુ સંતોક તે દીનાઝના ધની. તે મરહુમો મનીજે કૈખશરુ સંતોકના દીકરા. તે રોશન તથા મરહુમો કેરસી ને તેમુરસના ભાઇ. તે અનાહીતા ને પેશોતનના મામા. તે મરહુમો ધન એરચશા તવરીયાના જમાઇ. (ઉં. વ. ૮૬) રે. ઠે. શીવમ અપાર્ટમેન્ટ, ફ્લેટ નં-૩, જે. પી. રોડ, બોન બોન શુઝ, અંધેરી (વેસ્ટ), આઝાદ નગર, મુંબઇ-૫૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૪-૪-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે અંધેરી પટેલ અગિયારીમાં છેજી.

## જૈન મરણ

**જામનગર હાલાર વિશા શ્રીમાળી જૈન**

ધ્રાફા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. મંજુલાબેન તથા સ્વ. જયસુખલાલ ભગવાનજીભાઇ દોશીના સુપુત્ર હિતેશ (ઉં. વ. ૬૩) ગુરુવાર, તા. ૨૩-૪-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે યોગેશ, કેતન, વર્ષા દિલીપ દડીયાના ભાઇ. ચિ. નમ્રતા, ચિ. રૈનિલના પિતાશ્રી. વિરાજ વિવેકભાઇ સામંતના સસરા. સ્વ. સંગીતા તથા સ્વ. હેતાના પતિ. નિરંજનાબેન નવનીતલાલ ગોવિંદજી વોરાના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દિગંબર જૈન**

સોનગઢ નિવાસી હાલ બેંગલોર સ્વ. અરુણાબેન જયસુખભાઇ કોઠારીના પુત્ર હિતેન (ઉં. વ. ૫૩) તા. ૧૯-૪-૨૬ રવિવારના રોજ અરિહંતશરણ પામેલ છે. તે અર્પિતા (અમી)નાં પતિ. ક્રિનાના પિતા. હેમલ જયેશભાઇ પંચમીયા તથા અમીતા અમીતભાઇ શાહના ભાઇ. તે ગોંડલ નિવાસી સ્વ. વીણાબેન બીપીનચંદ્ર કિશોરકાંત દેસાઇના જમાઇ. પૂ. સ્વ. જયંતીભાઇ, વિનોદભાઇ, નગીનભાઇ તથા સ્વ. દિલીપભાઇનાં ભત્રીજા. પ્રાર્થનાસભા તા. ૨૪-૪-૨૬ના શુક્રવારે ૪થી ૬.૩૦. ઠે. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડીયા નગર, ઘાટકોપર (ઇસ્ટ).

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

જામખંભાળિયા નિવાસી, હાલ વિલેપાર્લે જગદીશભાઈ ખજુરિયા (ઉં.વ.૮૬) ૨૨/૪/૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે વસનજી લક્ષ્મીચંદ ખજુરિયાના સુપુત્ર. સ્વ. જયશ્રીબેનના પતિ. સુકેશભાઈના પિતા. ઉમેદલાલ રવિકાન્ત ઉદાણીના જમાઈ. સ્વ. હીરાબેન, સ્વ. ધનીબેન, સ્વ. લીલમબેન, સ્વ. ધીરજબેન, અ.સૌ. સરયુબેન (સ્મિતાબેન) અને સ્વ. અનિલભાઈના ભાઈ. પ્રાર્થનાસભા તથા લૌકીક વ્યવહાર બંધ છે.

**વિશા શ્રીમાળી જૈન**

કનાસાનો પાડો, પાટણ, હાલ જુહૂ મુંબઈ, પ્રવીણ વ્રજલાલ શાહ (ઉં.વ.૮૬) સ્વ. હેમલતાબેનના પતિ. વિરેશભાઈ અને જીજ્ઞાબેન(પિન્કી)ના પિતાશ્રી. જીજ્ઞાબેન અને દેવાંગભાઈના સસરા. રાશિ અને સ્મિતના દાદા. આયુષ અને જશના નાના. દ્વીપભાઈના દાદાસસરા. ૨૨/૪/૨૬, બુધવારના અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી મૂર્તી પૂજક જૈન**

ધોલેરાબંદર નિવાસી હાલ બોરીવલી, કસ્તુરીબેન કાંતીલાલ શાહના પુત્રવધુ ચંદનબેન તે અરવિંદભાઈના ધર્મપત્ની (ઉં.વ.૭૯) કેતનભાઈ, હિરવાબેન, પારુલબેનના માતુશ્રી. ડિમ્પલબેન, વિપુલકુમાર સંજયકુમારના સાસુ. રાજવી, દેવાંશી, આયુષ, કેવીનના દાદી. પિયરપક્ષે વઢવાણ નિવાસી ઝવેરીબેન ચીમનલાલ દોશીના દિકરી. તા. ૨૨-૪-૨૬ના બુધવાર રોજ અરિહંતશરણ થયેલ છે. ભાવયાત્રા શનિવાર, તા. ૨૫-૪-૨૬ના રોજ સવારે ૧૦ થી ૧૨. સ્થળઃ જી. એચ. હાઇસ્કુલ હોલ, સ્ટેશનની બાજુમાં, બોરીવલી ઈસ્ટ.

**સ્થાનકવાસી જૈન**

મોટા કોટડા નિવાસી હાલ ભાયંદર, ઊર્વી નિમિત રૂપાણી (ઉં.વ.૩૮) તા. ૧૯-૪-૨૬, રવિવારના રોજ અરિહંતશરણ પામેલ છે. તે નિમિત દિલીપ રૂપાણીના પત્ની. ગં.સ્વ. હંસાબેન બકુલભાઈ શાહના પુત્રી. ઇલાબેન દિલીપભાઈ રૂપાણીના પુત્રવધુ. નેત્રના મમ્મી. ધારા મિતેશ શાહના નણંદ. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ભાવનગર નિવાસી હાલ મુંબઇ, અનીલભાઇ હરગોવીંદદાસ ગોસળીયા (ઉં.વ.૯૮) બુધવાર તા. ૨૨-૪-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. સુભલબેનના પતિ. દિલીપભાઈ, સ્વ. ઉદયભાઇ અને કલ્પનાબેનના પિતાશ્રી. સ્વ. કાંતીભાઇ, સ્વ. રસીકભાઇ, સ્વ. તારાબેન તથા કુસુમબેનના ભાઈ. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોખાના યમીત મણીલાલ ધરોડ (ઉં.વ. ૪૬) ૨૧-૪-૨૬ના અવસાન પામેલ છે. કેસરબેન રવજી માણેકના પૌત્ર. પ્રભાબેન મણીલાલના સુપુત્ર. કપાયાના ઉર્વી હીરેનના ભાઇ. કપાયાના મણીબેન મોરારજી (ગાભુ) જેઠાના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. ફોન આવકાર્ય. એડ્રેસ : મણીલાલ ધરોડ, ૩૦૮-સી, રાધાકુંજ, નીવેટીયા રોડ, મલાડ (ઇ.)

વડાલાના ભાવિન નવિનચંદ્ર શાહ (સોની) (ઉં.વ.૫૧) ૨૨-૪-૨૬ના અવસાન પામેલ છે. રંજનબેન નવિનના પુત્ર. સંગીતાના પતિ. દિશાંતના પિતા. વિમેશના ભાઇ. યુપીના સુમારી દ્વારીકા મિશ્રાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : સંગીતા ભાવિન સોની, ૩૦૨, જય સોનાલી બીલ્ડીંગ, સાઇબાબા હોસ્પીટલની પાછળ, બી.પી. રોડ, ભાયંદર (ઇ.)

નરેડીના દેવકાબેન વિસનજી નાગડા (ઉં.વ.૮૦) ૨૦-૪-૨૬ના અવસાન પામેલ છે. ધનબાઇ ગાંગજી જેઠાના પુત્રવધૂ. વિસનજીભાઇના પત્ની. ગઢશીશાના કુંવરબાઇ શામજી પચાણના સુપુત્રી. મોહનલાલ, મોરારજી, દેવચંદ, હમલા મંજલના ચંચળબેન જીવરાજ ભાણજી, બાડાના નવલબેન જગશી ગોસરના બેન. પ્રાર્થના રાખેલ નથી. ફોન આવકાર્ય. નિ. રંજનબેન મોરારજી દેઢીયા, એ-૧૦૨, ઓધવ કે.કે. રેસીડેન્સી, નારાયણ નગર, એલ.બી.એસ. રોડ, ઘાટકોપર (વેસ્ટ).

ડુમરાના વિજયાબાઈ મુરજી ગાલા (ઉં.વ.૮૪) ૨૦/૪/૨૬ના અરિહંતશરણ પામેલ છે. મુરજીના ધર્મપત્ની. કુંવરબાઈ માવજી પચાણના પુત્રવધૂ. અમૃત, હીરાલાલ, નરેન્દ્ર, નયના, દમયંતીના માતુશ્રી. લઠેડીના દેમીબાઈ હરશી કુંવરજીના પુત્રી. ચાંપશી, મુરજી, કસ્તુર, કલ્યાણબાઈની બહેન. ગુણાનુવાદ : તા.૨૪/૪/૨૬, શ્રી હૈદરાબાદ કચ્છી ભવન, ટા.૧૦.૩૦ થી ૧૧.

બિદડાના લક્ષ્મીચંદ લાલજી ફુરીયા (ઉં.વ.૮૬) ૨૨-૪-૨૬ના અવસાન પામેલ છે. લાડબાઈ લાલજીના પુત્ર. કસ્તુરબેનના પતિ. સમીર, ભારતી, દિવ્યા (નેહા)ના પિતા. નેમચંદના ભાઈ. નાના ભાડિયા પાનબાઈ શીવજી ધનજી ગડાના જમાઈ. પ્રા.શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં.કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા. ૪ થી ૫.૩૦.

દેશલપર હાલે બિદડાના રમેશ હરશી વીરા (ઉં.વ. ૬૦) સુરત મુકામે તા. ૨૩-૪-૨૬નાં અવસાન પામ્યા છે. તે સ્વ. સાકરબેન/ સ્વ. કેસરબેન ચાંપશી પોલડીયાના સુપુત્ર. કાંતાબેનના પતિ. ભાવિનના પિતા. સ્વ. સંગીતા, પરેશ, લાખાપરના સરલાબેન નવિનચંદ્ર શેઠીયા, બેરાજાના પ્રવિણાબેન રમણીકલાલ સૈયાના ભાઇ. સુરત (ભેસ્તાન)ના ભચીબાઇ છીમુભાઇ પટેલના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસસ્થાન : ભાવિન રમેશ વીરા, ૧૦૩, સોમેશ્વર નગર-૨, મિતાલી ગ્યાસ સર્વિસની બાજુમાં, જીયાવ બુડીયા રોડ, ભેસ્તાન (સુરત).

નવમા પાનાનું ચાલુ

### મ્યુઝિકલ કૉન્સર્ટમાં ડ્રગ્સ

પટેલને ડ્રગ્સ સપ્લાય કર્યું હતું. તે સતત પટેલના સંપર્કમાં હોવાનું તપાસમાં સામે આવ્યું હતું.

કૉલેજ સ્ટુડન્ટ આયુષનો કોઈ ગુનાહિત રેકોર્ડ ન હોવાનું પોલીસનું કહેવું છે. પોલીસ કસ્ટડીમાં રહેલા આયુષની વધુ પૂછપરછ પછી અંદાજે ૧૫ લાખ રૂપિયાની ૯૩૩ ટેબ્લેટ્સ હસ્તગત કરવામાં આવી હતી. આ એક્સ્ટસી ટેબ્લેટ્સ આનંદ પટેલે કુરિયર મારફત સ્ટુડન્ટ્સ સુધી પહોંચી હતી.

દરમિયાન બુધવારે પોલીસે આ કેસમાં ઉલ્હાસનગરમાં રહેતી જિયા જેકબ (૩૩)ની ધરપકડ કરી હતી. ગુરુવારે કોર્ટ સમક્ષ હાજર કરાયેલી જિયાને સોમવાર સુધીની પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી. ડ્રગ્સની ખરીદીની રકમ જિયાના બૅન્ક ખાતામાં જમા થઈ હોવાનું પોલીસ તપાસમાં જણાયું હતું. પોલીસે જિયાના આર્થિક વ્યવહારની તપાસ કરવા માટે તેનું બૅન્ક ખાતું ફ્રીઝ કર્યું હતું. જિયાના પકડાવાથી આ કેસના આરોપીઓની સંખ્યા ૧૧ થઈ હતી.

### ઘોડબંદર રોડ

સુધી કરોડો રૂપિયા ખર્ચ્યા છે. તેમ છતાં હજુ સુધી આ બાબતે કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. આ માર્ગ પર ખાડા અને ટ્રાફિક જામ જેવી મુખ્ય સમસ્યાઓ તો છે જ હવે અહીંના ઘાટ માર્ગ પર રસ્તાની કિનારે આવેલા વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાઓ પણ વધવા લાગી છે. આ વિસ્તારમાં મોટા પાયે ચાલી રહેલા કામોને કારણે કુદરતી સંતુલન બગડ્યું હોવાની ફરિયાદ પર્યાવરણ પ્રેમીઓએ કરી હતી. તેમાં હવે રસ્તાની બાજુના વૃક્ષો પડવા લાગ્યા હોવાનું સામે આવ્યું છે. ઘોડબંદર રોડ પર જૂના અને જોખમી વૃક્ષો પહાડી ઢોળાવને કારણે સીધા રસ્તા પર પડી રહ્યા છે, જેનાથી ગંભીર અકસ્માતનો ભય છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, મિરા-ભાયંદર મહાનગરપાલિકાનું ઉદ્યાન વિભાગ હવે આ માર્ગ પરના વૃક્ષોનું સર્વેક્ષણ હાથ ધરશે, તેવી માહિતી વરિષ્ઠ અધિકારીઓએ આપી હતી.

### નોટબંધીમાં જપ્ત કરાયેલી

રહ્યો હતો, જ્યારે પોલીસે પૈસા જપ્ત કર્યા હતા. મહાનગરપાલિકા ચૂંટણીને ધ્યાનમાં રાખીને પોલીસ પેટ્રોલિંગ ટીમે તેના વાહનને અટકાવી સાવચેતીના પગલા તરીકે બે લાખ રૂપિયાની રોકડ જપ્ત કરી માહુર પોલીસ સ્ટેશનમાં જમા કરાવી હતી. જપ્તીની

જાણ આવકવેરા વિભાગને કરવામાં આવી હતી, જેણે પાછળથી નિષ્કર્ષ કાઢ્યો હતો કે પૈસા કાયદેસર છે અને આગળની કોઈ કાર્યવાહીની જરૂર નથી. આ નોટો ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ ના રોજ મલાનીને પરત કરવામાં આવી હતી.

ભારત સરકારે ૮ નવેમ્બર, ૨૦૧૬ ના રોજ એક જાહેરનામું બહાર પાડ્યું હતું, જેમાં ૫૦૦ અને ૧,૦૦૦ રૂપિયાની ચલણી નોટોને કાયદેસર જાહેર કરવામાં આવી હતી. નોટિફિકેશનમાં નાગરિકોને ૩૦ ડિસેમ્બર, ૨૦૧૬ સુધી તેમની બેંકોમાં વિનિમય માટે ઉપરોક્ત ચલણી નોટો જમા કરવાની મંજૂરી આપવામાં આવી હતી. જાન્યુઆરી ૨૦૧૭માં મલાનીએ નોટો બદલવાની માગ કરીને આરબીઆઈનો સંપર્ક કર્યો હતો. જોકે તેમની વિનંતી ફગાવી દેવામાં આવી હતી. (પીટીઆઈ)

### કેશ વૅનમાંથી

સુશાંત દીપક કાસારે (૩૨) અને સુફિયાન રઝબ અલી (૨૩) તરીકે થઈ હતી. બોરીવલી પશ્ચિમના ગોરાઈ પરિસરમાં રહેતા બન્ને આરોપી પાસેથી ૬૨.૭૪ લાખ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા હતા.

પોલીસના જણાવ્યા મુજબ આરોપી કાસારે છેલ્લાં પાંચ વર્ષથી બૅન્કોનાં એટીએમમાં કૅશ ભરનારી કંપનીમાં કામ કરતો હતો. તેને રોકડ ભરેલી બૅગ વૅનના જે ભાગમાં મૂકવામાં આવે તેના દરવાજાના લૉકની સારીપેઠે જાણકારી હતી. મંગળવારની રાતે ૯.૪૦ વાગ્યાની આસપાસ કંપનીની કૅશ વૅન કાંદિવલી પશ્ચિમમાં એમ. જી. રોડ પર આવેલા એટીએમ સેન્ટર બહાર ઊભી હતી. વૅનનો ગાર્ડ એક કર્મચારી સાથે એટીએમ સેન્ટરમાં રોકડ ભરેલી બૅગ સાથે ગયો હતો ત્યારે આરોપી કાસારે વૅન પાસે ઊભો હતો. વૅનનો ડ્રાઈવર તેની સીટ પર બેઠો હતો. ડ્રાઈવર બે ધ્યાન હતો ત્યારે દરવાજો ખોલીને કાસારેએ વૅનમાંથી રોકડ ભરેલી બે બૅગ સેરવી લીધી હતી અને વૅનની પાછળ ઊભેલી કારમાં બન્ને બૅગ મૂકી દીધી હતી. પોલીસ તપાસમાં જણાયું હતું કે એ કારની સગવડ કાસારેના આરોપી મિત્ર અલીએ કરી હતી. યોજનાબદ્ધ રીતે કાર વૅન પાછળ પાર્ક કરવામાં આવી હતી. રોકડ ચોર્યા પછી આરોપી કારમાં ફરાર થઈ ગયા હતા. આ અંગે બીજા કર્મચારીને જાણ થતાં પોલીસ ફરિયાદ કરાઈ હતી.

પોલીસે ઘટનાસ્થળ નજીક લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે લાલ રંગની કારને ઓળખી કાઢી હતી. ફૂટેજને આધારે આરોપીના ઓળખીતાઓની પૂછપરછ કરીને આરોપી સંબંધી માહિતી મેળવવામાં આવી હતી. ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરતાં કાર રાયગડ જિલ્લાના મહાડની દિશામાં જતી નજરે પડી હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસની ટીમે તાત્કાલિક કારનો પીછો શરૂ કર્યો હતો. પેણ તાલુકાના નાગોઠાણે ખાતેના બાભળી ગામ પાસે કારને આંતરવામાં આવી હતી. પોલીસ આરોપીઓની વધુ પૂછપરછ કરી રહી છે.

### વિધાન પરિષદની ચૂંટણી

કામ કરતા જૂના ચહેરાઓથી લઈને આક્રમક નેતૃત્વ સુધીના બધાનો સમાવેશ થાય છે.

આ સંભવિત યાદીમાં સૌથી વધુ ચર્ચા કોંકણના અતુલ કળસેકરની છે. પાર્ટી સિંધુદુર્ગ જિલ્લા બેંકના ભૂતપૂર્વ પ્રમુખ અને પ્રદેશ ઉપાધ્યક્ષ કળસેકરને મેદાનમાંરીને કોંકણમાં ભાજપની તાકાત વધારવાનો ઇરાદો ધરાવે છે. એવી પ્રબળ શક્યતા છે કે સંજય કેનેકરને મરાઠવાડામાંથી ઓબીસી ચહેરા તરીકે બીજી તક મળશે. મરાઠવાડામાં બેઠકોની વહેંચણીની ગણતરીમાં વિધાનસભા બેઠકોની અછતની શક્યતા હોવાથી સંતુલન જાળવવા માટે કેનેકરને પરિષદમાં મોકલી શકાય છે.

હિન્દુત્વના આક્રમક ચહેરા ભૂતપૂર્વ સાંસદ નવનીત રાણા વિદર્ભથી આગળ છે અને તેમને વિધાન પરિષદમાં તક આપીને વિદર્ભમાં પાર્ટીનો પ્રભાવ વધારવા માટે એક પગલું ભરવામાં આવી શકે છે. મહિલાઓ અને સંગઠનાત્મક કુશળતાને ધ્યાનમાં રાખીને થાણેથી માધવી નાઈકનું નામ વિચારવામાં આવી રહ્યું છે.

ઉપરાંત સંઘ પરિવારના વરિષ્ઠ પદાધિકારી અને ઉત્તર મહારાષ્ટ્રથી 'બેટી બચાવો બેટી પઢાઓ'ના રાષ્ટ્રીય સંયોજક ડો. રાજેન્દ્ર ફડકેનું નામ પણ ચર્ચામાં છે. સોશિયલ એન્જિનિયરિંગ અને આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને આ નામોની પસંદગી કરવામાં આવે તેવી શક્યતા છે અને એવા સંકેતો છે કે ટૂંક સમયમાં આની સત્તાવાર પુષ્ટિ થશે.

### ઉદ્ધવ ઠાકરે

રોજ નિવૃત્ત થઈ રહ્યા છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા સમયપત્રક મુજબ, ૧૨ મેના રોજ મતદાન યોજાશે. ઠાકરે નવેમ્બર ૨૦૧૯માં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન તરીકે કાર્યભાર સંભાળ્યાના લગભગ છ મહિના પછી, મે ૨૦૨૦માં વિધાન પરિષદ (એમએલસી)ના સભ્ય બન્યા હતા.

એક નિવેદનમાં, સુળેએ કહ્યું હતું કે ઠાકરે એક વરિષ્ઠ અને અનુભવી નેતા છે જેમની ગૃહમાં હાજરી રાજ્ય અને વિધાનસભા બંનેને લાભદાયી રહેશે.

ઉદ્ધવજી ઠાકરે એક અનુભવી નેતા છે. તેમનો અનુભવ રાજ્યને માર્ગદર્શન આપતો રહેશે અને કાઉન્સિલની કામગીરીને સમૃદ્ધ બનાવશે. અમે તેમને વિનંતી કરીએ છીએ કે તેઓ આ અપીલને સકારાત્મક રીતે ધ્યાનમાં લે, એમ બારામતીના લોકસભા સાંસદે જણાવ્યું. ઠાકરે સાથેની મુલાકાત બાદ પત્રકારો સાથે વાત કરતા, સપકાળે કહ્યું હતું કે તેમની ચર્ચા વિધાન પરિષદની ચૂંટણીઓ પર નહીં, પરંતુ એમવીએની અંદર સંવાદ પર કેન્દ્રિત હતી.

તેમણે કહ્યું કે ઠાકરે એમવીએનો ચહેરો છે અને જો તેઓ કાઉન્સિલની ચૂંટણી લડે તો લોકો ખુશ થશે.

આગામી વિધાનસભા પરિષદની ચૂંટણીઓ પર કોઈ ચર્ચા થઈ છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા, સપકાળે કહ્યું હતું કે, 'રાજ્યસભાની ચૂંટણીઓ પહેલા પણ, અમે કહેતા હતા... એ હકીકત છે કે કોંગ્રેસ ચૂંટણી લડી શકતી નથી. ઉદ્ધવ ઠાકરે એમવીએનો ચહેરો છે અને જો તેઓ વિધાનસભા પરિષદની ચૂંટણી લડે તો લોકો ખુશ થશે.'તેમણે વધુમાં કહ્યું કે વર્તમાન રાજકીય પરિસ્થિતિ અને ભવિષ્યમાં આવનારા પડકારો પર વિગતવાર ચર્ચા થઈ છે.

ત્રણેય પક્ષો સાથે બેસીને ચર્ચા કરશે અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં નિર્ણયો લેશે, એમ તેમણે વિધાનસભા પરિષદની ચૂંટણીમાં વિપક્ષની એકમાત્ર જીતી શકાય તેવી બેઠક પર ચૂંટણી લડવા અંગે કહ્યું.

કાઉન્સિલની ચૂંટણી માટે ઉમેદવારી પત્રો દાખલ કરવાની પ્રક્રિયા ૨૩ એપ્રિલથી શરૂ થઈ હતી અને ૩૦ એપ્રિલ સુધી ચાલુ રહેશે.

ભાજપે નવમાંથી ચાર બેઠકો પર ચૂંટણી લડવાનો નિર્ણય લીધો છે.

વિધાનસભામાં હાલની સંખ્યા જોતાં, ભાજપ, શિવસેના અને એનસીપીનો સમાવેશ કરતો શાસક મહાયુતિ ગઠબંધન ૧૦ માંથી નવ બેઠકો પર જીત મેળવે તેવી શક્યતા છે, જ્યારે વિપક્ષ માત્ર એક બેઠક જીતે તેવી શક્યતા છે.

### વેપારી પાસેથી

જેએન્ડકે ટીમનું પ્રતિનિધિત્વ કર્યું છે. સૂત્રોના જણાવ્યા મુજબ વેપારીએ ફરિયાદમાં આક્ષેપ કર્યો હતો કે ફરખાંદા અને તેના સાથીદારોએ બ્લેકમેઇલ કરીને તેની પાસેથી ૬૩ લાખ રૂપિયા પડાવ્યા હતા.

વેપારી અને ફરખાંદા ૨૦૨૩માં સોશિયલ મીડિયા મારફત એકબીજાના સંપર્કમાં આવ્યાં હતાં અને બંને વચ્ચે બાદમાં મિત્રતા થઇ હતી. દરમિયાન ફરખાંદાએ વેપારીના કૉલ્સ રેકોર્ડ કર્યા હતા તેમ જ વેપારીએ મોકલેલલા મેસેજના સ્ક્રીનશોટ્સ કાઢી લીધા હતા, જે બાદમાં તેણે વેપારીને મોકલ્યા હતા અને રૂપિયાની માગણી કરી હતી. રૂપિયા ન આપે તો જીવન બરબાદ કરવાની ધમકી આપી તેણે આપી હતી. આમ તેણે વેપારીને બ્લેકમેઇલ કરીને ૨૩ લાખ પડાવ્યા હતા. દરમિયાન ફરખાંદાના ભાઇ બાઝિલ અને તેના મિત્રએ ચેટ્સ વાયરલ કરવાની ધમકી વેપારીને આપી હતી અને વેપારીએ તેમને ૪૦ લાખ રૂપિયા ચૂકવ્યા હતા.

### પાંચમું અને આઠમું પાસ

અનેક પાત્ર વિદ્યાર્થીઓ બોર્ડ દ્વારા આપવામાં આવેલી સમયમર્યાદામાં નોંધણી કરાવી શક્યા ન હોવાથી તે વિદ્યાર્થીઓનું શૈક્ષણિક વર્ષ બગડે નહીં તે માટે જૂન-જુલાઈ ૨૦૨૫ની પરીક્ષાઓ માટે ખાનગી વિદ્યાર્થી તરીકે નોંધણી કરવાની તક આપવામાં આવી હતી. તે જ મુજબ જૂન-જુલાઈ ૨૦૨૬માં યોજાનારી પરીક્ષા માટે પણ શાળા બહારના ખાનગી વિદ્યાર્થીઓ, રાજ્ય બોર્ડના નિયમો અને શરતો અનુસાર શાળાઓ અને જુનિયર કોલેજોમાં નોંધણી કરાવી શકશે.

વિદ્યાર્થીઓએ નોંધણી માટે https://mahahsscboard.in/ વેબસાઇટનો ઉપયોગ કરવાનો રહેશે. નોંધણી કરતી વખતે વિદ્યાર્થીઓએ ઓરિજનલ ડોક્યુમેન્ટ અપલોડ કરવા પડશે. જો કોઈ કારણસર શાળા છોડ્યાનું પ્રમાણપત્ર હોય, તો તેની ઑરિજનલ કોપી જોડવી આવશ્યક છે. આગળના સંપર્ક માટે વિદ્યાર્થીનો મોબાઈલ નંબર અને ઈમેઈલ આઈડી હોવું જરૂરી છે. વિદ્યાર્થીઓએ અરજી પત્રક, ઓનલાઈન ફી ભર્યાની પહોંચની પ્રિન્ટ અને ઓરિજનલ ડોક્યુમેન્ટ, નોંધણી ફોર્મમાં દર્શાવેલ શાળા અથવા જુનિયર કોલેજમાં આપેલ સમયમર્યાદામાં જમા કરાવવાના રહેશે, તેવું રાજ્ય બોર્ડ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

### પક્ષપલટાનું કલંક

હતા. અશોક પવારની પત્ની થોડા મહિના પહેલા યોજાયેલી જિલ્લા પરિષદની ચૂંટણીમાં અજિત પવારની પાર્ટીના ચિહ્ન પર ચૂંટણી લડીને વિજયી પણ થઈ છે, છતાં તેમના કારખાનાને લોન મળી નથી.

બીજી તરફ શરદ લાડ પણ એવા લોકોમાં સામેલ છે જેમનો પક્ષપલટો સફળ રહ્યો છે. શરદ લાડના પિતા અરુણ લાડ વિધાન પરિષદના સભ્ય છે અને શરદ પવાર સાથે છે. જોકે, શરદ લાડ થોડા દિવસો પહેલા ફેક્ટરી માટે મદદ મેળવવા માટે ભાજપમાં જોડાઈ ગયા હતા. છત્રપતિ સહકારી ખાંડ ફેક્ટરી અજિત પવારના સમર્થકોના હાથમાં છે. પૃથ્વીરાજ જાચક અને ભાજપના અજિત પવારના સમર્થકોએ એક પેનલ બનાવી અને ચૂંટણી લડી અને ફેક્ટરી પર કબજો કર્યો. જોકે, આ ગઠબંધન કામ ન આવ્યું.

**કયા નેતાઓને ફટકો પડ્યો?**

રામેશ્વર સહકારી સુગર ફેક્ટરી લિમિટેડ (જાલના) - રાવસાહેબ દાનવે (ભાજપ) લોન દરખાસ્ત- રૂ. ૧૦૬.૦૮ કરોડ

શ્રી વિઠ્ઠલસાઈ કોઓપરેટિવ સુગર ફેક્ટરી લિમિટેડ (ધારાશિવ) - બસવરાજ પાટીલ (કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયા) લોન પ્રસ્તાવ - રૂ. ૭૨ કરોડ

ઘોડગંગા સહકારી ખાંડ ફેક્ટરી (પુણે) - રાવસાહેબદાદા પવાર (એનસીપી) - લોન દરખાસ્ત - રૂ. ૧૮૪.૧૨ કરોડ

સિદ્ધેશ્વર કોઓપરેટિવ સુગર ફેક્ટરી (સોલાપુર) ધર્મરાજ કાડાદી (કોંગ્રેસ)- રૂ. ૧૯૯.૯૪ કરોડ

કર્મયોગી કુંડલિકરાવ જગતાપ પાટીલ કુકડી સુગર ફેક્ટરી (અહિલ્યાનગર) - રાહુલ જગતાપ (એનસીપી-એસપી) - લોન દરખાસ્ત - રૂ. ૪૯.૮૫ કરોડ

# મૅટિની

# મધુબાલાનો તાજ કોના શિરે?

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

## ભારતીય ચિત્રપટ ઈતિહાસની સૌંદર્ય સમ્રાજ્ઞીને પડદા પર સાકાર કરવાનો કળશ કઈ અભિનેત્રીને માથે ઢોળાશે?


મધુબાલા

ફિલ્મ હોય, નાટક હોય કે વેબ સિરીઝ કે પછી ટીવી સિરિયલ હોય, પ્રત્યેક કલાકાર વૈવિધ્યપૂર્ણ ભૂમિકા કરવા તલપાપડ હોય છે. જોકે, બધાની બધી ઈચ્છા પૂરી નથી થતી. કોઈ ઈમેજમાં બંધાઈ જાય તો કોઈ પ્રયોગ કરવામાં થાપ ખાઈ જાય. આમ છતાં, દરેક કલાકાર એક ડ્રિમ રોલ ઝંખતો હોય છે. એક એવો રોલ જે કાયમ માટે સીને પ્રેમીના માનસપટ પર અંકિત થઈ જાય. આ પ્રકારના રોલ સાથે ગ્લેમર વીંટળાયેલું હોય છે અને સાથે એક પડકાર પણ હોય છે. એ પાત્ર ભજવવાની તક તો મળી ગઈ, પણ શું એ પાત્રને પોતાની અભિનય ક્ષમતાથી પૂર્ણ ન્યાય આપી શકાશે કે કેમ એ ચિંતા પણ કલાકારના છાના ખૂણે લપાઈને બેઠી હોય છે.

વિશાળ કેનવાસ પર ભવ્ય નિર્માણ હેઠળ ફિલ્મો બનાવવાની ખ્યાતિ ધરાવતા સંજય લીલા ભણસાલી નિર્મિત હિન્દી ચિત્રપટ સૃષ્ટિની સૌંદર્ય સામ્રાજ્ઞીનું બિરુદ મેળવનારી રૂપવતી મધુબાલાની બાયોપિકમાં રૂપેરી પડદા પર મધુબાલાને સાકાર કરવા માટે કઈ અભિનેત્રી મેદાન મારી જશે એ વિષે ઈન્ડસ્ટ્રીમાં કેટલાક નામ ચર્ચાઈ રહ્યા છે. દિગ્દર્શકના અભિપ્રાયનું વજન પડશે, પણ અંતિમ નિર્ણય તો ભણસાલી સાહેબ જ લેશે એ વિશે કોઈને શંકા નહીં હોય. મધુબાલાની બાયોપિકનું ડિરેક્શન આલિયા ભટ્ટની ફિલ્મ 'ડાર્લિંગ્સ'ની દિગ્દર્શિકા જસ્મિત કે. રીન કરવાની છે.

કોણ બનશે મધુબાલા? ચર્ચાયેલા પછી ચોકડી મારેલા અને આજની તારીખમાં જેના પલડાં ભારે છે એ અભિનેત્રીઓ કોણ છે એ જાણવું રસપ્રદ તો ચોક્કસ રહેશે.

### કિયારા અડવાણી




મધુબાલાની બાયોપિક બનશે એવી વાત વહેતી થતાની સાથે અમુક નામ એની મેળે વર્તુળમાં ગોળ ગોળ ઘુમવા લાગે. મજા તો એવી હોય કે ન તો એ નામ વિશે મેકરે વિચાર કર્યો હોય કે ન પેલા કલાકારએ એ દિશામાં વિચાર્યું હોય. મધુબાલા માટે કિયારા અડવાણીનું નામ છે એવી વાત સોશ્યલ મીડિયામાં વહેતી થઈ હતી. જોકે, કોઈ પણ પક્ષ તરફથી એને સમર્થન નથી મળ્યું. ટૂંકમાં આ એક ચગાવેલા પતંગથી વિશેષ કશું જ નથી.

### સારા અર્જુન



આદિત્ય ધરની 'ધુરંધર' અને એની સિક્વલમાં હમજા અલી મજારી (રણવીર સિંહ)ની પ્રેમિકા યાલીના જમાલીના કિરદારમાં પ્રભાવ પાડી ગયેલી સારા અર્જુન મધુબાલાની બાયોપિક માટે ફેવરિટ માનવામાં આવે છે. જે અભિનેત્રીઓ રેસમાં છે એમાં કદાચ સૌથી કોમળ મુખારવિંદ સારા અર્જુનનું છે. આ બાબત એના દાવાને મજબૂત બનાવે છે. પોતે કાબેલ અભિનેત્રી છે એ તો તેણે સાઉથની ફિલ્મો અને બે હિન્દી ફિલ્મોમાં સિદ્ધ કરી દીધું છે.

### શર્વરી વાઘ



યશરાજ ફિલ્મ્સની 'બંટી ઔર બબલી ૨'થી હિન્દી ફિલ્મોમાં પા પા પગલી માંડનારી શર્વરી વાઘના નામે એક પંજાની આંગળીઓ જેટલી ફિલ્મો પણ ન બોલતી હોવા છતાં આજની તારીખમાં એના નામ માટે અટકળ ઓછી, સંભાવના વધુ એવું કહેવાઈ રહ્યું છે. પલડું ભારે હોવાનું એક સબળ કારણ એ છે કે આ ચહેરો બહુ જાણીતો નથી. બીજું, ક્લોઝ અપમાં મધુબાલાના સૌંદર્ય અને મોહક વ્યક્તિત્વનો એનામાં અણસાર આવે છે. સિવાય, 'મુંજ્યા' અને 'વેદા' ફિલ્મોમાં એની અભિનય પ્રતિભાનો ખ્યાલ આવી ગયો છે.

### કલ્યાણી પ્રિયદર્શન



સાઉથની ચાર ભાષા ઉપરાંત હિન્દીમાં 'વિરાસત', 'હેરાફેરી', 'ભૂલભૂલૈયા' જેવી યાદગાર ફિલ્મો આપનારા ફિલ્મમેકર પ્રિયદર્શનની પુત્રી કલ્યાણી મધુબાલાની બાયોપિક માટે મજબૂત દાવેદાર ગણાય છે. પહેલી જ તેલુગુ ફિલ્મમાં એવોર્ડ મેળવી ગયેલી કલ્યાણી સાઉથની ત્રણ ભાષા તમિલ, તેલુગુ અને મલયાલમ ફિલ્મોમાં પ્રતિભાશાળી સાબિત થઈ રહી છે. બાયોપિકની દાવેદારોમાં સૌથી ઓછું જાણીતું નામ કલ્યાણીનું છે. આ વાત એના દાવાને સ્ટ્રોંગ બનાવી દે તો નવાઈ ન લાગવી જોઈએ.

### સાઈ પલ્લવી



સંજય લીલા ભણસાલી બાયોપિક માટે અન્ય જરૂરિયાતો સાથે નવા ચહેરા પર ભાર મૂકતા હોવાથી સાઉથની અભિનેત્રી અને ખાસ તો નિતેશ તિવારીની 'રામાયણ'માં સીતાના રોલ માટે ગાજેલી સાઈ પલ્લવીનું નામ ઘણું આગળ માનવામાં આવે છે. દસેક વર્ષમાં તમિલ – તેલુગુ ફિલ્મોમાં પ્રભાવ પાડવામાં સફળ રહેલી સાઈ પલ્લવીનું નામ હવે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પણ જાણીતું બની ગયું છે. 'રામાયણ' ઉપરાંત જુનૈદ ખાન સાથેની લવસ્ટોરી 'એક દિન'માં પણ સાઈ પલ્લવી કામ કરી રહી છે. આકર્ષક ચહેરો અને અભિનયની આવડતને કારણે સાઈ પલ્લવી બાયોપિક માટે મજબૂત દાવેદાર છે.

### અનિત પડ્ડા



બાયોપિક માટે ચર્ચિત અભિનેત્રીઓમાં ઉંમરમાં સૌથી નાની અનિત પડ્ડા 'જેન ઝી; (ડિજિટલ દુનિયામાં ઉછરેલી પેઢી)નાં દિલોમાં રાજ કરી રહી છે. એડવર્ટાઈઝિંગ ફિલ્મોથી શરૂઆત કરી રેવતીની 'સલામ વેન્કી'માં ચમકેલી અનિત પડ્ડા વિશેષ ધ્યાનમાં ન આવી, કારણ કે એક તો રોલ નાનો હતો અને ફિલ્મ સુપરફ્લોપ હતી. જોકે, ગયા વર્ષે 'સૈયારા'એ ધૂમ મચાવી અને અનિત યંગસ્ટર્સની માનીતી બની ગઈ. ફૂટડી દેખાતી અનિત અભિનયમાં પણ કાબેલ હોવાનું પૂરવાર થયું હોવાથી એનું નામ પણ ચર્ચામાં છે.

હવે જોઈએ આમાંથી કોણ મેદાન મારી જાય છે કે પછી મધુબાલા તરીકે કોઈ ન ધારેલા સરપ્રાઇઝ આપણી સમક્ષ આવશે? ખુદા જાણે... ! ■

# હાયલા, હીરોઈનની હોરર કથા... માનો તો માનો, યા માણો !

સ્ટાર-યાર-કલાકાર
સંજય છેલ


મે વેસ્ટ

'મેં એકવાર મારી પ્રતિષ્ઠા સમાજ સામે ખોઇ દીધી પણ પછી મને એની ક્યારેય જરૂર જ ના પડી.'

------

'હું સારી છું, ત્યારે બહુ સારી છું પણ ખરાબ હોઉં ત્યારે ઓર પણ બહેતર!'

------

'હું સિંગલ કે એકલી છું, કારણકે હું એ જ રીતે જન્મેલી.'

------

'સારી છોકરીઓ સ્વર્ગે જાય, ખરાબ તો બધે જ જઇ શકે.'

------

આવાં અનેક વિવાદાસ્પદ વિધાનો કરનાર બિંદાસ, સેક્સ સિંબોલ અભિનેત્રી-ગાયિકા- લેખિકા મે વેસ્ટે ૩૦-૪૦ના દાયકામાં બેબાક લાઇફ સ્ટાઇલ કે ગુદગુદાત્મક વાતો દ્વારા આખા અમેરિકાને હલાવી નાખેલું.

જેમ આપણા સફળ ફિલ્મ સ્ટાર વિનોદ ખન્નાને પણ થતું કે-આ બધા સુખો પછી આખરે શું? એટલે આધ્યાત્મિકતામાં વિનોદને રસ જાગ્યો ને બોલિવૂડ છોડીને એ રજનીશજીના માર્ગે વળી ગયેલા. એ જ રીતે હોલિવૂડની સનસનીખેજ સ્ટાર અભિનેત્રી, સેક્સ સિંબોલ, મે વેસ્ટને પણ થતું કે સેક્સ, સક્સેસ કે અમાપ પૈસો આખરે શું બચે છે?

અને શરૂ થઇ એક અગમનિગમની ગૂઢ ગાથા. એક ભવ્ય હીરોઇનની ભૂતકથા...

આમેય આજકાલ બોલિવૂડમાં અને સાઉથની કે ગુજરાતી ફિલ્મોમાં પણ ભૂતડાંઓની જ ફિલ્મોનો રાફડો ફાટ્યો છે. 'સ્ત્રી૧', 'સ્ત્રી' થી માંડીને છેક હમણાં આવેલ ભૂત બંગલા સુધી એટલી બધી ફિલ્મો બની છે કે હવે ભૂતડાંઓને પણ માણસોનો ડર લાગતો હશે કે હજી અમારા પર કેટલી ફિલ્મો બનાવાશે?

હા, તો ૧૯૪૧માં, મે વેસ્ટ એના મેનેજર જિમ ટિમોની અને મિકી નામના દોસ્ત સાથે કોઇ ધાર્મિક સભામાં જઇ પહોંચી. એ સભાના પ્રમુખ હતા, જેક કેલી નામના સેલિબ્રિટી, જેણે ભાષણની વચ્ચે અંગ્રેજીના 'એસ'-'S' અક્ષરથી શરૂ થતું નામ લઈને મિકી તરફ ઈશારો કર્યો. મિકીએ ચોંકીને કહ્યું, 'અરે,આ તો મારું ખરું નામ છે! આને કેવી રીતે ખબર?'

પછી કેલીએ કહ્યું, 'એસ- 'S' શબ્દથી શરૂ થતા નામવાળા માણસના પિતાનો આત્મા અહીં હાજર છે, જે પુત્રને કહેવા માગે છે કે એમની લાશ પાણીમાં નાખતા પહેલાં જ એમની હત્યા કરવામાં આવી હતી!'

મિકીએ, કહ્યું કે 'એ પોતે પણ એવું જ માને છે!'

પછી એ જેક કેલીની વાતોથી ઈમ્પ્રેસ થઈને મે વેસ્ટે એક સાંજે એમને ઘરે બોલાવ્યા ને સેલિબ્રિટી મિત્રો ઉપરાંત એની બહેન બેવરલી વેસ્ટને પણ આમંત્રી. મે વેસ્ટના ઘરે પહોંચીને કેલીએ કહ્યું કે 'રૂમમાં હાજર લોકોની વર્તમાન ને ભવિષ્યના જીવન વિશે એ વાતો કહેશે, પણ સૌને એક ખુરશી સાથે બાંધવામાં આવે ને સૌની આંખોને કપડાથી ઢાંકવામાં આવે, લોકો એમની જગ્યા બદલી નાખે!'

પછી, કેલીએ રૂમમાં હાજર દરેક વ્યક્તિના વિશે એવી એવી ગુપ્ત વાતો કહી, જેની ફકત એ લોકોને જ ખબર હતી!

સૌથી છેલ્લે, કેલીએ એક બંધ કવર ઉપાડ્યું જેમાં મે વેસ્ટે, અમુક સવાલ પૂછ્યા હતા, જેમ કે-

'શું અમેરિકા વર્લ્ડ-વોરમાં ભાગ લેશે?'

કેલીએ કહ્યું. 'ત્રણ મહિનામાં અમેરિકાના હવાઈ ટાપુ પર અચાનક હુમલો થશે,' – ને એમ જ થયેલું.

બીજો સવાલ- 'આ મહાયુદ્ધ ક્યાં સુધી ચાલશે?'

કેલીએ કહ્યું, 'પાંચ-છ વર્ષ સુધી ને પ્રેસિડન્ટ રૂઝવેલ્ટ થોડા સમયમાં જ મરી જશે!' એ પણ થયું.

ત્રીજો સવાલ- 'અમેરિકાની મહાયુદ્ધમાં જીત થશે?'

કેલીનો જવાબ હતો, 'હા, અમેરિકા ને ઈંગ્લેન્ડ મળીને લડાઈમાં જીતશે.' જે થયું પણ!

બીજા પ્રશ્નો પર્સનલ હતા પણ કેલીએ એમના જવાબ પણ સચોટ આપ્યા. હવે મે વેસ્ટને ખાતરી થઈ ગઈ કે કેલી કોઇ અદ્ભુત ક્ષમતાવાળો બંદો તો છે! એવામાં એક અજાણ્યો માણસ મે વેસ્ટની બહેન બેવરલીના ફાર્મ પર મળવા આવ્યો. બેવરલીને ત્યારે ખબર નહોતી કે પેલો માણસ પોતાની પત્નીનું મર્ડર કરીને આવ્યો છે. જો કે રેડિયો ને અખબારોમાં મર્ડરના સમાચાર વિશે વાત આવેલી, પણ પેલા માણસે બેવરલીના ઘરે અખબારો બંધ કરી દીધેલાં ને રેડિયો પણ બગાડી નાખેલો! પછી એ બેવરલીના ફાર્મ પર કામ કરવા માંડ્યો, પણ એની ધરપકડ કરવા માટે પોલીસવાળા મે વેસ્ટને મળ્યા, કારણ કે પોલીસને બેવરલીના ફાર્મનું એડ્રેસ ખબર નહોતું. જ્યારે પોલીસ બેવરલીના પોલટ્રી ફાર્મમાં પહોંચી એના બે દિવસ પહેલાં જ પેલો માણસ ભાગી ગયેલો!

આ ઘટના પછી મે વેસ્ટે આ વિશે જ્યારે જેક કેલીને પૂછ્યું, ત્યારે એણે કહ્યું, 'ડોન્ટ વરી... એ માણસની વીસ મિનિટ પહેલાં જ ધરપકડ થઈ છે!' મે વેસ્ટે લોસ એન્જલસના પોલીસ સ્ટેશનમાં ફોન કર્યો ને ખરેખર ૨૫ મિનિટ પહેલાં જ એની ધરપકડ કરવામાં આવેલી!

પછીથી મે વેસ્ટ જેવી જાણીતી સ્ટાર બધું છોડીને જેક કેલી પાસે મેલીવિદ્યાઓ શીખવા લાગી!

આ દરમિયાનમાં મે વેસ્ટના મેનેજર ને મિત્ર જિમ ટિમોનીનું મૃત્યુ થઈ ગયું. કેલીની મદદથી મે વેસ્ટે ટિમોની આત્મા સાથે સંપર્ક કર્યો. ત્યારથી ટિમોનીનું ભૂત હંમેશાં મે વેસ્ટની આસપાસ રક્ષકની જેમ રહેવા લાગ્યું! મે વેસ્ટ માનતી કે ટિમોનીએ જ એને નાટ્ય-લેખિકા બનાવી, સાંભળો મેની પોતાની કેફિયતઃ

'એકવાર હું બોક્સિંગ મેચ જોતી હતી ને અચાનક લાગ્યું કે ટિમોની મારા કાનમાં એક વાર્તા સંભળાવી રહ્યો છે. વાર્તાના ડાયલોગ એવા ચોટદાર કે મને યાદ રહી ગયા. ઘરે જઈને મેં એને નાટક રૂપે લખી નાખ્યું અને નાટક હિટ થયું! બસ,પછી મને બીજાં નાટકોને લખવાની પ્રેરણા મળી. એ પછી પણ ટિમોનીના ભૂત તરફથી મને એના હંમેશાં સંદેશાઓ મળતા રહ્યા જે સચોટ પુરવાર થતા રહ્યા જેક કેલીની ભવિષ્યવાણીઓ! આ જગતમાં હું જીવંત માણસો કરતાં ટિમોનીના ભૂત પર વધુ વિશ્વાસ કરું છું!'

હોલિવૂડ સ્ટાર મે વેસ્ટની અપાર સફળતા, અબાધ સેક્સ લાઇફ, બેફામ નિવેદનો વિશે આખો ગ્રંથ લખી શકાય પણ કદાચ ટીમોનીનું ભૂત અમને એ બધું લખાવે તો...

(૧ મિનિટ હં...અત્યારે દોઢ વાગ્યે આ આર્ટિકલ લખી રહ્યો છું ત્યારે અચાનક મને બારણાં પર કોઈ ધીમા અવાજે ટકોરા મારતું હોય એવું કેમ લાગે છે?!) ■

# રોકાતા આવડવું જોઈએ, ચાલવા તો બધા તૈયાર હોય છે!



સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા



આમ 'વિકટિમ' ઈંગ્લિશ નાટકનાં અધ્યાયનો અંતે અંત આવી ગયો. આનો જશ કાંતિ મડિયાને જાય છે. માણસ ચાર વેદોનો અર્થ ભલે ન સમજે , પરંતુ સમજદારી- જવાબદારી- વફાદારી ને ઈમાનદારી જેવા આ ચાર શબ્દનો મર્મ મડિયા બરાબર જાણતા હતા. એમણે તટસ્થ રહી નિર્ણય જાહેર કરી દીધો. દિન્યારને સહેજ કઠ્યું તો હશે, પણ એ બાવાએ ખેલદિલી બતાવીને ચા-વાળાને કહી દીધું :

'આ સ્ક્રિપ્ટનાં ઢગલાં પર ચા મૂક, હવે આ નાટક નથી થવાનું...!'

આ રીતે મહેન્દ્ર બોહરાનાં નાટક શિકાર માટે મને ગ્રીનસિગ્નલ મળી ગયું. મારાં માટે મડિયા રોકાયા અને એક વકીલની જેમ નિર્ણય જાહેર કર્યો. ખરેખર, રોકાતા આવડવું જોઈએ, ચાલવા તો બધા તૈયાર હોય છે. મડિયાએ બંને પક્ષને વ્યવસ્થિત સાંભળ્યા અને તટસ્થ ચુકાદો આપ્યો. પહેલા થોડું દુઃખ પણ પછી દીનશુંએ પણ હસતા-હસતા ચુકાદો માથે ચડાવ્યો. પ્રવીણ સોલંકીએ પોતાની મહેનતનું જરા પણ દુઃખ ન દેખાડીને મડિયા પ્રત્યેનો અહોભાવ દેખાડી દીધો.

સમય જતાં શિકાર રજૂ થઈ ગયું. શરૂઆતનાં શો ખરેખર ખૂબ સારા ગયાં, પણ થ્રીલર ત્યારે બહુ ઓછા થતાં. મોટી સંસ્થાઓ અને માતબર નિર્માતાઓ એમાં ક્યારેક હાથ નાખતા. વધુ પડતા કોમેડી અને સામાજિક નાટકોનો દોર ચાલતો. એ વખતની કોમેડી એટલે આજની જેમ પરાણે જોક્સનાં પગથિયાં ચડી હસાવવાના પ્રયત્નોની નહોતી. સારી ભાષામાં સેન્સીબલ કોમેડી બનતી અને પ્રેક્ષકોનો સારો પ્રતિસાદ પણ મેળવતી. આજે ચલણ બદલાયું છે એ કદાચ આજનાં સમયની માગ હશે અથવા સારા લેખકોની અછત પણ કારણ હોઈ શકે.

બાજુમાં રહેતો પાડોશી આવીને 'રીલીફ'નાં નામે ડીંડક ચલાવે અને નહીં તો ઘર-નોકર ફોન ઉપર હસાવવાના નામે 'કઈ પણ' ચલાવ્યા કરે. ખાસ તો સીન પછી અન્ય કલાકારોને કોસ્ચ્યુમ બદલવાનો સમય આપવા માટે ઘર-નોકરનો ફોન હાથ વગો રહે. જો કે હમણાં એ પણ ઓછું તો થયું છે, પણ ટળ્યું નથી. સારાં સારાં નાટકો પણ હિંમતભેર રજૂ કરનારાં નિર્માતા પણ છે. પ્રેક્ષકોને સારા નાટકની ઉમેદ સદા રહેતી હોય છે. સાચું કહું, ઉમેદ બહુ કષ્ટ આપે છતાં પણ ઉમેદ તો રહે છે.

શિકારનાં પબ્લિક-શો સારા જતાં હતાં , પણ સંસ્થાઓનો પ્રતિસાદ મોળો હતો. સામાજિક નાટકો લેવા સંસ્થાઓ તત્પર રહેતી પણ થ્રિલર લેવાં માટે જરા ખંચકાતી. એમણે એમનાં મેમ્બર્સને રાજી રાખવા હોય. નવા વિષયનું નાટક લે અને પાછળથી માથે છાણાં થપાય તો? અમુક નિર્માતા જાણે ક્વોટા પૂરા કરવા માટે નાટક કરતાં હોય છે. લગભગ ત્રણ મહિનામાં ઘણી સંસ્થાઓ કવર થઈ જાય પછી નવા નાટક માટે પોતાની પાર્ટી હાથમાંથી જાય નહિ એટલે બીજું નવું નાટક મૂકી દેવાનું. શું સાચું અને શું સારું છે એના કરતાં શું સગવડિયું છે એ કરી લેવાનું. મનનું માનવાને બદલે ઉતાવળે આંબા પકાવવા નીકળી પડે છે. બાકી સંસારની સૌથી મોટી અદાલત આપણા મનમાં હોય છે. મનને બધી ખબર હોય છે કે શું સાચું છે અને શું ખોટું છે !

શિકાર હવે પ્રેક્ષકોનો શિકાર બનતો જતો હતો. શોમાં ક્યારેક ભારે નુકસાન તો ક્યારેક માંડ સરભર. નિર્માતા ફિલ્મી હતાં, એટલે પૈસા માટે શોધવાં અઘરા પડી જતાં. જા.ખ.ના પૈસા અટકે તો થોડું ખેંચી શકાય, પણ થિયેટરના ભાડાં તો સમયસર ચૂકવવા પડે.

મુળરાજ રાજડાએ પણ આ બાબત મહેન્દ્ર સાથે બે-ત્રણ વાર વાત કરી જોઈ એમણે પોતે અધૂરું છોડેલું નાટક પૂરું કરી આપવાની વાત તો કરી પણ ફિલ્મવ્યસ્તતામાંથી બહાર આવે કે તરત એમનું ફિલ્મી-ગાજર લટકેલું જ હતું. એમણે 'શિકાર' જોયું પણ ઉમેરેલાં પાત્રો એમને ગમ્યાં નહિ. એમને એ પાત્રો પરાણે ઘુસાવ્યા હોય એવું લાગ્યું. મેં એમને કહ્યું કે ' મારી ઇચ્છા છે કે તમારા નાટકથી હું મારા પોતાનાં બેનરથી નિર્માતા તરીકે શરૂ કરું અને સંસ્થાનું નામ રાખીશ, 'વેકરિયા પ્રોડક્શન'. મને કહે 'એ નાટક તમારું જ રહેશે બસ, મને જરા ફ્રી થવા દો એટલે શાંત મગજે સરસ લખી શકું.' મેં મારી મનની ઇચ્છા એમને જણાવી તો લેખક બોલ્યા, 'દાદુ, એકને વળાવો ત્યાં બીજી દરવાજે ઊભી હોય. આ ઇચ્છાઓ અપલખણી હોય છે. પણ હું તમારા બેનર સાથે મારું નાટક રિલીઝ કરવાની ઇચ્છા જરૂર પૂરી કરીશ, માત્ર થોડો સમય રાહ જુવો.' મારી પાસે જવાબ નહોતો અને રાહ જોવા સિવાય કોઈ આરો પણ ક્યાં હતો?

રાજેન્દ્રએ પણ બે પાત્ર વિશે મુળુભા સાથે વાત કરી. પણ ડિપ્લોમેટીક રીતે એમને પસંદ નથી આવ્યું એ સમજાવી દીધું. બાકી મેં અને રાજેન્દ્રએ આના વિશે વિગતે વાત-ચર્ચા કરી પછી આ પગલું લીધેલું. હા, રાજેન્દ્ર પરમ મિત્ર તો હતો , પણ થોડો આખાબોલો અને થોડા અહમવાળો પણ ખરો. મેં નોંધ્યું છે કે જે કામમાં કાબેલિયત આવે એની સાથે થોડો અહમ પણ ઉમેરાતો હોય છે. આમાંથી અમુક જ બાકાત રહી શકે. મુળુભા મને અહમ વગરના લાગ્યા છે. બે ઉમેરેલાં પાત્રો એમને ન ગમ્યાં એમાં એમનો અહમ નહિ વર્ષોનો અનુભવ હતો.

હવે શિકારને તાળા લગાવવાનો વિચાર હું કરવા લાગ્યો. અમુક શો સરભર થઈ જતા તો અમુકમાં સારો ફાયદો પણ થતો. નિર્માતા શરૂઆતમાં પૈસા આપી 'હવે તમે જાણો' જેવી વર્તણુક રહેતી હતી. આનો ભરોસો કેમ કરાય? મારી સમજવામાં ભૂલ તો થઈ ગઈ હતી અને એટલે જ શિકાર બંધ કરવાના વિચારો મગજ પર સવાર થઈ જતા. જિંદગીમાં જેમ જેમ શીખતો જાવ છું તેમ તેમ મને ખબર પડતી જાય છે કે હું અભણ છું.

ત્યાં એક રાત્રે જાણીતા અને નિયમિત નાટકો રજૂ કરતાં નામી નિર્માતાનો ફોન આવ્યો અને હું ખુશ થયો, પણ એણે એવી વાત કરી કે...

ડબ્બલ રિચાર્જ

*સિક્યુરિટી ગાર્ડનો ઇન્ટરવ્યૂ હતો...*
*પ્રશ્નઃ અંગ્રેજી આવડે છે?*
*જવાબઃ ચોર વિદેશથી આવવાના છે.?* ■

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# એક ફિલ્મ - એક નાટક - એક સીન...

## સાઉથની ચાર ભાષા ઉપરાંત હિન્દી ફિલ્મો બનાવનારા કે. બાલાચન્દરના યોગદાન આજે પણ લોકો નહીં ભૂલ્યા હોય...

સાઉથની વિવિધ ભાષાઓમાં ફિલ્મો બનાવ્યા પછી હિન્દી ચિત્રપટ સૃષ્ટિમાં હાથ અજમાવવાની કોશિશ ઘણા ફિલ્મમેકરોએ કરી છે. એસ. એસ. વાસન (ચંદ્રલેખા - ૧૯૪૮)થી શરૂ કરી વાયા મણિ રત્નમ (દિલ સે - ૧૯૮૮) થઈ સંદીપ રેડ્ડી વાંગા (કબીર સિંહ - ૨૦૧૯) સુધીનું લિસ્ટ ઘણું લાંબું છે. આ બધામાં તમિલ, તેલુગુ અને કન્નડ ભાષાની ફિલ્મોનું દિગ્દર્શન અને એક મલયાલમ ફિલ્મનું નિર્માણ તેમજ હિન્દી ફિલ્મોમાં પણ ખેડાણ કરનારા કે. બાલાચંદર એક આદરણીય નામ છે. કહેવા માટે એમની પહેલી હિન્દી ફિલ્મ 'આઈના' હતી, પણ તેમને નામના મળી ૪૫ વર્ષ પહેલાં આવેલી 'એક દુજે કે લિયે' ફિલ્મથી.


રાજ કપૂરએ 'એક દુજે કે લિયે'નો અંત બદલવા કહ્યું હતું, પણ ...

સાઉથની ફિલ્મોમાં અનેક કલાકાર-કસબીને પ્રથમ તક આપનાર બાલાચંદરની 'એક દુજે કે લિયે' ફિલ્મની મુખ્ય જોડી કમલ હસન અને રતિ અગ્નિહોત્રીની આ પ્રથમ હિન્દી ફિલ્મ હતી. સિવાય ચાર ભાષામાં શ્રેષ્ઠ પાર્શ્વગાયકના છ નેશનલ અવોર્ડ મેળવનાર એસ. પી.બાલાસુબ્રમણ્યમની પણ આ પહેલી હિન્દી ફિલ્મ હતી.

બાલાચંદર ભાઈનું એક અનોખું ગુજરાતી કનેક્શન પણ છે. તેમણે લખેલા તમિળ નાટક 'મેજર ચંદ્રકાંત' પરથી ગુજરાતીમાં ઉપેન્દ્ર ત્રિવેદી અભિનીત 'મેજર ચંદ્રકાંત' નાટક બન્યું હતું. ૧૯૬૫માં 'ઊંચે લોગ' નામની હિન્દી ફિલ્મ પણ બની હતી. ફિલ્મમાં જે રોલ અશોક કુમારે કર્યો હતો એ જ ભૂમિકા ઉપેન્દ્ર ભાઈએ નાટકમાં કરી હતી.

'એક દુજે કે લિયે' ટિપિકલ લવસ્ટોરી છે. રસપ્રદ વાત એ છે કે યુવાન તમિળભાષી છે અને યુવતી હિન્દીભાષી છે. બંને પ્રેમમાં પડે છે. પ્રેમીને હિન્દી નથી આવડતું એટલે ઈન્ટરવલ સુધી હીરોના ભાગે બહુ ઓછા સંવાદ આવે છે અને જે છે એ રમૂજ પેદા કરે છે. સંવાદનો અભાવ હોવા છતાં કમલ હસન હાવભાવથી દર્શકોના દિલમાં સ્થાન મેળવી લે છે. ૧૯૮૦ના દાયકામાં હિન્દી ફિલ્મના હીરોમાં જોવા મળતી મોટાભાગની ખાસિયતો કમલ હસનમાં લગભગ ગેરહાજર હતી. તેમ છતાં અભિનય કૌશલને જોરે એને આવકાર મળ્યો. ફિલ્મના ગીત - સંગીતને અફાટ લોકપ્રિયતા મળી હતી અને 'તેરે મેરે બીચ મેં કૈસા હૈ યહ બંધન અંજાના' નાનું ફિલ્માંકન પણ દર્શકોને બેહદ પસંદ પડ્યું હતું. હોટેલની લિફ્ટમાં શૂટ થયેલા અને વિવિધ ફિલ્મોના નામ ધરાવતા 'મેરે જીવનસાથી' ગીતથી દર્શકોને મોજ પડી હતી. એક કલાકાર અને એક મનુષ્ય તરીકેના પોતાના ઘડતરમાં બાલાચંદરનો વિશેષ ફાળો રહ્યો હોવાની કબૂલાત કમલ હસને જાહેરમાં કરી છે.

પ્રેમકથા કેન્દ્રમાં હોય એવી અનેક હિન્દી ફિલ્મો બની છે. અલબત્ત, સુખદ અંતવાળી ફિલ્મની સંખ્યા વધુ છે. 'એક દુજે કે લિયે'નો અંત દુઃખદ છે. રિલીઝ કરવા પહેલા અંત વિશે અભિપ્રાય જાણવા માટે બાલાચંદરે ફિલ્મ રાજ કપૂરને બતાવી હતી. રાજસાબને ફિલ્મ બહુ જ પસંદ પડી હતી, પણ તેમણે દુઃખદ અંતને બદલે હેપ્પી એન્ડિંગ રાખવાનું સૂચન કર્યું હતું. બાલાચંદર પોતાના નિર્ણય પર અફર રહ્યા અને દુઃખદ અંત સાથે જ ફિલ્મ રિલીઝ કરી. ફિલ્મને કેવી ધૂંઆધાર સફળતા મળી એ સૌ જાણે છે. જોકે, રીલ લાઈફના આ દુઃખદ અંતની રિયલ લાઈફમાં ઘણી નેગેટિવ અસર જોવા મળી હતી.

રતિ અગ્નિહોત્રીએ એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે 'વાસુ - સપનાનો (ફિલ્મમાં કમલ અને રતિના પાત્રના નામ) ડેથ સીન શૂટ કરવો આસાન નહોતો, પણ દિગ્દર્શકના સચોટ માર્ગદર્શનથી અમે એ કરી શક્યા. દર્શકોનો પ્રતિભાવ કેવો હશે એ કોઈ નહોતું જાણતું. ફિલ્મ રિલીઝ થયા પછી અનેક લવબર્ડ્સએ આત્મહત્યા કરી હોવાનું જાણવા મળતા બહુ દુઃખ થયું હતું.'

૧૯૮૧માં જ કે. બાલાચંદરે 'થન્નીરથન્નીર' નામની તમિલ ફિલ્મ બનાવી હતી. ફિલ્મમાં ગામડાને કેન્દ્રમાં રાખી પાણીની તીવ્ર તંગી અને રાજકીય સ્તરે ચાલતા ભ્રષ્ટાચારની વાત વણી લેવામાં આવી હતી. બે નેશનલ અવોર્ડ મેળવનાર આ ફિલ્મના પ્રારંભમાં ડાયલોગ વગરનો સીન એવો ધારદાર છે કે એની કરુણતા હૃદય સોંસરવી ઊતરી તમારા ચિત્ત તંત્રમાં ખળભળાટ મચાવી દે છે. આ એવી પરિસ્થિતિનો ચિતાર છે જ્યારે ગામડાના લોકોને પીવાલાયક પાણી મેળવવા જોજનો દૂર જવું પડતું હતું. દૃશ્યના પ્રારંભમાં એક બાળક પાણી ભરેલું માટલું લઈ વગડામાંથી પસાર થતો દેખાય છે. અચાનક જમીન પર પડેલા કોઈ મેગેઝિનના ફાટી ગયેલા પાનાના એક ફોટોગ્રાફ પર એની નજર પડે છે. અત્યંત પ્રિય વ્યક્તિનો ચહેરો જોઈ બાળક એ પાનું ઉપાડી અહોભાવથી એને નીરખે છે અને એના ચહેરા પર આનંદ ઢોળાઈ જાય છે. અચાનક પવન ફૂંકાતા હાથમાંની તસવીર જમીન પર પડી જાય છે. પાણી ભરેલું માટલું સાચવતા સાચવતા બાળક પેલો ફોટોગ્રાફ પાછો લેવાનો પ્રયાસ કરતો હોય છે ત્યાં હાથમાંનું માટલું જમીન પર પડી જાય છે અને બધું પાણી ઢોળાઈ જઈ પળવારમાં માટીમાં શોષાઈ જાય છે. બાળક પાણી બચાવવા પ્રયાસ કરે છે, પણ... હકીકતનો ખ્યાલ આવતા બાળક રડવા લાગે છે. જોકે, એના આંસુ સુધ્ધાં ગાલ પરથી દડી છેવટે માટીમાં જ સમાઈ જાય છે. એક મિનિટના આ સીનમાં કે. બાલાચંદરે પાણીની તીવ્ર અછત અને બાળકના મનોવિશ્વની વાસ્તવિકતા અદ્ભુત રીતે રજૂ કરી છે.

## 'અદ્રક કે પંજે': ૨૭ ભાષા- ૬૦ દેશ- દસ હજાર શો




ઉર્દૂ ભાષામાં લખાયેલા એકપાત્રી વ્યંગાત્મક નાટક 'અદ્રક કે પંજે' નાટકથી દેશ - વિદેશમાં ખ્યાતિ મેળવનારા બબ્બન ખાનએ જીવનના રંગમંચ પરથી એક્ઝિટ લીધી એની જાણકારી સોશ્યલ મીડિયા દ્વારા મળી એ જીવનનો વિરોધાભાસ છે. જે કલાકાર પોતાના પરફોર્મન્સથી ૩૫ વર્ષ સુધી સર્વત્ર છવાઈ ગયો હતો એ કલાકાર સાથે આવું થઈ શકે છે.

'અદ્રક કે પંજે' શીર્ષક કુતૂહલ જન્માવનારું હતું. એનો શબ્દાર્થ થાય છે આદુંના ટુકડા - આદુંની શાખા અથવા આદુંમાંથી ફૂટી નીકળેલો હિસ્સો...

બબ્બન ખાનના આ નાટકમાં પરિવાર નિયોજન પર તીખો વ્યંગ - કટાક્ષ કરવામાં આવ્યો હતો. આ એવા સમયની વાત છે જ્યારે કુટુંબ નિયોજન વિશે જાહેરમાં વાત કરતા લોકો ગભરાતા હતા અથવા શરમ અનુભવતા હતા. ૧૯૬૦ -૭૦ના દાયકામાં 'હમ દો હમારે દો' જેવા સરકારી નારાની ઘોષણા થતી હતી. પણ એના અમલ પ્રત્યે ગજબની ઉદાસીનતા હતી. બબ્બન ખાન આ સમસ્યા ઉઘાડે છોગ સ્ટેજ પર લઈ આવ્યા અને જનતા જે સમસ્યાથી પીડાઈ રહી હતી એના પર વ્યંગ કરી લોકોને પેટ પકડીને હસાવ્યા.

નાટકનું સ્વરૂપ અત્યંત સરળ હતું. વન મેન શો. સ્ટેજ પર માત્ર અને માત્ર બબ્બન ખાનની હાજરી અને કેટલાંક બાળકો. લગભગ બે કલાક ચાલતા આ નાટકમાં બબ્બન ખાન વિવિધ પાત્ર ભજવતા હતા. બાર બાળકનો પરેશાન પિતા, પગમાં અલગ અલગ રંગના મોજા પહેરનારો સરકારી કારકૂન, ઘણી સુવાવડ કરાવનારાં દાદી વગેરે. દરેક પાત્રનો પોતીકો અલગ અવાજ, જુદી જુદી ચાલ, અલગ અલગ વિચારસરણી અને નોખી નોખી ભાવના.

બબ્બન ખાનનો જન્મ હૈદરાબાદના એક ગરીબ પરિવારમાં થયો હતો. બાળપણ અછત અને સંઘર્ષમાં જ પસાર થયું હતું. કુટુંબ નિયોજનની ગતાગમ ન હોવાથી બબ્બનના ઘણા ભાઈ બહેન હતા. જોકે, કુપોષણ અને જરૂરી સારવારના અભાવે ત્રણ ભાઈ અને ચાર બહેન મૃત્યુ પામ્યાં હતાં. ભણવામાં હોશિયાર બબ્બન ગ્રેજ્યુએટ થયો હતો, પણ નોકરી નહીં મળવાથી બે ટંક ભોજનના પણ ફાંફાં હતા. લોકોને જોક સંભળાવી એક કપ ચા પીવા ભેગો થતો હતો. આ બધી વિષમતા - મથામણ વચ્ચે અનુભવેલી પીડા પરથી બબ્બન ખાનએ વીજળીના થાંભલા નીચે બેસી 'અદ્રક કે પંજે' નાટક લખી નાખ્યું. બાવીસ સપ્ટેમ્બર, ૧૯૬૫ના દિવસે પહેલો શો કરવા માટે ભાઈએ માતુશ્રીનું મંગળસૂત્ર ૨૭૫ રૂપિયામાં વેચી નાખ્યું. એમાંથી ૨૦૦ રૂપિયા થિયેટરના ભાડા પેટે ચૂકવ્યા, શોની ટિકિટ છપાવવા ૩૫ રૂપિયા ખર્ચ થયો અને બાકીના ૪૦ રૂપિયા માતુશ્રીને દાણોપાણી ખરીદવા માટે આપી દીધા.

-પણ... પહેલો શો સુપરફ્લોપ. શો પર પડદો પડી જવાની ભીતિ ઊભી થઈ. સદનસીબે શો પૂરો થયા પછી એક સદ્ગૃહસ્થ બેકસ્ટેજમાં આવી શો ચાલુ રાખવા હિંમત અને ૫૦૦ રૂપિયા આપી ગયા. ઢીલા પડી ગયેલા પગમાં જોર આવી ગયું અને બીજા જ શોથી થિયેટર ભરાવા લાગ્યું. બાવીસ સપ્ટેમ્બર ૧૯૬૫થી ૧૧ ફેબ્રુઆરી ૨૦૦૧ સુધીમાં ૨૭ ભાષામાં ૬૦ દેશમાં દસ હજારથી વધુ શો થયા! એકપાત્રી પરફોર્મન્સના સૌથી લાંબો સમય ચાલનારા પરફોર્મન્સ તરીકે એને 'ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ'માં સ્થાન મળ્યું.

એક નોંધ અનુસાર ૨૭ વિદેશી ભાષામાં અનુવાદ થયેલું દેશનું આ પ્રથમ નાટક હતું. રસપ્રદ વાત એ પણ છે કે હોલિવૂડ સ્ટાર ડસ્ટિન હોફમેનના ન્યુયોર્કમાં શો થયા હતા એ દરમિયાન જ બબ્બન ખાનના પણ શો થયા હતા. વોશિંગ્ટનના ઓડિટોરિયમમાં માઈકલ જેક્સન અને ફ્રેન્ક સિનાત્રાની સાથે એના ઓટોગ્રાફ્સ નજરે પડે છે. 'અદ્રક કે પંજે' પર કાયમ માટે પડદો પાડી દીધા પછી બબ્બન ખાનએ હૈદરાબાદમાં એક્ટિંગ એકેડેમી શરૂ કરી હતી અને દર વર્ષે માત્ર આઠ વિદ્યાર્થીઓને જ એડમિશન આપવામાં આવતું હતું.■

શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા

# સિનેમા એટલે વિઝ્યુઅલ્સ કે વાર્તા? રામ જાણે!

## માયથોલોજિકલ આર્મ્સ રેસ એન્ડ ન્યૂ ઈન્ડિયન સિનેમાની આધુનિક રેસમાં ખરો આત્મા ખોવાઈ તો નહીં જાયને..?

અત્યારે આપણે એક એવી રેસ જોઈ રહ્યા છીએ, જ્યાં પૌરાણિક કથાઓને ડિજિટલ રીતે ફરીથી કહેવા માટે પાણીની જેમ પૈસા વહેવડાવવામાં આવે છે. નિતેશ તિવારીની 'રામાયણ'નું પેલું 'રામ' ટીઝર હોય કે નાગ અશ્વિનની 'કલ્કી ૨૮૯૮ એડી'ની ભવ્યતા, ભારતીય ફિલ્મ્સ હવે સિલિકોન વેલીના ગ્રાફિક્સ એન્જિન જેવી બની ગઈ છે. જ્યારે 'રામાયણ' જેવી ફિલ્મનું બજેટ ૪૦૦૦ કરોડને (બંને ભાગ) આંબી જાય ત્યારે મનમાં એક સવાલ ચોક્કસ થાય છેઃ આપણને સ્ક્રીન પર પિક્સેલ્સ તો જબરદસ્ત દેખાય છે, પણ શું તેમાં એ જૂનો આત્મા ક્યાંક ખોવાઈ તો નથી ગયો ને?




આ પ્રયાસ પાછળનો ઈરાદો ખોટો નથી. વર્ષો સુધી આપણા સર્જકોને એ વાતનો વસવસો હતો કે આપણી પાસે વાર્તાઓ તો અદ્ભુત છે પણ પશ્ચિમના દેશો જેવી ટેકનોલોજી નથી. આજે ૨૦૨૬માં એ અંતર પૂરાઈ ગયું છે. 'કલ્કી'માં આપણે જોયું કે ભવિષ્યના કાશીનો નજારો હોય કે દેવી શસ્ત્રોની ચમક, બધું એટલું રિયલ લાગે છે, જેની પાંચ વર્ષ પહેલાં આપણે કલ્પના પણ નહોતી કરી.

અહીં જ આપણે એક મોટા વળાંક પર ઊભા છીએ. એસ.એસ. રાજામૌલી, જેમણે 'બાહુબલી'થી આ ટ્રેન્ડ શરૂ કર્યો, તેમણે જ એકવાર કહ્યું હતું કે, 'ટેકનોલોજી તો માત્ર એક સાધન છે, જો વાર્તામાં ઈમોશન નહીં હોય તો ગમે તેટલા ગ્રાફિક્સ પણ ફિલ્મને બચાવી નહીં શકે.'

આજે લંકાને રિયલ બતાવવાની લાયમાં આપણી ફિલ્મી ભાષા કાવ્યાત્મકને બદલે માત્ર ટેક્નિકલ બની રહી છે.

જોખમ એ વાતનું છે કે ફિલ્મમાં વાર્તા કરતા તમાશો મોટો થઈ રહ્યો છે. જ્યારે ડિરેક્ટર પોતાની ૮૦ ટકા શક્તિ લંડન કે હૈદરાબાદના VFX એન્જિનિયર્સ સાથે એ વાતમાં ખર્ચે કે ડિજિટલ રથ પર લાઈટ બરાબર પડે છે કે નહીં, ત્યારે એક્ટરની નેચરલ એક્ટિંગ માટે જગ્યા બહુ ઓછી બચે છે. દેવતાનું પાત્ર ભજવે છે એ એક્ટર તે માત્ર એક ગ્રીન સ્ક્રીન સામે ઊભેલું પૂતળું બની જાય છે. 'રામાયણ'ના ટીઝર પછી જોકે વિઝ્યુઅલ્સ અને વાર્તા બંનેમાં એક સરસ બેલેન્સ દેખાઈ રહ્યું છે. આપણને એ ઓમ રાઉતની 'આદિપુરુષ'ની યાદ નથી અપાવતું એ સારું છે કે જ્યાં વધુ પડતી CGI પરની નિર્ભરતા ઊંધી પડી હતી અને દર્શકોને લાગ્યું હતું કે આમાં કોઈ ભાવ કે આત્મા જ નથી.

આ ભવ્યતાની રેસમાં આપણી ફિલ્મ્સનું પ્રોડક્શન હવે રિયલ સેટ્સને બદલે ધ વોલ્યુમ એટલે કે મોટી LED સ્ક્રીન્સ પર શિફ્ટ થઈ રહ્યું છે. પહેલા સંજય લીલા ભણસાલી જેવા સર્જકોના સેટ જોઈને ફિલ્મમાં બધુ રિયલ લાગતું. હવે પ્રશાંત નીલ અને જુનિયર NTR ની ફિલ્મ્સમાં જે દુનિયા બતાવવામાં આવે છે તે સર્વર રૂમમાં બનેલી હોય છે. મણિરત્નમે 'પોન્નિયિન સેલ્વન' વખતે બહુ સરસ વાત કહી હતી, 'સિનેમા બે પાત્રો વચ્ચેની હવામાં રહેલા શ્વાસ જેવું છે. જો તમે એ હવામાં વધારે પડતો ડિજિટલ અવાજ ભરી દેશો તો દર્શકો તમારી સાથે શ્વાસ લેવાનું ભૂલી જશે.'




આ માયથોલોજિકલ આર્મ્સ રેસના કારણે હવે એવી ફિલ્મ્સ બને છે જે બધાને ગમે. પછી તે ટોક્યોનું બાળક હોય કે તમિળનાડુના અન્ના હોય. ગ્લોબલ વાહવાહી મળે, પણ આપણું પોતાપણું એમાં ખોવાઈ ન જાય એ જવાબદારી પણ ફિલ્મમેકર્સની રહે છે. આપણા દેવતાઓને પણ એવા બખ્તર પહેરાવીએ છીએ જે હોલિવૂડના સુપરહીરો જેવા લાગે તો એ ન ચાલે. હકીકત એ છે કે પૌરાણિક કથાઓ આપણી કલ્પનામાં જીવે છે. જ્યારે તમે દરેક ચમત્કારને ગ્રાફિક્સથી સાબિત કરવા જાવ, ત્યારે તમે દર્શકોની કલ્પનાશક્તિ છીનવી લો છો.

ઋષભ શેટ્ટીની 'કાંતારાઃ ચેપ્ટર ૧'ની સફળતા જુઓ. તેમાં ગ્રાફિક્સ છે પણ તેની સાચી તાકાત આપણી સંસ્કૃતિ અને એક્ટિંગમાં છે. શેટ્ટી હંમેશાં કહે છે કે 'સાંસ્કૃતિક સચ્ચાઈ જ ફિલ્મનો આત્મા છે.' જ્યારે દેવતાનો અંશ એક્ટરના ચહેરા પરના પરસેવા અને ભાવમાં દેખાય, ત્યારે લોકો તેનાથી જોડાઈ શકે છે. ૨૦૨૬માં લોકો ગ્રાફિક્સ જોઈને થાકી ગયા છે. VFX આર્ટિસ્ટ પીટ ડ્રેપરના મતે, 'સૌથી શ્રેષ્ઠ ગ્રાફિક્સ એ છે જે તમને ખબર પણ ન પડે કે આ ગ્રાફિક્સ છે.' પ્રશાંત નીલની 'બઘીરા'માં જ્યારે ઈમોશનલ સીન આવે છે ત્યારે લોકો શાંત થઈ જાય છે, ડિજિટલ ધડાકા વખતે નહીં.

આખરે સવાલ એ જ છે કે આ ફિલ્મ્સ લાંબો સમય યાદ રહેશે? જ્યારે આપણે 'મુગલે આઝમ' યાદ કરીએ છીએ ત્યારે હજારો સૈનિકોની વાત નથી કરતા, પણ મધુબાલાની આંખોમાં રહેલા પ્રેમની વાત કરીએ છીએ.

આજે આપણી પાસે મશીન છે, પૈસા છે અને દુનિયાની શ્રેષ્ઠ વાર્તાઓ છે, પણ એ ડિજિટલ મહેલ બનાવવાની ઉતાવળમાં આપણે રાજાનું દિલ ન ભૂલી જઈએ તેનું ધ્યાન રાખવું પડશે. નિતેશ તિવારીનું કહેવું છે કે તેમની 'રામાયણ'નાં પાત્રો લોકો પોતાની સાથે જોડી શકે તેવા હશે. જો તે આમાં સફળ થશે તો મનોરંજન દેવની કૃપાથી ટેકનોલોજી અને પરંપરાનો યથાર્થ સંગમ થશે! ■

### લાસ્ટ શોટ

*'રામાયણ'માં રાવણનું પાત્ર ભજવવા વિશે અભિનેતા યશે એક ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, 'મેં આ પાત્ર તેની ભવ્યતા માટે નહીં, પણ તેની જટિલતા માટે પસંદ કર્યું છે. રાવણ એ માત્ર દસ માથાવાળો ગ્રાફિક્સ રાક્ષસ નથી.'*

ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

## ચોર હંમેશાં ચોર જ રહે છે..


આલિયા ભટ્ટ

પાકિસ્તાનની ઈમેજ એક નિષ્ફળ દેશની છે. અરે, આપણે આ ગોસિપ કોલમમાં કોઈ જીઓપોલિટીકલ ચર્ચા નથી શરૂ કરી રહ્યાં, પણ આપણે આ વાત એટલા માટે માંડી છે કે પાકિસ્તાનની એક ફેશન બ્રાંડ 'વજાયેશા' એ પોતાની એક નવી પ્રોડક્ટ લોન્ચ કરી. કરી તો કરી, પણ એનાં પ્રમોશનમાં આલિયા ભટ્ટનો ફોટો મૂકી દીધો ! .

ચલો, એનો પણ વાંધો નથી, પણ, કિન્તુ, પરંતુ , બટ, તેને ટેગલાઈન આપી કે, આલિયાને પણ અમારું પ્યોર શીશા સિલ્ક કલેક્શન ગમે છે!

હવે આવું જૂઠ તમે ખુલ્લેઆમ 'ઇન્સ્ટાગ્રામ' માં મૂકો અને ભારતવાળા એને ન જોવે એવું બને ખરું? પછી તો સોશ્યલ મીડિયામાં ખણખોદ શરૂ થઈ એમાંથી ખ્યાલ આવ્યો કે આ બધો AIનો કમાલ છે. પત્યું, આલિયાનાં ભારતીય ચાહકો તૂટી પડ્યા પેલી પાકિસ્તાની બ્રાંડ પર. આલિયા વતી ધમકી પણ આપી દીધી કે, જોજો, અમારી આલિયા તમારા પર કેસ કરશે! હજી સુધી 'વજાયેશા' અને આલિયા બંને તરફથી કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી, પરંતુ, એક વાત તો ચોક્કસ છે કે પાકિસ્તાન ભલે નકારાત્મક રહે કે કહે કે તેમને ભારત કે ભારતીય ફિલ્મો સાથે કોઈ નિસ્બત નથી, પરંતુ તેમને બરાબર ખબર છે કે તેમની બ્રાન્ડ્સ, તેમની પ્રોડક્ટ્સ ભારતીય સ્ટાર્સ જો આ રીતે 'પ્રમોટ' કરે તો ધૂમ ચાલે ! જોકે આ પ્રકારની 'ચોરી'ની તેમને જૂની આદત છે. વર્ષો પહેલાં પણ આપણી ભારતીય ફિલ્મ મેગેઝિન્સ ત્યાં દાણચોરીથી પહોંચતા બ્લેકમાં વેંચાતા અને એમાંથી ભારતીય અભિનેત્રીઓના ફોટાની કોપી કરીને ત્યાંના ઉર્દૂ અખબારોમાં ખુલ્લેઆમ છપાતા..

એ જમાનામાં ઝિન્નત અમાન છપાતી આજે આલિયાનો વારો આવ્યો છે! .

## ડાયરેક્ટર નંબર વન રિટાયર થાય છે


ડેવિડ ધવન

ગોવિંદા સાથે પોતાનો પણ સુવર્ણકાળ જોનારા ડાયરેક્ટર ડેવિડ ધવનની નવી ફિલ્મ આવી રહી છે. 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ.'

આ ફિલ્મમાં ડેવિડ પોતાનાં પુત્રને ડાયરેક્ટ કરી રહ્યા છે, પરંતુ આ ફિલ્મ તેમની અંતિમ ફિલ્મ બની રહે તેવો સંકેત પણ ડેવિડ ધવને આપ્યો છે. ફિલ્મનાં પ્રમોશન માટે આપેલાં એક ઇન્ટરવ્યૂમાં ડેવિડ ધવને કહ્યું છે કે હવે એમની તબિયત સારી રહેતી નથી.

આ ફિલ્મનાં શૂટિંગ દરમ્યાન પણ વારંવાર તેમની તબિયત લથડતી રહેતી,પણ પુત્ર વરુણે સતત સંભાળ રાખી છે...

ડેવિડ ધવને એ પણ ઉમેર્યું છે કે 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ' એ તેમની અંતિમ ફિલ્મ હશે. એના રિલીઝ થયા બાદ તે હવે ફક્ત વરુણ ધવનના પપ્પા બનીને જ જીવશે. ડેવિડ ધવન ભલે છેલ્લાં એક દાયકામાં ગણતરીની ફિલ્મ જ આપી શક્યાં હોય, પરંતુ ૧૯૯૦ના અને ત્યારબાદનાં દાયકામાં સમગ્ર ભારતને એકલે હાથે મનોરંજન આપવામાં એ સદાય આગળ રહ્યા છે એ હકીકત છે. ડેવિડ ધવન, ગોવિંદા અને કાદર ખાન ત્રિપુટીએ કોમેડીનો એક નવો જ પ્રકાર આપણને આપ્યો હતો. ભલે, તેમની મોટાભાગની ફિલ્મ જૂની હિન્દી ફિલ્મોની મોડર્ન રિમેક રહી હોય પરંતુ એમ કરતાં આવડ્યું તો ફક્ત ડેવિડ ધવનને જ!

હેપ્પી રિટાયર્ડ લાઈફ...ધવન સાહેબ!

## પહેલાં ના પાડી હવે રેન્જ રોવર આવી



જમીલ જમાલીના રોલમાં રાકેશ બેદી

ફરીથી 'ધુરંધર'ની વાત કરવી પડે એમ છે, કારણ છે કે આ ફિલ્મે ઘણાં કલાકારોની કિસ્મત બદલી નાખી છે. આ તમામમાં મુખ્ય છે રાકેશ બેદી. 'ઉરી'માં એક નાનકડો રોલ રાકેશભાઈએ કર્યો હતો, પરતું તે આદિત્ય ધરથી ખુશ ન હતા.

તેમનાં કહેવા અનુસાર આવા એકાદ-બે સીનથી તેમનું મહત્ત્વ ઓછું થઇ ગયું હતું. પછી એમને આવી 'ધુરંધર'ની ઓફર. રાકેશ બેદી અગાઉના અનુભવ બાદ આદિત્ય ધર સાથે ફરીથી કામ કરવા નહોતા માગતા, પરંતુ જ્યારે તેમની દીકરી રીતિકાએ આ જાણ્યું તો તેણે પપ્પા રાકેશ બેદી પર રીતસર દબાણ કર્યું. રીતિકાએ પોતાના પપ્પાને સમજાવ્યું કે આ રોલ છોડવા જેવો નથી. તેણે એમ પણ ઉમેર્યું કે આ રીતે અનુભવી કલાકારો ઊગતા ડાયરેક્ટરને ના પાડી દે તો એ લોકો આગળ કેવી રીતે આવશે? રીતિકાએ આદિત્ય ધરની અગાઉની ફિલ્મો પણ જોઈ હતી અને તે તેનાથી ખાસ્સી ઈમ્પ્રેસ થઇ હતી. આ બધી ચર્ચા થઇ પછી આદિત્ય ધર ખુદ રાકેશ બેદીને મળવા આવ્યા અને સીધેસીધું કહી જ દીધું કે, સર , આ રોલ તમારે કરવાનો જ છે અને તમારે જરાય ના પાડવાની જ નથી. તો પછી જે બન્યું એ તો ઈતિહાસ છે...

રાકેશ બેદી હવે ઉમેરે છે કે પહેલા તેમણે જે ફિલ્મને ના પાડી હતી આજે તે ફિલ્મને લીધે જ એ રેન્જ રોવર ખરીદી રહ્યા છે.! ■

### કટ એન્ડ ઓકે...




૮ મે ના દિવસે રિલીઝ થનારી સંજય દત્તની 'આખરી સવાલ' સાઈન લેન્ગવેજ સાથે રિલીઝ થનારી પ્રથમ ભારતીય ફિલ્મ બની રહેશે.

# કૂમનઃ રોમાંચની રોલર કોસ્ટર રાઈડ

## ‘દૃશ્યમ’ ફેઈમ ડિરેક્ટર જીતુ જોસેફની ફિલ્મોમાં રહસ્ય અને રોમાંચ આબાદ વણાયેલાં રહે છે ...

ફિલ્મનામા
નરેશ શાહ

માણસ માત્ર અપમાન સહન કરી લે પણ બેઈજ્જતી તેને ઝેરીલો ફુંફાડો મારવા ઉશ્કેરી શકે છે. જાહેરમાં થયેલો ફજેતો વ્યક્તિને ડિપ્રેસ કરી શકે અને એથી ઊલ્ટું પણ બને. ઈંટનો જવાબ પથ્થરથી દેવાનો તેનો નિશ્ચય એકાએક વિસ્ફોટક બની જાય ત્યારે કશુંક એવું બને કે જે કલ્પનાતીત લાગે.




તમિલનાડુ - કેરલની બોર્ડર પર આવેલાં નાનકડાં નગરમાં કોન્સ્ટેબલ તરીકે કામ કરતાં ગિરિશંકર સાથે બધું બરાબર ચાલી રહ્યું હતું. નાના ગામમાં ચાની ટપરી પર તેની કોન્સ્ટેબલી પર વ્યંગ કરનારાઓને જવાબ દેવાની બદલે એ મુંગા મોઢે તેમને જતા કરતો. બેશક, મનમાં દાઝ જમા થતી હતી. અમુક સ્થાનિક વ્યક્તિ પરની તેની ચીડના પોટલાં પર અંગારો ત્યારે ચંપાઈ છે જ્યારે નવા થાણા-ઈન્ચાર્જ ડ્યૂટી જોઈન કરે છે. એ ગિરિશંકરને નિગ્લેક્ટ કરે છે.

કબડ્ડીના એક જાહેર કાર્યક્રમમાં ખેલાડીઓ વચ્ચે બબાલ થતાં ગિરિશંકર વચ્ચે પડે છે અને પોતાની મનમાની કરતાં લોકલ નેતાને છોડવવામાં થાણા ઈન્ચાર્જ ગિરિશંકરને કાદવમાં ધક્કો મારે છે. કાદવથી ખરડાયેલી હાલત અને ગામના લોકોનું ખિખિયાટા કરતાં હાસ્યની બેઈજ્જતી ગિરિશંકર માટે અસહ્ય થઈ જાય છે. પોતાનો ફજેતો કરનાર થાણા-ઈન્ચાર્જ અને પોતાના ઉપરી પોલીસ અધિકારીનો દાવ લેતા માટે ગિરિશંકર ગજબનો માર્ગ અખત્યાર કરે છે. ગામમાં ક્રાઈમ વધી જાય તો થાણા-ઈન્ચાર્જની આબરૂ જાય અને તેના પર પ્રેશર પણ વધે.

બસ. આ જ સોચ સાથે દિવસે પોલીસ કોન્સ્ટેબલ તરીકે કામ કરતો ગિરિશંકર રાતે ગામમાં ચોરી કરવા નીકળી પડે છે. છાશવારે થવા માંડેલી ચોરીથી થાણા-ઈન્ચાર્જને ઉપરથી ઠપકો મળે છે અને ચોરને પકડવા એ ઘાંઘો થાય છે. ગિરિશંકર મનોમન રાજી થાય છે પણ દેખાવ એવો કરે છે કે, એ પણ ચોરને પકડવા આતુર છે...

મલયાલમ ફિલ્મ ‘કૂમન’ (હિન્દી નામઃ ધ નાઈટ વોચમેન)નો આ સ્ટાર્ટ પોઈન્ટ છે. પ્રથમ નજરે રસપ્રદ રીતે શરૂ થયેલી કૂતરાં-બિલાડા જેવી આ રમત અંત સુધી ચાલ્યા કરશે એવું આપણને લાગે પણ એ પછી આ કહાણીમાં થવા માંડતી હત્યાઓનો તડકો લાગે છે. ગિરિશંકરને એ તો ખબર છે કે થયેલી ચોરીઓ તો પોતે કરી છે પણ અચાનક આત્મહત્યાની જેમ થવા માંડેલી હત્યા પાછળનું કારણ શું છે? એ કોણ કરાવી રહ્યું છે...?

‘કૂમન’ ફિલ્મના ડાયરેકટર જીતુ જોસેફની આ કાયમી કમાલ રહી છે કે તેમની ફિલ્મમાં રોમાંચ અને રહસ્યનું દિલચસ્પ કોકટેલ દર્શકને મળતું રહે છે. જીતુ જોસેફને હવે આખું ભારત ‘દૃશ્યમ’ સિરીઝની ફિલ્મોથી ઓળખી ગયું છે. મલયાલી ભાષામાં બનેલી તેમની આ સિરીઝની ફિલ્મો હિન્દી સહિતની અનેક ભાષામાં રિમેક થઈ છે. દૃશ્યમ, ટવેલ્થમેન જેવી ફિલ્મો સુપરસ્ટાર મોહનલાલ સાથે બનાવ્યા પછી બનાવેલી ‘કૂમન’ ફિલ્મના લેખક તો કે. આર. ક્રિષ્નકુમાર છે, પણ જીતુ જોસેફ ફિલ્મ બનાવવાનું હાથમાં લે તો માની જ લેવાનું કે, એ ફિલ્મ સસ્પેન્સરથી ભરપૂર થ્રીલર જ હશે.

‘કૂમન’ ફિલ્મનો અંત શીરાની જેમ તરત ગળે ઊતરે એવો નથી, છતાં દર્શકને જીતુ જોસેફ છેલ્લે સુધી ખેંચી રાખે છે. ફિલ્મમાં ગિરિશંકરનું પાત્ર આસિક અલીએ ભજવ્યું છે. ગિરિશંકરનું પાત્ર ગ્રે શેડની ઝાંય ધરાવતું છે પણ રાઈટર-ડિરેકટરની એ કાબેલિયત રહી છે કે, ગિરિશંકર માટે દર્શકને અણગમો કે અભાવ નથી થતો. વાર્તાના તમામ વળાંક પર ગિરિશંકર આપણને વાજબી લાગે છે. સિનેમા કળા માટે એમ કહેવાય છે કે તે સતત સસ્પેન્સ જગાડવું સરળ છે પણ સસ્પેન્સ યા ઊભી થતી શંકાઓનું સમાધાન આપતાં - આપતાં નવા ભેદ સર્જતાં જવા એ બહુ અઘરો કસબ છે. ગિરિશંકરનું ચોરી કરતી વખતે પકડાઈ જવું, ખોટી વ્યક્તિને ચોર તરીકે રજૂ કરવો અને પછી, તેને જ ભગાડવો. પોતાને ચોર તરીકે જોઈ જનારાથી હતાશ થઈને ગામ છોડીને ભાગી છૂટવું અને એ જ ચશ્મદીદનું ઝાડ પર લટકી જવું... જીતુ જોસેફની અગાઉની સુપરહિટ ફિલ્મોમાં જોવા મળતી રોમાંચની રોલર કોસ્ટર રાઈડ જેવી ‘કૂમન’ અર્થાત ‘ધ નાઈટવોચમેન’ તમને યુ ટ્યૂબ પર જોવા મળી શકે છે. ■

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (૧૬૭)

આ કલાકારોની એક એવી ફિલ્મનું નામ જે રામ શબ્દથી શરૂ થઈ હોઈ?



૧) અનિલ કપૂર
૨) શાહરુખ ખાન
૩) ધર્મેન્દ્ર
૪) રણધીર કપૂર
૫) જેકી શ્રોફ
૬) સન્ની દેઓલ
૭) દિલીપ કુમાર

## ક્વિઝ (૧૬૮)

આ ગીતો કઈ ફિલ્મનાં છે અને એ ફિલ્મની હિરોઈન કોણ છે?

૧) પિયા ઐસો જીયા મેં સમાયી ગયો રે કે મૈં તન મન કે સુદ્દબુધ ગવા બૈઠી
૨) પિયા તોંસે નૈના લાગે રે નૈના લાગે રે જાને ક્યાં હોગા આગે રે પિયો ઓ
૩) પિયા તું અબ તો આજા શોલા સા મન દેહકે આ કે બુજા જા
૪) પિયા બીના પિયા બીના બાસિયા બાજેનાં બાજેનાં પિયા બીના
૫) પિયા પિયા પિયા મોરા જીયા પુકારે હમ ભી ચલેંગે પિયા સંગ
૬) પિયા પિયા ના લાગે મોરા જીયા આજા ચોરી ચોરી કે બૈયા ગોરી ગોરી
૭) પિયા ના રહે મન બસીયા, સખી રે મેંઘ નહિ બીજુરિયા મન

જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’

# શ્રદ્ધા કપૂર

## હવે પોતાનાથી બાવીસ વર્ષ મોટા અભિનેતા સાથે પ્રણયદશ્યો ભજવશે...

મનોરંજનનું મેઘધનુષ
ઉમેશ ત્રિવેદી

હવે આ વાત લગભગ સામાન્ય થઈ ગઈ છે કે હીરો કરતાં હીરોઈન ઉંમરમાં નાની હોય, પણ બોલિવૂડમાં હવે મોટાભાગના હીરો પંચાવનથી મોટી ઉંમરના હોય છે અને તેમને હીરોઈન ૨૦ થી ૨૫ વર્ષની જોઈએ છે. ત્રણેય ખાન ઉપરાંત અક્ષયકુમાર સહિત બધાં જ હીરો મોટી ઉંમરે હજીય મુખ્ય પાત્ર- હીરોની ભૂમિકા ભજવે છે અને તેમની સાથે પ્રણયદશ્ય ભજવનારી હીરોઈન બિચ્ચારી... નાની ઉંમરની હોય છે.



આપણે અહીં વાત શ્રદ્ધા કપૂરની કરવાના છીએ. શ્રદ્ધા કપૂર ૩૯ વર્ષની છે અને તેની આગામી ફિલ્મમાં તે આમિર ખાનની પત્નીની ભૂમિકા ભજવવાની છે. આમિર તેનાથી બાવીસ વર્ષ મોટો છે. તે ૬૧ વર્ષનો છે અને તે ‘ભારત પે’ના સ્થાપક અશનૂર ગ્રોવરની ભૂમિકા ભજવવાનો છે.

આ એક બાયોપીક ફિલ્મ છે. આ ફિલ્મની બીજી મહત્ત્વની વાત એ છે કે ફિલ્મના દિગ્દર્શક રાહુલ મોદીની દિગ્દર્શક તરીકેની આ પહેલી જ ફિલ્મ છે. રાહુલ મોદી સાથે ભૂતકાળમાં શ્રદ્ધા કપૂરનું નામ જોડાઈ ચૂક્યું છે. તે તેનો ભૂતપૂર્વ બોયફ્રેન્ડ હોવાનું કહેવાય છે. રાહુલે આ અગાઉ ‘પ્યાર કા પંચનામા’ - ‘સોનુ કે ટીટુ કી સ્વીટી’ અને ‘તૂ જુઠી મૈં મક્કાર’ જેવી ફિલ્મો લખી છે.

બોલિવૂડના જાણીતા ખલનાયક શક્તિ કપૂરની પુત્રી શ્રદ્ધાએ અભિનયની શરૂઆત ૨૦૧૦થી કરી અને અત્યાર સુધીની ૧૬ વર્ષની કારકિર્દીમાં તેણે માત્ર ૨૫ થી ૨૬ ફિલ્મો જ કરી છે. તેની ફિલ્મોની યાદીમાં સફળ ફિલ્મોની સૂચિ વધારે લાંબી છે, કારણ કે તેણે ક્યારેય આડેધડ ફિલ્મો સ્વીકારી નથી.

શ્રદ્ધાની ગણના અત્યારે બોલિવૂડમાં એક નિપુણ અભિનેત્રી તરીકે તો થાય જ છે, પણ સાથોસાથ તે સૌથી વધારે ‘ફી’ લેનારી જે ગણીગાંઠી અભિનેત્રીઓ છે, તેમાંની એક છે. શ્રદ્ધાએ અત્યાર સુધીમાં દરેક પ્રકારની ભૂમિકાઓ ભજવી છે, પણ આ પહેલી જ વાર તે બોયોપીક ફિલ્મમાં ભૂમિકા ભજવી રહી છે.

‘તીન પત્તી’ નામની મલ્ટિસ્ટાર જેવી ફ્લોપ ફિલ્મથી પોતાની કારકિર્દી શરૂ કર્યા પછી શ્રદ્ધાએ ક્યારેય પાછું વળીને જોયું નથી. ‘તીન પત્તી’માં બેન કિંગ્સ્લે, અમિતાભ બચ્ચન, આર. માધવન, રાઈમા સેન જેવાં કલાકારો હતાં. છતાં એ ફિલ્મ બોક્સ ઓફિસ ગજાવી શકી નહોતી. આ ફિલ્મ રિલીઝ થયાના ત્રણ વર્ષ બાદ શ્રદ્ધા ‘આશિકી-ટુ’માં દેખાઈ હતી.

આદિત્ય રોય કપૂર સાથેની આ ફિલ્મ માત્ર ૧૫ કરોડમાં બની હતી, પણ તેણે રૂ. ૧૦૯ કરોડની કમાણી કરી દેખાડી અને એ સાથે શ્રદ્ધાને એક કુશળ હીરોઈન તરીકે જામી ગઈ. ત્યાર પછી દર વર્ષે શ્રદ્ધાએ એક એક હીટ ફિલ્મ આપવાનું શરૂ કરી દીધું અને પોતાનું સ્થાન મજબૂત કરતી ગઈ.

એની ‘એક વિલન’માં સિદ્ધાર્થ મલહોત્રા અને રિતેશ દેશમુખ હતા. આ ફિલ્મ માત્ર ૪૦ કરોડમાં બની હતી અને તેણે રૂપિયા ૧૭૦ કરોડની કમાણી કરી હતી. ૨૦૧૪માં ‘એક વિલન’, ૨૦૧૫માં ‘એબીસીડી-ટુ’ ૨૦૧૬માં ‘બાગી’, ૨૦૧૮માં ‘સ્ત્રી’ પછી શ્રદ્ધાની હીટ ફિલ્મોની સંખ્યા થોડી ઓછી થઈ.

એ પછી વરુણ ધવન સાથેની ‘ભેડિયા’માં તેણે એક ‘આઈટમ સોંગ’ માત્ર કર્યું, પણ સફળ ફિલ્મ સાથે તેનું નામ સંકળાયું. આટલા વર્ષની કારકિર્દી દરમિયાન દર વર્ષે તેની બે કે ત્રણ ફિલ્મ રિલીઝ થઈ હતી, પણ હવે તે દર વર્ષે માંડ એકાદ ફિલ્મમાં દેખાય છે. તેમાંય ૨૦૨૩માં ‘તું જુઠી મૈં મક્કાર’ ઠીક ઠીક સફળ સાબિત થઈ અને છેલ્લે તે સુફરડુપર હીટ ફિલ્મ ‘સ્ત્રી-ટુ’માં દેખાઈ હતી.

પિતા શક્તિ કપૂર અને પદમિની - તેજસ્વીની કોલ્હાપુરેની બહેન શિવાંગી એ તેની માતા છે. લતા મંગેશકર, આશા ભોસલેના કુટુંબ સાથે તે જોડાયેલી છે અને તેણે પણ ગાયકીની તાલીમ લીધી છે.

શ્રદ્ધા ભૂમિકા માટે જબરી મહેનત કરતા જરાય અચકાતી નથી. ટાઈગર શ્રોફ સાથેની ‘બાગી’ ફિલ્મ માટે તેણે ‘કલારાઈપટ્ટુ’ નામના માર્શલ આર્ટસની તાલીમ લીધી હતી અને આ ફિલ્મમાંના મોટા ભાગના એકશન દશ્યો તેણે પોતે જ ભજવ્યા હતા.

આમ તો શ્રદ્ધાની અભિનયની કારકિર્દીની શરૂઆત ખૂબ જ ધમાકેદાર થવાની હતી, પણ પિતા શક્તિ કપૂર તેમાં ‘વિલન’ બન્યા હતા. સલમાન ખાને તેની ફિલ્મ ‘લકીઃ નો ટાઈમ ફોર લવ’ માટે તેનો સંપર્ક કર્યો હતો. પણ એ વખતે શ્રદ્ધાની ઉંમર માત્ર ૧૬ જ વર્ષની હતી. પછી લગભગ સાત વર્ષ બાદ એટલે કે તે ૨૩ વર્ષની થઈ ત્યારે ૨૦૧૦માં તેની પહેલી ફિલ્મ ‘તીન પત્તી’ રિલીઝ થઈ હતી.


નાનપણમાં શ્રદ્ધા તેના પિતા શક્તિ કપૂરની ફિલ્મોના શૂટિંગમાં જતી હતી. શક્તિ કપૂરે ડેવિડ ધવનની ઘણી ફિલ્મોમાં અભિનય કર્યો છે અને ડેવિડ ધવનનો પુત્ર વરુણ પણ ત્યારે નાનો હતો. તેથી શ્રદ્ધા અને વરુણ વચ્ચે સારી મિત્રતા થઈ હતી તે સમયે શ્રદ્ધા અને વરુણ ફિલ્મના સેટ પર ગોવિંદાનાં ગીતો પર ડાન્સ કરીને ત્યાં હાજર કલાકારોનું મનોરંજન કરતા હતા.

આમ નાનપણથી જ ફિલ્મી દુનિયામાં ડગ માંડનારી આ અભિનેત્રીએ ભલે બાળ કલાકાર તરીકે અભિનય નથી કર્યો, પણ સમજણી થયાં પછી માત્ર બે-ત્રણ અપવાદને બાદ કરતાં તેણે અનેક સફળ ફિલ્મોમાં અભિનય કરીને બોલિવૂડમાં પોતાનું સ્થાન મજબૂત કર્યું છે.

OTTનું હોટસ્પોટ

# પચીસ એપ્રિલથી પહેલી મે દરમિયાન જોવા મળશે અનિલ કપૂર, સૈફ અલી ખાન અને હોલિવૂડની ચાર્લીઝે થેરોનની ફિલ્મ અને સીરિઝ

આપણું અઠવાડિયું શનિવારથી શરૂ થાય છે, પણ એ પહેલાં આજે એટલે કે ૨૪ એપ્રિલથી અનિલ કપૂર ઓટીટી પર ફરી એકવાર ત્રાટકવા માટે તૈયાર છે.




‘જિયો હોટસ્ટાર’ ચેનલ પર અલિલ કપૂર અભિનીત ‘૨૪’ની ત્રીજી સીઝન શરૂ થઈ રહી છે. અનિલ કપૂરની ‘૨૪’ નામની સીરિઝની બીજી સીઝન ૨૦૧૬માં રિલીઝ થઈ હતી. આજે ૧૦ વર્ષ બાદ તે ફરી એકવાર જયસિંહ રાઠોડની ભૂમિકામાં દેખાશે.

અભિનય દેવ દિગ્દર્શિત આ સીરિઝમાં સાક્ષી તન્વર, સુરવીન ચાવલા, સિકંદર ખેર, સુધાંશુ પાંડે, અમૃતા ખાનવિલકર અને આશિષ વિદ્યાર્થીની મુખ્ય ભૂમિકા છે.

* **નેટફિલક્સઃ**

આ ઓટીટી પ્લેટ્ફોર્મ પર આજે ૨૪ એપ્રિલે હોલિવૂડની લોકપ્રિય અભિનેત્રી ચાર્લીઝે થેરોનની ક્રાઈમ થ્રીલર સીરિઝ ‘એપેક્સ’નું પ્રસારણ શરૂ થઈ રહ્યું છે. તો ૨૫ એપ્રિલે સૈફ અલી ખાન અભિનીત ‘જવેલ થીફઃ ધ હેઈસ્ટ બિગીન્સ’નું પણ પ્રસારણ શરૂ થશે.

૨૫ એપ્રિલે જ આ ચેનલ પર હેવોક, વીક હીરો કલાસ ટુ’ જેવી સીરિઝ રજૂ થશે. તો ૩૦ એપ્રિલે ‘ધ ફિયાસ્કો’ નામની કોમેડી સીરિઝની શરૂઆત થશે અને પહેલી મેના દિવસે એનિમેટેડ કોમેડી સીરિઝ ‘સ્વેપ્ડ’નું પ્રસારણ થશે.

* **ઝી ફાઈવઃ**

અહીં આજે (૨૪ એપ્રિલે) ‘બેન્ડ મેલમ’ નામની રોમાન્ટિક કોમેડી મ્યુઝિકલ ડ્રામા સીરિઝની શરૂઆત થશે. ■

# મુંબઈ ફિલ્મ ઇન્ડસ્ટ્રીનું ગોસિપ કેપિટલ

ટૂંકું ને ટચ
ડી.જે. નંદન

બોલિવૂડ માત્ર એક ફિલ્મ નગરી જ નથી, પરંતુ એક જીવંત, સામાજિક અને સાંસ્કૃતિક વિશ્વ પણ છે. જ્યાં પરદા કરતાં એની પાછળની સ્ટોરી વધુ દિલચસ્પ હોય છે. આ જ કારણ છે કે અન્ય ફિલ્મ નગરીને ‘ગોસિપ કેપિટલ’નો દરજ્જો નથી મળ્યો. વાસ્તવમાં માયા નગરી મુંબઈ રહસ્ય, સંબંધો અને રોમાંચની એક દુનિયા છે, જેમાં સ્ટાર્સની લાઇફ, તેમના રિલેશનશિપ્સ, તેમનાં વિવાદ, તેમની સફળતા અને અસફળતા જાણવામાં લોકોને વધુ રસ હોય છે. તો સવાલ એ થાય છે કે કેમ અન્ય કોઈ ઇન્ડસ્ટ્રી નહીં ને મુંબઈનું બોલિવૂડ ‘ગોસિપ કેપિટલ’ શા માટે કહેવાય છે?

એનું મુખ્ય કારણ છે મુંબઈનું સેલિબ્રિટી કલ્ચર. ભારતમાં ફિલ્મી કલાકારોને માત્ર એક્ટર નહીં, પરંતુ લોકો પોતાના આદર્શ માને છે. અમિતાભ બચ્ચનથી માંડીને શાહરુખ ખાન, રણબીર કપૂરથી લઈને રણવીર સિંહ સુધીના તમામ સિતારાઓની લાઇફ, તેમનાં રિલેશન્સ, તેમની લાઇફ સાથે જોડાયેલી દરેક નાની-નાની વાતો લોકોને સાંભળવી ગમે છે. પછી ભલે એ સાચી હોય કે માત્ર અફવા હોય.

અગાઉ તો માત્ર મૅગેઝિન અને અખબારોમાં તેમનાં વિશેની ગોસિપ વાંચવા મળતી હતી. હવે તો સોશ્યલ મીડિયાના પ્રભાવને કારણે વાત આગની જેમ ફેલાઈ જાય છે. લોકો માટે ખૂસુરપૂસુર કરવાનું એક માધ્યમ બની જાય છે. એથી ગોસિપનો માહોલ બની જાય છે.

બોલિવૂડમાં અમિતાભ બચ્ચન અને રેખાનું અફેર જગજાહેર હતું. બન્નેએ અનેક ફિલ્મોમાં સાથે કામ કર્યું છે. તેમની જોડી પણ હિટ રહી છે. જોકે બન્નેએ કદી પણ પોતાનાં રિલેશન પર મહોર નહોતી લગાવી. આજે પણ ગોસિપમાં તેમના રિલેશન ચર્ચાનો વિષય રહે છે.

આવી જ એક જોડી હતી સલમાન ખાન અને ઐશ્વર્યા રાયની. ‘હમ દિલ દે ચુકે સનમ’ના શૂટિંગ દરમિયાન બન્ને વચ્ચે



નિકટતા વધી. આ નિકટતા પ્રેમમાં પરિણમી, પરંતુ તેમનાં સંબંધો આગળ વધી શક્યા નહીં. તેમનાં રિલેશનનો અંત પણ વિવાદાસ્પદ રહ્યો.

ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં વધુ નામ છે હૃતિક રોશન અને કંગના રનોટનું. આ બન્નેનાં રિલેશન પણ વર્ષોથી ગોસિપનો ભાગ રહ્યા છે. તેમનું પ્રકરણ તો એટલું ગાજ્યું કે કોર્ટ સુધી પહોંચી ગયું હતું. બન્ને વચ્ચે થયેલી ઇ-મેલની આપ-લે, ઇન્ટરવ્યૂ અને સાર્વજનિકરૂપે કરવામાં આવેલા આરોપ-પ્રત્યારોપથી માત્ર ને માત્ર તેમણે બદનામી વહોરી લીધી હતી.

આ તો થઈ સ્ટાર્સના અફેર્સની વાત. બોલિવૂડમાં નેપોટિઝમ એટલે કે પરિવારવાદ પણ હંમેશાંથી ચર્ચાનો વિષય રહ્યો છે. આલિયા ભટ્ટ, વરુણ ધવન, જાહ્નવી કપૂર, અનન્યા પાન્ડે, સારા અલી ખાન એવા સ્ટાર્સ છે કે જો તેઓ સ્ટારકિડ્સ ન હોત તો કદાચ ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં તેમના સિક્કા ન ઉછળ્યા હોત. આ જ કારણ છે કે ફિલ્મ ઇન્ડસ્ટ્રી નેપોટિઝમમાં ગળાડૂબ ફસાયેલી છે.

આ બધામાં દીપિકા પાદુકોણ- રણવીર સિંહનું દાંપત્ય જીવન અને કરિયર લોકોમાં ચર્ચાનો વિષય રહ્યો છે. તો બીજી તરફ, કાર્તિક આર્યનના નવા રિલેશન્સ, નવા સ્ટાર કિડ્સ તરીકે સુહાના ખાનની એન્ટ્રી વગેરે ગોસિપનું કેન્દ્ર બન્યાં છે.

ગોસિપમાં હંમેશાં એક કથા છુપાયેલી હોય છે, જે લોકોને પોતાની તરફ આકર્ષિત કરે છે. આ કથા હકીકત નથી હોતી, તો પણ લોકોને એ સાંભળવી ગમે છે. ■

# કેદારનાથમાં મૃત્યુ પામેલા વડોદરાના દિલીપભાઈના મૃતદેહને પરત લાવવા હેલિકૉપ્ટર કંપનીને ૬૫,૦૦૦ ચૂકવવા પડ્યા

રુદ્રપ્રયાગ: કેદારનાથમાં ગુજરાતી યાત્રાળુનું હૃદયરોગના હુમલાથી મોત થયું હતું. જોકે પરિવારજનોને ખાનગી હૅલિકૉપ્ટર કંપનીને રૂ. ૬૫,૦૦૦ ચુકવવાની ફરજ પડી તે અગાઉ મૃતદેહ લગભગ પાંચ કલાક સુધી ત્યાં જ અટવાઈ પડ્યો હતો.

મંદિરના દરવાજા ખૂલ્યાની ગણતરીની ક્ષણ અગાઉ જ વડોદરાના રહેવાસી દિલીપભાઈ મન્નુ માલીને બુધવારે સવારે લગભગ સાડ છ વાગ્યે વાઈટ હાઉસ નજીક હૃદયરોગનો હુમલો આવ્યો હતો. દર્શન માટે ટ્રેકિંગ પર જઈ રહ્યા હતા તે દરમિયાન બેભાન થઈ ગયા બાદ સવારે સાડાસાત વાગે કેદારનાથ પ્રાઈમરી હૅલ્થ સેન્ટર ખાતે પિતાને મૃત જાહેર કરવામાં આવ્યા હોવાનું પુત્ર હેમંતભાઈ માલીએ કહ્યું હતું. સ્થાનિક વહીવટીતંત્રને અનેક વિનંતીઓ કરવામાં આવી હોવા છતાં કલાકો સુધી અમને ત્યાં જ રોકાઈ રહેવાની ફરજ પડી હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો.

હેલિકૉપ્ટર માટે અમે જિલ્લા મેજિસ્ટ્રેટને વિનંતી કરી હતી, પરંતુ ખાતરી આપ્યા બાદ પણ બપોરે એક વાગ્યા સુધી કોઈ વ્યવસ્થા કરવામાં નહોતી આવી એવો આક્ષેપ તેમણે કર્યો હતો. અંતે અમે પિતાના મૃતદેહ સહિત કુલ ચાર જણ માટે ખાનગી હેલિકૉપ્ટર કંપનીને રૂ. ૬૫,૦૦૦ ચુકવ્યા હતા, એમ તેમણે કહ્યું હતું.

કેદારનાથ યાત્રાના નોડલ ઑફિસર અને ઉખીમઠ એસડીએમ અનિલ સિંહ રાવતે કહ્યું હતું કે ડિરેક્ટરેટ જનરલ ઑફ સિવિલ ઍવિયેશન (ડીજીસીએ)ના સેફ્ટી ઈન્સ્પેક્શન પ્રોટોકોલને કારણે હેલિકૉપ્ટર સેવા કામચલાઉ ધોરણે રોકી દેવામાં આવી હતી. (એજન્સી) ■

# યુપીમાં ટ્રકની બ્રેક ફેઈલ થતાં ગમખ્વાર અકસ્માત: ૧૧નાં મોત

મિર્ઝાપુર: ઉત્તર પ્રદેશના મિરઝાપુર જિલ્લામાં અનેક વાહન એકમેક સાથે ટકરાતાં થયેલા અકસ્માતમાં ૧૧ જણનાં મોત થયાં હોવાનું પોલીસે ગુરુવારે કહ્યું હતું.

એક ટ્રકની બ્રૅક ફૅઈલ થવાને કારણે બુધવારે રાત્રે સાડાઆઠ વાગે આ અકસ્માત થયો હોવાનું પોલીસે કહ્યું હતું. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને અગ્નિશમન દળની ટુકડી તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને સ્થાનિક લોકોની સહાયથી બચાવ તેમ જ રાહત કામગીરી શરૂ કરી દીધી હતી, એમ એસપી અપર્ણા રજત કૌશિકે કહ્યું હતું. મુખ્ય પ્રધાન યોગી આદિત્યાનાથે આ કરુણાંતિકા અંગે શોક વ્યક્ત કર્યો હતો અને મૃતકના પરિવારજનો પરત્વે સહાનુભૂતિ વ્યક્ત કરી હતી. પ્રાથમિક અહેવાલ મુજબ પસાર થઈ રહેલી એક ટ્રકની બ્રૅક ફૅઈલ થતાં આ અકસ્માત સર્જાયો હતો.

મધ્ય પ્રદેશથી આવેલી ચણા લાદેલી ટ્રકની બ્રૅક ફૅઈલ થતાં ડ્રાઈવરે વાહન પરનો અંકુશ ગુમાવ્યો હતો અને ટ્રક આગળ જઈ રહેલી બૉલેરો કાર સાથે અથડાયા બાદ અનેક વાહન એકમેક સાથે ટકરાયાં હતાં.

અકસ્માતને પગલે બૉલેરો કારમાં આગ લાગી હતી. આગ એટલી તીવ્ર હતી કે તેને કાબૂમાં લેતાં કલાકો લાગ્યા હતા.



**રસ્તા પર ફરતું મોત:** ઉત્તર પ્રદેશના મિર્ઝાપુર ખાતે ગુરુવારે નેશનલ હાઈવે ૧૩૫ પર થયેલા અકસ્માતે ૧૧ જણનો ભોગ લીધો હતો. અકસ્માતનો ભોગ બનેલાં વાહનોનો કાટમાળ રસ્તાની બાજુએ ખસેડી દીધા બાદ વાહનવ્યવહાર પૂર્વવત્ થયો હતો. (એજન્સી)

# ‘દીદીએ પૈસા આપ્યા હોત તો રેપ-હત્યા કરવા ન પડ્યા હોત’

## દિલ્હીમાં યુવતી પર બળાત્કાર-મર્ડરના આરોપીનું રટણ

નવી દિલ્હી: દક્ષિણ દિલ્હીમાં બાવીસ વર્ષની યુવતીનાં બળાત્કાર અને હત્યાની ઘટનાને મામલે તપાસ કરી રહેલી એજન્સીના જણાવ્યા અનુસાર આરોપી અલગ રાખવામાં આવેલી ચાવીની મદદથી કૈલાશ હિલ અપાર્ટમેન્ટમાં પ્રવેશ્યો હતો અને સીધો અગાશીમાં ગયો હતો અને લોહીથી ખરડાયેલો મૃતદેહ નીચે ઘસડી જતાં અગાઉ ભૂતપૂર્વ કર્મચારીની પુત્રી પર હુમલો કર્યો હતો. તેણે સતત રટણ કર્યું હતું કે, પોતે ત્યાં પૈસા માટે જ ગયો હતો અને દીદીએ જો પૈસા આપ્યા હોત તો આ કશું ન બનત.

આરોપી રાહુલ મીણાને ચાર દિવસની કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યો છે. ઘટનાક્રમને ધ્યાનથી નિહાળ્યા બાદ પોલીસે મીણાને પશ્ચાતાપ વિનાની વ્યક્તિ લેખાવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર મીણા અલગ ચાવીની મદદથી કૈલાશ હિલ અપાર્ટમેન્ટમાં પ્રવેશી સીધો અગાશીમાં ગયો હતો અને વરિષ્ઠ આઈઆરએસ અધિકારીની પુત્રી જે સિવિલ સર્વિસિસની એક્ઝામની તૈયારી કરી રહી હતી તેનાં પર બળાત્કાર કરી હત્યા કર્યા બાદ તેનો લોહીથી ખરડાયેલો મૃતદેહ નીચે ઘસડી લાવ્યો હતો. (એજન્સી) ■

# ભાજપ પશ્ચિમ બંગાળમાં જીતશે તો રાજ્યમાં કોઈ ઘૂસણખોરી નહીં થાય: અમિત શાહ

બાલગઢ: જો ભાજપ પશ્ચિમ બંગાળમાં સત્તામાં આવશે તો રાજ્યમાં કોઈ પણ એક ઘૂસણખોરને પ્રવેશવાની છૂટ નહીં અપાય અને રાજ્યમાં રહેલા ગેરકાયદે વસાહતીઓને ‘શોધીને કાઢી મુકાશે’ એમ કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહે કહ્યું હતું.

હુગલી જિલ્લાના બાલગઢમાં જાહેરસભાને સંબોધતા કહ્યું હતું કે ભાજપ સંપૂર્ણ બહુમતી સાથે રાજ્યમાં સરકાર રચશે. પ્રથમ તબક્કાનું મતદાન પૂરું થઈ ગયું છે. બંગાળમાં આ મારો ૩૦મો કાર્યક્રમ છે. પાંચમી મેએ દીદીની રમત પૂરી થશે.

ઘૂસણખોરીને લીધે રાજ્યના અર્થતંત્ર અને રાષ્ટ્રીય સુરક્ષાને નુકસાન થઈ રહ્યું છે. ઘૂસણખોરો બંગાળના યુવાનોના રોજગાર, ગરીબોના રેશન ખાઈ રહ્યા છે અને રાષ્ટ્રીય સુરક્ષાને નુકસાન પહોંચાડે છે.

અમિત શાહે કહ્યું હતું કે અગાઉ મમતા બેનરજીના ગુંડા કહેતા હતા કે તમારે જે પ્રચાર કરવો હોય એ કરો, પરંતુ અમે વોટ આપવા નહીં દઈશું. હું દીદીના ગુંડાને કહેવા માગું છું કે તમે કોઈ મતદાતાને હાથ લગાડ્યો તો તમને બંગાળના ઉપસાગરમાં ફેંકી દેવામાં આવશે. (એજન્સી)

# ઉત્તરાખંડમાં વાહન ખીણમાં પડ્યું: આઠનાં મોત, બે ઘાયલ

ન્યૂ તહેરી: ઉત્તરખંડના તહેરી જિલ્લાના ચંબા વિસ્તારમાં એક યુટિલિટી પિકઅપ વાહન ગુરુવારે ખીણમાં પડતા આઠ જણ માર્યા ગયા હતા અને અન્ય બે જણ ઘાયલ થયા હતા. અકસ્માતનો ભોગ બનેલા લોકો ઘનસાલીના થિયોલધાર ગામના રહેવાસી હતા. હરિદ્વારમાં એક ગ્રામ્યજનના અંતિમસંસ્કાર કરીને આ લોકો પાછા ફરી રહ્યા હતા, ત્યારે વાહન-ચાલકે વાહન પરનો કાબૂ ગુમાવતા તે ખીણમાં પડ્યું હતું.

વાહનમાં કુલ દસ જણ હતા. આઠ મૃતદેહને ખીણમાંથી કઢાયા હતા અને ઘાયલ બે જણને નજીકની હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતા.

મુખ્ય પ્રધાન પુષ્કરસિંહ ધામીએ દુર્ઘટના અંતે દુ:ખ વ્યક્ત કર્યું હતું અને ઘાયલોને તાત્કાલિક સારી સારવાર આપવાનો આદેશ આપ્યો હતો. ■

# બદરીનાથ ધામના કપાટ ખુલ્યા

દેહરાદૂન: ઉત્તરાખંડના ગઢવાલ હિમાલય ક્ષેત્રમાં સ્થિત બદરીનાથ મંદિરના કપાટ છ મહિનાના શિયાળાના વિરામ પછી ગુરુવારના રોજ ભક્તો માટે ફરીથી ખોલવામાં આવ્યા હતા. મંદિર ફરી ખુલ્યા બાદ પહેલી પૂજા વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નામે કરવામાં આવી હતી.

ચમોલી જિલ્લામાં સ્થિત આ મંદિરના દરવાજા સવારે ૬-૧૫ વાગ્યે વૈદિક વિધિ અને મંત્રોના જાપ સાથે ખોલવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં દેશ-વિદેશના લગભગ ૧૫,૦૦૦ યાત્રાળુઓએ ભાગ લીધો હતો. ઉત્તરાખંડના મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામી અને ભારતીય જનતા પાર્ટી(ભાજપ)ના પ્રદેશ અધ્યક્ષ મહેન્દ્ર ભટ્ટે ઉદ્દઘાટન સમારોહમાં હાજરી આપી હતી. તેમજ વહીવટી વ્યવસ્થા અંગે પ્રતિક્રિયા મેળવવા માટે યાત્રાળુઓ સાથે વાતચીત કરી હતી.

મુખ્ય પ્રધાને એક સામુદાયિક રસોડાનું પણ ઉદ્દઘાટન કર્યું હતું. આ પ્રસંગે મંદિરને ફૂલોથી શણગારવામાં આવ્યું હતું. તેમજ ઢોલ-નગારા, સેનાના બૅન્ડ અને ’જય બદ્રી વિશાલ’ના નારાઓથી વાતાવરણ ગૂંજી ઊઠ્યું હતું. ■

# બિહારનું સીએમપદ શું કામ ભાજપને આપ્યું: જેડી(યુ)એ હવે કારણો આપ્યાં

પટણા: જનતા દળ (યુનાઈટેડ)ના પ્રમુખ નીતીશ કુમારે મુખ્ય પ્રધાનપદેથી રાજીનામું આપ્યું ત્યાર બાદ ભાજપે ભૂતકાળમાં આપેલા ટેકાના બદલામાં અમારા પક્ષે મુખ્ય પ્રધાનપદ ભાજપને આપ્યું છે એમ જેડી (યુ)એ ગુરુવારે કહ્યું હતું. જેડી (યુ)ના સિનિયર નેતા અને નાયબ મુખ્ય પ્રધાન વિજય કુમાર ચૌધરીએ અહીં પત્રકાર પરિષદમાં આ નિવેદન કર્યું હતું.

ચૌધરીએ કહ્યું હતું કે આવતી કાલે સમ્રાટ ચૌધરીની આગેવાની હેઠળની નવી સરકાર વિશ્વાસનો મત લેશે. આ હેતુ માટે વિધાનસભાનું એક દિવસનું સત્ર બોલાવવામાં આવ્યું છે. શાસક જોડાણ એનડીએ વિધાનસભામાં જોરદાર બહુમતી ધરાવે છે. આથી વિશ્વાસનો મત સરકાર જીતી લેશે એ નિર્વિવાદ છે. તેમણે કહ્યું હતું કે નવી સરકારને નીતીશ કુમારનો પણ આશીર્વાદ છે એ અહીં ભૂલવું ન જોઈએ. નીતીશ કુમારે રાજ્યસભાના સભ્ય બનવા મુખ્ય પ્રધાનપદ છોડી દીધું હતું.

ચોધરીએ કહ્યું હતું કે રાજ્યના લોકોએ તેમનો વિશ્વાસ નીતીશ કુમારમાં વ્યક્ત કર્યો છે. આથી બધાને અમે ખાતરી આપીએ છીએ કે નવી સરકાર નીતીશ કુમારનું અનુસરણ કરશે. (એજન્સી) ■

# ડેન્માર્કમાં બે ટ્રેન અથડાઈ

કોપનહેગન: ડેન્માર્કમાં ગુરૂવારના રોજ બે ટ્રેન વચ્ચે ભીષણ ટક્કર થતાં મોટી દુર્ઘટના સર્જાઇ હતી. આમાં પાંચ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ દુર્ઘટના સવારે લગભગ ૬-૩૦ વાગ્યે હિલરોડ નજીક પાસે બની હતી. જે કોપનહેગનથી લગભગ ૪૦ કિલોમીટર(પચીસ માઇલ)ઉત્તરમાં આવેલું છે. ગ્રેટર કોપનહેગન ફાયર ડિપાર્ટમેન્ટના જણાવ્યા મુજબ લગભગ એક ડઝન લોકોને નાની-મોટી ઇજાઓ થઇ હતી. ■

# હંગેરીએ વીટો ઉઠાવતા યુક્રેનને જંગી લૉન આપશે ઇયુ

બ્રસેલ્સ: હંગેરીએ પોતાનો વીટો ઉઠાવી લીધા પછી યુરોપિયન યુનિયને ગુરુવારે યુક્રેનને આગામી બે વર્ષ માટે તેની આર્થિક અને લશ્કરી જરૂરિયાતો પૂરી કરવામાં મદદ કરવા માટે એક મોટા લોન પેકેજને મંજૂરી આપી હોવાની માહિતી સાયપ્રસ પ્રેસિડેન્સીએ આપી હતી.

ઇયુએ યુક્રેન પરના યુદ્ધ અંગે રશિયા સામે નવા પ્રતિબંધોને પણ મંજૂરી આપી છે. આ પગલાં આ વર્ષની શરૂઆતમાં તૈયાર કરવામાં આવ્યા હતા અને સંઘર્ષની ચોથી વર્ષગાંઠ નિમિત્તે ફેબ્રુઆરીમાં જાહેર કરવામાં આવવાના હતા, પરંતુ હંગેરી અને સ્લોવાકિયાએ આ પગલાનો વિરોધ કર્યો હતો.

પાઈપલાઈનને નુકસાન થયા બાદ જાન્યુઆરીમાં બે ઇયુ દેશમાં રશિયન તેલની ડિલિવરી અટકાવવામાં આવી ત્યારથી હંગેરી અને સ્લોવાકિયા યુક્રેન સાથે ઝઘડામાં ફસાયેલા છે.

યુક્રેનિયન અધિકારીઓએ રશિયન ડ્રોન હુમલાઓને નુકસાન માટે જવાબદાર ઠેરવ્યા હતાં.

યુક્રેનને તેના યુદ્ધગ્રસ્ત અર્થતંત્રને ટેકો આપવા અને રશિયન દળોને દૂર રાખવામાં મદદ કરવા માટે ૯૦ અબજ યુરો લોન પૅકેજની સખત જરૂર છે. ■

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| दस्त | હાથનું મોજું |
| दस्तक | હસ્તાક્ષર |
| दस्तखत | જુલાબ |
| दस्ताना | રિવાજ |
| दस्तूर | ટકોરા |

### જાણવા જેવું

ચાર દાયકાની અભિનય સફરમાં અભિનેત્રી નૂતનએ ૭૦થી વધુ ફિલ્મોમાં કામ કર્યું હતું. તેમની પ્રથમ ફિલ્મ માતા શોભના સમર્થ દ્વારા દિગ્દર્શિત ‘હમારી બેટી’ રિલીઝ થઈ ત્યારે એમની ઉંમર માત્ર ૧૪ વર્ષની હતી. ફિલ્મોમાં શ્રેષ્ઠ અભિનેત્રી માટેનો ફિલ્મફેર એવોર્ડ તેમને પાંચ વખત મળ્યો હતો જે આ એ સમયે રેકોર્ડ હતો.

### ગુજરાત મોરી મોરી રે

હિન્દી ફિલ્મોમાં અનેક સુપરહિટ ગીતો આપનારી લતા મંગેશકર - મોહમ્મદ રફીનું યાદગાર ગુજરાતી યુગલ ગીત વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) તમે કિયા તે ગામના
બ) તારી આંખનો અફીણી
ક) નજરના જામ છલકાવીને
ડ) નૈન ચકચૂર છે

### નોંધી રાખો

એક્ટ્રેસ અને ફિલ્મમેકર શોભના સમર્થની ફિલ્મ ‘નળ દમયંતી’માં બાળ કલાકાર તરીકે તેમની પુત્રી નૂતનની હાજરી અસરકારક રહી હતી.

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ■ | ૨ | ૩ | | ૪ | | ૫ | ■ | ૬ |
| ૭ | | | | ■ | | ■ | ૮ | | |
| | ■ | ૯ | | ■ | ■ | ૧૦ | | ■ | |
| ૧૧ | ૧૨ | ■ | ૧૩ | | ૧૪ | ■ | ■ | ૧૫ | |
| ■ | | ■ | ■ | ■ | ૧૬ | | | | ■ |
| ■ | ૧૭ | | | ૧૮ | ■ | ■ | ■ | | ■ |
| ૧૯ | | ■ | ■ | ૨૦ | | ૨૧ | ■ | ૨૨ | ૨૩ |
| | ■ | ૨૪ | | ■ | ■ | ૨૫ | ૨૬ | ■ | |
| ૨૭ | | | ■ | ૨૮ | ■ | ૨૯ | | | |
| | ■ | ૩૦ | | | | | | ■ | |

**આડી ચાવી**

૨. અશક્યતા (૬)
૭. તરતની જુવાનીમાં આવેલાની મોહક સ્થિતિ (૪)
૮. પંખો (૩)
૯. ઉપાધિ, લફરું (૨)
૧૦. પથારી (૨)
૧૧. તડકો, ગરમી (૨)
૧૩. પરિણામ, ફળ (૩)
૧૫. --- કરવું=તાબે કરવું, જીતી લેવું (૨)
૧૬. સુંદર (૪)
૧૭. રાણીની દીકરી (૪)
૧૯. રાહ, રસ્તો (૨)
૨૦. પીંછી, સાળી (૩)
૨૨. શ્વાસ (૨)
૨૪. માણસ --- ભૂલને પાત્ર (૨)
૨૫. કામ કરે તે કાલું અને --- કરે તે વ્હાલું (૨)
૨૭. ચંદરવો (૩)
૨૯. તેજાનાની એક વસ્તુ (૪)
૩૦. પ્રશ્નોત્તર (૬)

**ઊભી ચાવી**

૧. અશુભ મુહૂર્તવાળા દિવસો (૪)
૨. પહેલું, મુખ્ય (૩)
૩. સારી પ્રતિષ્ઠા કે સ્થાપના કરવી (૪)
૪. પૈસો, નાણું (૨)
૫. માદળિયું (૩)
૬. શેઠ કરતાં --- ડાહ્યા (૪)
૧૨. સુગંધ, ફોરમ (૪)
૧૪. જુસ્સો (૨)
૧૫. સીમા, સીમાડો (૪)
૧૮. પરમાત્મા (૨)
૧૯. ખરેખરું, વાજબી (૪)
૨૧. છળ પ્રપંચ, તરકટ (૪)
૨૩. મનન કરવા જેવું (૪)
૨૪. મન (૩)
૨૬. ઉત્કટ ઈચ્છા (ખાસ કરી વ્યસનની) (૩)
૨૮. લતા (૨)


**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ખે | તી | ૨ પ્ર | ૩ ધા | ન | ■ | ૪ દ | ય | ૫ ની | ય |
| લ | ■ | ૬ ભા | મા | ■ | ૭ દ | ધિ | ■ | ર | ■ |
| ■ | ૮ અં | ત | ■ | ૯ આ | વ | જા | ■ | ૧૦ વ | રૂ |
| ૧૧ બુ | ધ | ■ | ૧૨ બ | કા | લું | ■ | ૧૩ સં | ■ | ■ |
| લં | ■ | ૧૩અ વ | ■ | ર | ■ | ૧૪ સં | ગ્રા | હ | ૧૫ ક |
| ૧૬ દ | ર | ખા | સ્ત | ■ | ૧૭ આ | ■ | મ | ■ | ર |
| ■ | ■ | ણ | ■ | ૧૮ પ | લ | ટો | ■ | ૧૯ સો | મ |
| ૨૦ ઓ | ૨૧ સ | ■ | ૨૨ ક | દ | મ | ■ | ૨૩ ક | ડ | ■ |
| ■ | પા | ■ | ૨૪ પ | ર | ■ | ૨૫ મા | લ | ■ | ઝ |
| ૨૬ ક | ટો | ક | ટી | ■ | ૨૭ કા | યા | પ | લ | ટ |

### ઓળખાણ પડી?

હોલિવૂડની ફિલ્મોમાં વિવિધ રોલ કરી જેમ્સ બોન્ડના રોલથી યાદગાર બની ગયેલા અફલાતૂન એક્ટરની ઓળખાણ પડી?

અ) કેરી ગ્રાન્ટ
બ) શોં કોનરી
ક) રોજર મૂર
ડ) ડેનિયલ ક્રેગ



### સુડોકુ-૯૨૭૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | | ૯ | | ૨ | | | ૮ |
| | ૭ | | ૫ | | ૧ | | ૬ | |
| ૫ | | ૨ | ૪ | | ૮ | ૭ | | ૯ |
| | ૫ | ૬ | | | | ૪ | ૨ | |
| | | | | | | | | |
| | ૨ | ૧ | | | | ૯ | ૮ | |
| ૨ | | ૫ | ૬ | | ૪ | ૮ | | ૩ |
| | ૪ | | ૨ | | ૩ | | ૯ | |
| ૧ | | | ૭ | | ૯ | | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૭૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૪ | ૩ | ૯ | ૬ | ૭ | ૮ | ૫ | ૧ |
| ૧ | ૯ | ૮ | ૩ | ૫ | ૪ | ૨ | ૬ | ૭ |
| ૭ | ૫ | ૬ | ૮ | ૧ | ૨ | ૩ | ૯ | ૪ |
| ૬ | ૩ | ૧ | ૨ | ૭ | ૯ | ૪ | ૮ | ૫ |
| ૫ | ૮ | ૨ | ૪ | ૩ | ૬ | ૧ | ૭ | ૯ |
| ૯ | ૭ | ૪ | ૧ | ૮ | ૫ | ૬ | ૩ | ૨ |
| ૪ | ૧ | ૫ | ૬ | ૯ | ૩ | ૭ | ૨ | ૮ |
| ૮ | ૬ | ૯ | ૭ | ૨ | ૧ | ૫ | ૪ | ૩ |
| ૩ | ૨ | ૭ | ૫ | ૪ | ૮ | ૯ | ૧ | ૬ |

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| आगे भी जाने ना तू | વક્ત |
| हंगामा हो गया | અનહોની |
| आओ हुझूर तुम को | કિસ્મત |
| झुमका गिरा रे | મેરા સાયા |
| मेरा कुछ सामान | ઈજાઝત |

**ગુજરાત મોરી મોરી રે:**
છાનું રે છપનું

**ઓળખાણ પડી?**
માઈ

**માઈન્ડ ગેમ :**
ગૃહસ્થી

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
ચૈન સે હમકો કભી

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

મોહમ્મદ રફીનો એક ટોચના ગાયક તરીકે ધ્વજ વર્ષો સુધી લહેરાયો. કઈ ફિલ્મમાં તેઓ અભિનેતા તરીકે પડદા પર જોવા મળ્યા હતા એ જણાવો.

અ) અનમોલ ઘડી  બ) જુગનુ  ક) કોહિનૂર  ડ) મધુમતી

### માઈન્ડ ગેમ

આગવી નૃત્ય શૈલી અને કોમિક ટાઈમિંગ માટે પ્રખ્યાત ગોવિંદાએ કઈ ફિલ્મમાં વિવિધ છ ભૂમિકા સાકાર કરી હતી એ જાણો છો?

અ) તાકાતવર  બ) શોલા ઔર શબનમ  ક) દુલ્હે રાજા  ડ) હદ કર દી આપને

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) નીતા દેસાઈ (૫) વિપીન શાહ (૬) ભારતી બુચ (૭) નૂતન વિપીન શાહ (૮) શ્રદ્ધા આશર (૯) પુષ્પા પટેલ (૧૦) મીનલ કાપડિયા (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) તાહેર ઔરંગાબાદવાલા (૧૪) શીરીન ઔરંગાબાદવાલા (૧૫) મહેશ સંઘવી (૧૬) કિરીટ છેડા (૧૭) લજિતા ખોના (૧૮) ચેતના છેડા (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) ભાવના કર્વે (૨૨) ભરત કજરિયા (૨૩) દિપીકા દોશી (૨૪) પ્રવીણ વોરા (૨૫) મહેન્દ્ર લોઢાવિયા (૨૬) અલકા વાણી (૨૭) વિણા સંપટ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) નિતીન જયંતીલાલ બજરિયા (૩૦) જ્યોત્સના ગાંધી (૩૧) રમેશ દલાલ (૩૨) હિના દલાલ (૩૩) ઈનાક્ષી દલાલ (૩૪) ડાયના સંતોકે (૩૫) મનીષા શેઠ (૩૬) ફાલ્ગુની શેઠ (૩૭) કમલ માતલિયા (૩૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૦) પ્રજ્ઞા પુરોહિત (૪૧) પ્રમોદ પુરોહિત (૪૨) અંજુ ટોલિયા (૪૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) ડો. પ્રકાશ કટકિયા (૪૬) મહેશ દોશી (૪૭) સુભાષ મોમાયા (૪૮) જયવંત પદમશી ચિખલ

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ ૧૬૭ જવાબ ૧) રામ લખન ૨) રામ જાને ૩) રામ બલરામ ૪) રામ ભરોસે ૫) રામ શાસ્ત્ર ૬) રામ અવતાર ૭) રામ ઔર શ્યામ

ક્વિઝ ૧૬૮ જવાબ: ૧) સાહેબ બીવી ઔર ગુલામ - મીના કુમારી ૨) ગાઈડ - વહીદા રેહમાન ૩) કારવાં - આશા પારેખ ૪) અભિમાન - જયા ભાદુરી ૫) બાપ રે બાપ - ચાંદ ઉસ્માણી ૬) ફાગુણ - મધુબાલા ૭) તનુ વેડ્સ મનુ - કંગના રનૌત

# પાણી કરકસરથી વાપરો

## મુખ્ય પ્રધાન

### અલ નીનોની અસરને ધ્યાનમાં રાખીને પાણીની બચત કરવા માટેના પગલાં લેવા જણાવ્યુંઃ આગામી દિવસોમાં બધી મનપામાં પાણીકાપ લદાય એવી શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્ય કેબિનેટની બેઠકમાં માહિતી આપવામાં આવી હતી કે રાજ્યના વિવિધ ડેમોમાં લગભગ ૬૫૩.૬૩ ટીએમસી પાણીનો સંગ્રહ ઉપલબ્ધ છે. આ વર્ષે, પાણીનો સંગ્રહ ગયા વર્ષ કરતા ૧૦૧.૭૭ ટીએમસી વધુ છે. ગયા વર્ષે, આ સંગ્રહ ૫૫૧.૮૬ ટીએમસી હતો. જોકે, અલ નીનોની અસરને કારણે, આ વર્ષે વરસાદની અનિયમિતતાની શક્યતાને કારણે, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આગામી વર્ષે થનારી પાણીની અછતનો સામનો કરવા માટે પાણીનો કરકસરથી ઉપયોગ કરવાની અપીલ કરી હતી. જળ સંસાધન વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી દીપક કપૂરે રાજ્યના તમામ ડેમોમાં પાણીનો સંગ્રહ અને અલ નીનોની અસરના સંભવિત પરિણામો વિશે પ્રેઝન્ટેશન દ્વારા માહિતી આપી હતી.

અલ નીનોની અસરને કારણે, ૨૦૧૪માં પાણીનો સંગ્રહ ૧૨ ટકા અને ૨૦૧૫માં લગભગ ૧૪ ટકા ઘટ્યો હતો. આ કારણે, બંને વર્ષોમાં પાણીની તીવ્ર અછત ઊભી થઈ હતી. ૧૫ ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ ૮૭૨ ટીએમસી પાણીનો સંગ્રહ હતો અને ૨૦૧૫માં તે જ દિવસે ૬૨૫ ટીએમસી પાણીનો સંગ્રહ હતો. તેની સરખામણીમાં, ૨૦૨૫માં ૧૫ ઓક્ટોબરના રોજ ૧૩૩૦.૯૭ ટીએમસી પાણીનો સંગ્રહ હતો. ૨૧ એપ્રિલ, ૨૦૨૬ના રોજ આ પાણીનો સંગ્રહ ૬૫૩.૬૩ ટીએમસી છે.

ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે લગભગ ૧૦૧.૭૭ ટીએમસી પાણીનો સંગ્રહ વધુ છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે એવો નિર્દેશ આપ્યો હતો કે રાજ્યમાં પાણીના સંગ્રહનું કાળજીપૂર્વક આયોજન કરવામાં આવે અને ઓગસ્ટ ૨૦૨૬ના અંત સુધીમાં પીવાનું પાણી ઉપલબ્ધ થાય તે માટે કરકસરનાં પગલાં અમલમાં મૂકવામાં આવે. આ સાથે, મુખ્ય પ્રધાન ફડણવીસે હવેથી પાણીનો ઉપયોગ સમજદારીપૂર્વક કરવાની અપીલ પણ કરી હતી જેથી આગામી વર્ષે પૂરતું પાણી ઉપલબ્ધ રહે, કારણ કે આ વર્ષે અલ-નીનોની અસરને કારણે ઓછો વરસાદ થવાની સંભાવના છે. ■

## વિધાન પરિષદની ચૂંટણી

# ભાજપના પાંચ સંભવિત ઉમેદવારો નક્કી

### બુધવારે મોડી રાત્રે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના વર્ષા બંગલો પર કોર કમિટીની બેઠકમાં નામ નક્કી થયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃરાજ્યમાં આગામી વિધાનસભા ચૂંટણી ૨૦૨૬ માટે ભાજપની છાવણીમાં ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે, અને બુધવારે રાત્રે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નિવાસસ્થાન 'વર્ષા' ખાતે ભાજપ કોર કમિટીની એક મહત્વપૂર્ણ બેઠક મળી હતી. આ બેઠકમાં ઉમેદવારી માટે કેટલાક ખાસ નામોને મંજૂરી આપવામાં આવી હોવાની ચર્ચા છે અને ભાજપે રાજકીય સમીકરણો અને જાતિ સમીકરણો હાંસલ કરવા માટે 'સંભવિત' ઉમેદવારોની યાદી લગભગ અંતિમ સ્વરૂપ આપી દીધું છે. આમાં સંગઠનમાં (જુઓ પાનું ૪) ▶▶

# પાંચમું અને આઠમું પાસ કરનારને પણ દસમાની પરીક્ષા આપવાની તક

### ઓનલાઈન અરજી માટે ૨૧ મે સુધીની મુદત

પુણેઃ મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જૂન-જુલાઈમાં લેવાતી ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા માટે વિદ્યાર્થીઓ ફોર્મ નંબર ૧૭ ભરીને ખાનગી રીતે પરીક્ષા આપી શકશે. આ માટેની નોંધણી પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે અને વિદ્યાર્થીઓ ૨૧ મે સુધી ઓનલાઈન અરજી ભરી શકશે. મહારાષ્ટ્ર રાજ્ય ઓપન સ્કૂલિંગ બોર્ડ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે પાંચમું અથવા આઠમું ધોરણ પાસ કરનાર વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ માટે ખાનગી વિદ્યાર્થી તરીકે નોંધણી કરાવી શકશે.

રાજ્ય બોર્ડના સચિવ ડો. દીપક માલીએ સર્ક્યુલર દ્વારા આ માહિતી આપી હતી. શાળા બહારના (જુઓ પાનું ૪) ▶▶

# મ્યુઝિકલ કૉન્સર્ટમાં ડ્રગ્સઃ આરોપી સ્ટુડન્ટ પાસેથી એક્સ્ટસીની ૯૩૩ ટેબ્લેટ્સ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગોરેગામના નેસ્કો સેન્ટરમાં આયોજિત મ્યુઝિકલ કૉન્સર્ટમાં કથિત ડ્રગ્સના ઑવરડોઝને કારણે દક્ષિણ મુંબઈની પ્રતિષ્ઠિત બિઝનેસ સ્કૂલના બે સ્ટુડન્ટે જીવ ગુમાવ્યાની ઘટનાની તપાસ કરી રહેલી વનરાઈ પોલીસે આરોપી વિદ્યાર્થી પાસેથી એક્સ્ટસીની ૯૩૩ ટેબ્લેટ્સ હસ્તગત કરી હતી. કૉન્સર્ટમાં ડાન્સ કરવા સ્ટુડન્ટ્સે આ જ ટેબ્લેટ્સનું સેવન કર્યું હતું હોવાનું કહેવાય છે.

પોલીસના જણાવ્યા મુજબ ૧૧ એપ્રિલની રાતે નેસ્કો સેન્ટરના હૉલ નંબર-પાંચમાં મ્યુઝિકલ કૉન્સર્ટ આયોજિત કરાયો હતો. આ કૉન્સર્ટમાં ડ્રગ્સનું સેવન કરીને સ્ટુડન્ટ્સ ગયા હોવાનું કહેવાય છે. આ કેસમાં પોલીસે શનિવારે આયુષ સાહિત્ય (૨૪)ની ધરપકડ કરી હતી. આયુષે કલ્યાણના બિલ્ડર આનંદ (જુઓ પાનું ૪) ▶▶

# ઉદ્ધવ ઠાકરે એમવીએનો ચહેરોઃ કૉંગ્રેસ

### એનસીપી (એસપી)એ પણ ઉદ્ધવને વિધાનપરિષદની ચૂંટણી લડવા વિનંતી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહા વિકાસ આઘાડીના ઘટક એનસીપી (એસપી)એ ગુરુવારે શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેને આગામી મહિને યોજાનારી મહારાષ્ટ્ર વિધાન પરિષદની ચૂંટણીમાં વિપક્ષની એકમાત્ર જીતી શકાય તેવી બેઠક પર લડવા વિનંતી કરી હતી, જ્યારે સાથી કોંગ્રેસે કહ્યું કે ત્રણેય પક્ષો સાથે મળીને આ અંગે નિર્ણય લેવો જોઈએ.

એનસીપી (એસપી)ના કાર્યકારી પ્રમુખ સુપ્રિયા સુળેએ ગુરુવારે ઠાકરેને કાઉન્સિલ ચૂંટણી લડવાની અપીલ કરતા કહ્યું કે તેમનો અનુભવ રાજ્યને માર્ગદર્શન આપતો રહેશે.

કોંગ્રેસના મહારાષ્ટ્ર એકમના વડા હર્ષવર્ધન સપકાળ અહીં ઠાકરેના નિવાસસ્થાન 'માતોશ્રી' ખાતે ઠાકરેને મળ્યા અને તેમની સાથે વાતચીત કરી હતી.

બેઠક બાદ, સપકાળે કહ્યું હતું કે ઠાકરે એમવીએનો ચહેરો છે અને જો તેઓ કાઉન્સિલની ચૂંટણી લડશે તો લોકો ખુશ થશે. જોકે, તેમણે કહ્યું કે એમવીએના ત્રણ ઘટક પક્ષો સૌહાર્દપૂર્ણ રીતે વાતચીત કરીને આ અંગે નિર્ણય લેશે.

**કોંગ્રેસ કાઉન્સિલની ચૂંટણી લડવા માટે ઉત્સુક છે.**

ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે અને વિધાન પરિષદના ઉપાધ્યક્ષ નીલમ ગોર્હે સહિત નવ કાઉન્સિલ સભ્યો ૧૩ મેના (જુઓ પાનું ૪) ▶▶

## નેતાજીના બેઉ બગડ્યા

# પક્ષપલટાનું કલંક પણ લાગ્યું છતાં સાકર કારખાનાને લોન ન મળી

### એનસીડીસીએ રાજ્યની સાત સાકર ફેક્ટરીઓને લોન આપવાનો ઈનકાર કર્યોઃ અમિત શાહના ખાતા હેઠળ આવે છે વિભાગઃ ફરીથી પ્રસ્તાવ મોકલશે ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમિત શાહના સહકાર ખાતા હેઠળ આવતા રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (એનસીડીસી)એ રાજ્યનાં સાત સાકર કારખાનાઓને લોન આપવાનો ઇનકાર કર્યો છે. રાજ્ય સરકારે કુલ ૧૪ ફેક્ટરીઓ માટે એનસીડીસીને લોન માટેની દરખાસ્તો મોકલી હતી. આ લોન દરખાસ્તોમાંથી ફક્ત ૭ ફેક્ટરીઓને મંજૂરી આપવામાં આવી છે. નામંજૂર કરાયેલી ફેક્ટરીઓમાં, ત્રણ ફેક્ટરીઓ પુણે જિલ્લામાં છે.

કૉંગ્રેસમાંથી ભાજપમાં આવેલા સંગ્રામ થોપ્ટેની ફેક્ટરીને ૪૬૭ કરોડ રૂપિયાની લોન આપવાનો ઇનકાર કરવામાં આવ્યો છે. આવી જ રીતે સ્વર્ગસ્થ અજિત પવારની ફેક્ટરી માટેની ૩૬૧ કરોડ રૂપિયાની લોનના પ્રસ્તાવને પણ નકારી કાઢવામાં આવ્યો છે. રાજકીય વર્તુળોમાં આનું અલગ રીતે અર્થઘટન થઈ રહ્યું છે અને અનેક પ્રકારની ચર્ચા શરૂ થઈ ગઈ છે.

ભૂતપૂર્વ વિધાનસભ્ય અશોક પવાર પણ એવા લોકોમાં સામેલ છે જેમનો પક્ષપલટો નિષ્ફળ ગયો છે. શિરુરના ભૂતપૂર્વ વિધાનસભ્ય અશોક પવાર શરદ પવારની એનસીપીને છોડીને અજિત પવારની પાર્ટીમાં આવી ગયા (જુઓ પાનું ૪) ▶▶

### આ સાત મિલોને લોન આપવાનો ઈનકાર

સાત મિલોના લોન પ્રસ્તાવોને ઓછા મૂડી આધાર, નાણાકીય અનિયમિતતા, ત્રણ વર્ષથી સતત નુકસાન, નબળી ચુકવણી રેકોર્ડ અને ખેડૂતો અને સરકારના બાકી લેણાં જેવા કારણોસર નકારી કાઢવામાં આવ્યા છે.

જે મિલોની દરખાસ્તો નામંજૂર કરવામાં આવી તેમાં રામેશ્વર કોઓપરેટિવ સુગર ફેક્ટરી લિમિટેડ (જાલના), શ્રી વિઠ્ઠલસાઈ કોઓપરેટિવ સુગર ફેક્ટરી લિમિટેડ (ધારાશિવ), રાવસાહેબદાદા પવાર ઘોડગંગા કોઓપરેટિવ સુગર ફેક્ટરી (પુણે), શ્રી સિદ્ધેશ્વર કોઓપરેટિવ સુગર ફેક્ટરી (સોલાપુર), કર્મયોગી કુંડલિકરાવ જગતાપ પાટિલ કુકડી કોઓપરેટિવ સુગર ફેક્ટરી (અહિલ્યાનગર), શ્રી છત્રપતિ કોઓપરેટિવ સુગર ફેક્ટરી (પુણે) અને રાજગઢ કોઓપરેટિવ સુગર ફેક્ટરી (પુણે)નો સમાવેશ થાય છે. ■

# પાલિકાની ઓફિસમાં લાગેલી આગમાં તમામ રેકોર્ડ્સ બળીને ખાખ

થાણેઃ થાણે જિલ્લામાં મહાનગરપાલિકાની જૂની ઓફિસ બિલ્ડિંગમાં બુધવારે સાંજે આગ લાગી હતી, જેમાં રેકોર્ડ્સ અને ફર્નિચર બળીને ખાખ થઇ ગયા હતા. થાણે ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ યાસિન તડવીએ કહ્યું હતું કે મુંબ્રના સહયોગ અપાર્ટમેન્ટમાં આવેલી વાર્ડ કમિટી ઓફિસમાં બુધવારે સાંજે ૬.૫૩ વાગ્યાની આસપાસ આગ લાગી હતી. જોકે આગમાં કોઇને ઇજા થઇ નહોતી. અગ્નિશમન જળના જવાનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પાણીનો મારો ચલાવીને રાતે નવ વાગ્યાની આસપાસ આગ પર કાબૂ મેળવ્યો હતો. આગમાં પાલિકાની ઓફિસમાંના તમામ રેકોર્ડ્સ તથા ફર્નિચર સળગી ગયા હતા. (પીટીઆઇ)■

# ઘોડબંદર રોડ પર વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાઓ વધીઃ વાહનચાલકોના જીવ જોખમમાં



ભાયંદરઃ થાણે-ઘોડબંદર રોડ પર આવેલા જૂના અને જોખમી વૃક્ષો ધરાશાયી થઈને રસ્તા પર પડવા લાગ્યા છે, જેના કારણે ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ રહી છે. બીજી તરફ વાહનચાલકોના જીવનું જોખમ પણ વધી રહ્યું છે.

થાણે-ઘોડબંદર રોડ, રાજ્યના સૌથી વધુ અવરજવર ધરાવતા માર્ગો પૈકીનો એક માર્ગ છે, જ્યાંથી દરરોજ અંદાજે દસ હજારથી વધુ વાહનો પસાર થાય છે. આથી આ રસ્તાની જાળવણી અને સમારકામ પાછળ સરકારે અત્યાર (જુઓ પાનું ૪) ▶▶

# નોટબંધીમાં જપ્ત કરાયેલી બે લાખની નોટો બદલી કરી આપવા હાઇ કોર્ટનો આરબીઆઇને આદેશ

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને નોટબંધી દરમિયાન એક વ્યક્તિ પાસેથી જપ્ત કરવામાં આવેલી ૫૦૦ રૂપિયાની નોટો બદલી આપવા નિર્દેશ આપ્યો છે. નોટબંધી દરમિયાન એક વ્યક્તિ પાસેથી જપ્ત કરવામાં આવી હતી અને નિર્ધારિત સમયગાળા પછી તેને પરત કરવામાં આવી હતી. અદાલતની નાગપુર ખંડપીઠે બુધવારે તેના આદેશમાં કહ્યું હતું કે આ વ્યક્તિને દોષી ઠેરવી શકાય નહીં કારણ કે પોલીસે કટ-ઓફ ડેટ પહેલા નોટો જપ્ત કરી હતી અને એક્સચેન્જ વિન્ડો બંધ થાય ત્યાં સુધી તેમની કસ્ટડીમાં રહી હતી. આ નિર્દેશ ગિરીશ મલાની નામની વ્યક્તિની અરજી પર આરબીઆઈને આપવામાં આવ્યો હતો.

અરજીમાં મલાનીએ કહ્યું હતું કે તે પહેલી ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ ૫૦૦ રૂપિયાની ૪૦૦ ચલણી નોટો સાથે માહુર તરફ જઈ (જુઓ પાનું ૪) ▶▶

# પત્રકાર લોકલમાં ૧૫ કલાક સુધી બેભાન અવસ્થામાં પડી રહ્યા, છતાં કોઈની નજર ન ગઈ

### ▸ રેલવેની સુરક્ષા વ્યવસ્થા સામે ફરી સવાલ ઉઠયા

મુંબઈઃ મુંબઈની કરોડરજ્જુ સમાન લોકલ ટ્રેનોમાં મુસાફરોની સલામતી સુનિશ્ચિત કરવાનો દાવો કરતા રેલવે વહીવટીતંત્ર અને પોલીસની બેદરકારી ફરી એકવાર સામે આવી છે. એક વ્યક્તિ ૧૫ કલાક સુધી લોકલ ટ્રેનમાં બેભાન હાલતમાં રહ્યા હોવાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. આ ઘટનાને કારણે એકંદર સુરક્ષા પર સવાલો ઉભા કર્યા છે અને રેલવેની બેદરકારી પર રોષ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.

ડોંબિવલીના રહેવાસી સંજય શિંદે (૬૦ વર્ષ) એક અખબારમાં પત્રકાર તરીકે કામ કરે છે. શિંદે ૧૫ એપ્રિલના રોજ રિપોર્ટિંગ માટે ધારાવી ગયા હતા. ત્યારબાદ સાંજે ચાર વાગ્યાની આસપાસ તેમણે ઘરે જવા માટે સાયન રેલવે સ્ટેશનથી ટ્રેન પકડી. મુસાફરી દરમિયાન અચાનક તેમની તબિયત ખરાબ થઈ અને તે ડબ્બામાં જ બેભાન થઈ ગયા. તેઓ ઘરે ન પહોંચતા તેમના પરિવારે તેમને વારંવાર ફોન કર્યો, પરંતુ કોઈ જવાબ મળ્યો નહીં. અંતે પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી. શોધ ચાલુ હતી ત્યારે બીજા દિવસે સવારે ૭ વાગ્યે, જ્યારે લોકલ ટ્રેન યાર્ડથી ટિટવાલા સ્ટેશન પર આવી, ત્યારે મુસાફરોએ શિંદેને એક બેન્ચ નીચે બેભાન અવસ્થામાં જોયા. મુસાફરોએ જાણ કર્યા બાદ પોલીસે તેમને કલ્યાણની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યા. આ ઘટનાથી રેલવે મુસાફરોની સલામતી અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે અને બેજવાબદાર સ્ટાફ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. ■

# કૅશ વૅનમાંથી ૬૩ લાખની રોકડની ચોરીઃ કર્મચારી સહિત બેની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કાંદિવલીમાં એટીએમ સેન્ટર બહાર ઊભેલી કૅશ વૅનમાંથી ૬૩.૧૩ લાખ રૂપિયા ચોરી ફરાર થઈ ગયેલા કર્મચારી સહિત બે આરોપીની પોલીસે ધરપકડ કરી હતી. બંદૂકધારી ગાર્ડ અને કંપનીનો સાથી કર્મચારી એટીએમમાં રૂપિયા ભરવા ગયા ત્યારે ડ્રાઈવરની નજર ચૂકવી આરોપીએ રોકડ ભરેલી બે બૅગ આરોપી મિત્રની કારમાં મૂકી દીધી હતી. ફરિયાદ નોંધાયાના છ કલાકમાં જ બન્ને આરોપીને રાયગડ જિલ્લામાંથી પકડી પાડવામાં આવ્યા હતા.

કાંદિવલી પોલીસે ધરપકડ કરેલા બન્ને આરોપીની ઓળખ (જુઓ પાનું ૪) ▶▶

# શિવસેનાના કોર્પોરેટરની સર્વેના પરિણામોને ઝડપી બનાવવા માટે સંયુક્ત કેમ્પની માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)



મુંબઈઃ શિવસેનાના કોર્પોરેટર ભાસ્કર શેટ્ટી ગુરુવારે એનએમડીપીએલના અધિકારીઓને મળ્યા હતા અને ધારાવીમાં ડીઆરપી, બીએમસી અને બીઈએસટી અધિકારીઓ સાથે દસ્તાવેજીકરણ કેમ્પનું આયોજન કરવા અંગે ચર્ચા કરી હતી જેથી સર્વેના પરિણામો અંગે રહેવાસીઓની ચિંતાઓને દૂર કરી શકાય.

શેટ્ટીએ કહ્યું કે ઘણા રહેવાસીઓ પાત્રતા પ્રક્રિયામાં તેમની 'અનિશ્ચિત' સ્થિતિથી અસંતુષ્ટ છે અને તાત્કાલિક સ્પષ્ટતાની જરૂર છે. તેમણે સિંગલ-વિન્ડો ચકાસણી અને ઝડપી નિર્ણયો લેવા માટે તમામ સરકારી એજન્સીઓના અધિકારીઓ કેમ્પમાં હાજર રહે એવો પ્રસ્તાવ મૂક્યો હતો.

શિવસેનાના કોર્પોરેટરે સર્વેમાં ભાગ ન લેનારા રહેવાસીઓને આવરી લેવા માટે એક અલગ આઉટરીચ ડ્રાઇવની પણ હાકલ કરી હતી. તેમણે કહ્યું કે દસ્તાવેજો સબમિટ કરવાની અને વધુ વિલંબ વિના પ્રક્રિયા પૂર્ણ કરવાની તક પૂરી પાડવા માટે સમાન કેમ્પનું આયોજન કરવું જોઈએ. એનએમડીપીએલના અધિકારીઓએ નોંધ્યું હતું કે સંકલિત પ્રયાસો દસ્તાવેજ ચકાસણીને સુવ્યવસ્થિત કરવામાં અને રહેવાસીઓમાં મૂંઝવણ ઘટાડવામાં મદદ કરી શકે છે.

કોર્પોરેટરને પ્રોજેક્ટના લાભો અને પાત્રતા માપદંડો અંગે સંપૂર્ણ માહિતી મળી. 'અમને પ્રોજેક્ટ વિશે વધુ સારી સમજ મળી છે, અને આજની બેઠકમાં ઘણી ગેરસમજો દૂર થઈ છે. અમે ધારાવીમાં પાર્કિંગ સુવિધાઓ, માળખાગત વિકાસ અને દસ્તાવેજ સંબંધિત મૂંઝવણ અંગે રહેવાસીઓની ચિંતાઓ વ્યક્ત કરી હતી,' એમ શેટ્ટીએ કહ્યું હતું.

અફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ મૉડેલ અને લાયક અયોગ્ય પરિવારોએ કેટલા વર્ષો સુધી ભાડું ચૂકવવું પડશે તેના પર ચર્ચા થઈ હતી. 'અમે એનએમડીપીએલ અને ડીઆરપી અધિકારીઓને ભાડાની રકમ શું હશે તે સ્પષ્ટ કરવા કહ્યું છે. ઘણી બધી અફવાઓ છે અને રહેવાસીઓને ભાડાની રકમ અંગે સ્પષ્ટતા મળવી જોઈએ,' એવી માગણી શેટ્ટીએ કરી હતી. અન્ય વિવિધ મુદ્દાઓની સાથે, એનએમડીપીએલ અધિકારીઓએ માટુંગા રેલવે જમીન લીઝની મૂંઝવણ અંગે સ્પષ્ટતા કરી હતી. 'મામલો હવે અમારા માટે સ્પષ્ટ થઈ ગયો છે કે આરએલડીએ જમીન-માલિક છે, ડીઆરપી પ્રાથમિક લીઝ ધારક છે અને સંબંધિત હાઉસિંગ સોસાયટીઓ સબ-લીઝ ધારકો હશે. લીઝ વ્યવસ્થા ૯૯ વર્ષ માટે છે. એનએમડીપીએલ દ્વારા ડીઆરપીને લીઝની રકમ ચૂકવવામાં આવશે જે પછીથી આરએલડીએને ચૂકવશે,' એમ કોર્પોરેટરે જણાવ્યું હતું. એ સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે બધા એસઆરએ પ્રોજેક્ટ્સની જેમ, રહેવાસીઓને તેમના ઘરો પર સંપૂર્ણ અધિકાર હશે, અને તેઓ પાંચ વર્ષના લોક-ઇન સમયગાળા પછી તેમના ઘરો વેચી, ભાડે અથવા ગીરવે મૂકી શકે છે. એવી પણ ચર્ચા કરવામાં આવી હતી કે ઉપરના માળના રહેવાસીઓ પ્રોજેક્ટની ભાડા-ખરીદી યોજના માટે લાયક બનશે જ્યાં તેમને ધારાવીની બહાર નજીવા ભાડા પર ૩૦૦ ચોરસ ફૂટના ઘરો મળશે. 'સારી વાત એ છે કે રહેવાસીઓ પાસે ૨૫ વર્ષના સમયગાળા દરમિયાન ગમે ત્યારે ઘર ખરીદવાનો વિકલ્પ છે. આનાથી તેમને સીધી માલિકીનો વિકલ્પ પણ મળે છે,' એમ શેટ્ટીએ કહ્યું હતું. ■

# થાણે સ્ટેશન નજીક એસટી બસમાં લાગી આગઃ ગોવંડીમાં ૧૦ કાર સળગી





મુંબઈઃ થાણે અને મુંબઈમાં ગુરુવારે આગના બે બનાવ નોંધાયા હતા, જેમાં થાણે સ્ટેશન નજીક સ્ટેટ ટ્રાન્સપોર્ટ (એસટી) બસમાં આગ લાગ્યા બાદ ૧૭ પ્રવાસીઓને ઉગારી લેવાયા હતા, જ્યારે ગોવંડીમાં સીએનજી સિલિન્ડર વિસ્ફોટ બાદ લાગેલી આગમાં નજીકમાં પાર્ક કરાયેલી ૧૦થી ૧૨ કાર સળગી ગઇ હતી.

થાણે રેલવે સ્ટેશનની નજીક બ્રિજ પર ગુરુવારે બપોરના ૧.૩૦ વાગ્યાની આસપાસ મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની લકઝરી શિવશાહી બસમાં આગ લાગી હતી. એ સમયે બસમાં ડ્રાઇવર, કંડક્ટર તેમ જ ૧૭ જેટલા પ્રવાસી હાજર હતા.

બસના એન્જિનમાં ધુમાડો નીકળતો જોયા બાદ ડ્રાઇવરે તમામ પ્રવાસીઓને બસમાંથી તાત્કાલિક ઊતરી જવાનું કહ્યું હતું. દરમિયાન આગની જાણ થતાં અગ્નિશમન દળના જવાનો ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા અને આગ બુઝાવવાનું શરૂ કર્યું હતું. બસમાં લાગેલી આગમાં પ્રવાસીઓનો સામાન સળગી ગયો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

દરમિયાન ઘાટકોપર-માનખુર્દ લિંક રોડ પર બૈંગનવાડી સિગ્નલ નજીક ગુરુવારે બપોરેના પાર્કિંગ એરિયામાં ભીષણ આગ લાગી હતી, જેમાં નજીકમાં પાર્ક કરાયેલી ૧૦થી ૧૨ કાર સળગી ગઇ હતી. વાયરલ થયેલા એક વીડિયો મુજબ કારના સીએનજી સિલિન્ડરમાં વિસ્ફોટ થયો હતો. આગમાં કોઇ જાનહાનિ થઇ ન હોવાનું અગ્નિશમન દળના અધિકારીએ કહ્યું હતું. ■

# વેપારી પાસેથી સેક્સટોર્શનથી ૬૩ લાખ પડાવ્યાઃ મહિલા ક્રિકેટરની ધરપકડ

મુંબઈઃ કોલાબા વિસ્તારના ૨૮ વર્ષના વેપારી પાસેથી સેક્સટોર્શનથી ૬૩ લાખ રૂપિયા પડાવવા બદલ મુંબઇ ક્રાઇમ બ્રાન્ચે જમ્મુ-કાશ્મીરની મહિલા ક્રિકેટર, તેના ભાઇ સહિત ત્રણની ધરપકડ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

ક્રાઇમ ઇન્ટેલિજન્સ યુનિટે (સીઆઇયુ) ધરપકડ કરેલા ત્રણેયની ઓળખ ફરખાંદા અઝીઝ ખાન (૩૪), તેનો ભાઇ બાઝિલ ખાન (૩૬) અને તેના મિત્ર ઉદ્દીન ઇમ્તિયાઝ વાની (૩૪) તરીકે થઇ હતી. ફરખાંદા જમ્મ-કાશ્મીરની ક્રિકેટર છે, જે રાષ્ટ્રીય સ્તરની ખેલાડી તરીકે જાણીતી છે અને તેણે યુ-૨૩ (જુઓ પાનું ૪) ▶▶

# ભાંડુપની મહિલા, તેના પરિચિતોને સરકારી નોકરી અપાવવાને નામે ૪૬ લાખની ઠગાઇ

થાણેઃ ભાંડુપની ૪૫ વર્ષની મહિલા અને તેના પરિચિતોને સરકારી નોકરી અપાવવાને બહાને ૪૬ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવા બદલ નાશિકના રહેવાસી વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

૭ જૂન, ૨૦૨૪થી સપ્ટેમ્બર, ૨૦૨૫ દરમિયાન આ છેતરપિંડી આચરાઇ હતી. નાશિકના રહેવાસી એવા આરોપીએ પોતાની ઓળખ મંત્રાલયના કર્મચારી તરીકે આપી હતી અને સચિવાલયમાં તેનો પ્રભાવ હોવાનું જણાવ્યું હતું.

આરોપીએ ભાંડુપ વિસ્તારમાં રહેનારી મહિલા, તેના સંબંધીઓ અને પરિચિતોને સરકારી નોકરી મેળવી આપવાનું આશ્વાસન આપ્યું હતું.

માનપાડા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે આરોપીએ નકલી હસ્તાક્ષર સાથેના બોગસ દસ્તાવેજો તૈયાર કર્યા હતા અને ફરિયાદી તથા તેના પરિચિતોનો વિશ્વાસ સંપાદન કરવા તેને સરકારી દસ્તાવેજો તરીકે રજૂ કર્યા હતા.

આરોપીએ ડોંબિવલી વિસ્તારમાંની ઓફિસમાં મહિલા પાસેથી ૩૫.૨૫ લાખ અને અન્ય વ્યક્તિ પાસેથી ૧૪ લાખ રૂપિયા સ્વીકાર્યા હતા. જોકે રૂપિયા ચૂકવ્યા છતાં નોકરી અંગે કોઇ હિલચાલ ન થતાં મહિલા તથા અન્યોએ રૂપિયા પાછા માગ્યા હતા. જોકે આરોપીએ માત્ર ૩.૨૫ લાખ રૂપિયા પાછા કર્યા હતા. બાકીના રૂપિયા તે આપી શક્યો નહોતો.

દરમિયાન મહિલાએ આ પ્રકરણે માનપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ૨૦ એપ્રિલે આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ)■

# સૅમસનની ફટકાબાજી અને હોસૈનનો તરખાટઃ મુંબઈ લડત આપ્યા વગર હાર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચેન્નઈ સુપર કિંગ્સ (૨૦ ઓવરમાં ૬/૨૦૭)એ વાનખેડે સ્ટેડિયમમાં ગુરુવારે મુંબઈ ઇન્ડિયન્સ (૧૯ ઓવરમાં ૧૦/૧૦૪)ને ૧૦૩ રનથી હરાવીને પૉઇન્ટ્સ-ટેબલમાં મુંબઈને ઓળંગીને ઉપરના સ્થાન તરફ પ્રગતિ કરી હતી. મુંબઈની ટીમ ચેન્નઈને લડત આપ્યા વગર હારી ગઈ.

મુંબઈએ ફીલ્ડિંગ લીધા પછી એના બોલર્સનો ચેન્નઈના ઓપનર સંજુ સૅમસન (૧૦૧ અણનમ, ૫૪ બૉલ, છ સિક્સર, દસ ફોર) સામે કોઈ જ જવાબ નહોતો અને પછી બૅટિંગમાં ખાસ કરીને કૅરિબિયન લેફ્ટ-આર્મ સ્પિનર અકીલ હોસૈન (૪-૧-૧૭-૪)ને મુંબઈના બૅટ્સમેનો એક પછી એક વિકેટ આપી બેઠા હતા.

સૂર્યકુમાર યાદવ (પાંચ ચોગ્ગાની મદદથી ૩૫ રન) અને પાછલી મૅચના હીરો તિલક વર્મા (પાંચ ચોગ્ગાની મદદથી ૩૭ રન) વચ્ચે ૭૩ રનની ભાગીદારી થઈ હતી, પણ તેઓ બન્ને પ્લેયર હોસૈનના સ્પિનનો શિકાર થયા હતા. નૂર અહમદે બે તેમ જ મુકેશ ચૌધરી, કમ્બોજ, ઓવર્ટન અને ગુર્જપનીત સિંહે એક-એક વિકેટ લીધી હતી.

### મુંબઈના ફ્લૉપ બૅટ્મસેનો

મુંબઈના સદંતર ફ્લૉપ રહેલા બૅટ્સમેનોમાં ક્વિન્ટન ડિકૉક (સાત રન), દાનિશ માલેવર (૦), નમન ધીર (૦), હાર્દિક પંડ્યા (એક રન), શેરફેન રુધરફર્ડ (૦), શાર્દુલ ઠાકુર (છ રન)નો સમાવેશ હતો. ચેન્નઈના ફીલ્ડર્સ અને બોલર્સે મુંબઈના ખેલાડીઓની વિકેટ લીધા પછી હાથની ઍક્શનથી અનોખી સ્ટાઇલમાં સેલિબ્રેશન કર્યું હતું.

### સેન્ચુરિયન સૅમસનની સાત ભાગીદારી

સૅમસનની આ વખતની આ બીજી સેન્ચુરી હતી. તેણે ૧૧મી એપ્રિલે દિલ્હી સામે અણનમ ૧૧૫ રન કર્યા હતા. તેની સાત પાર્ટનરશિપની વિગત આ મુજબ છેઃ ગાયકવાડ સાથે ૩૨ રન, સરફરાઝ ખાન સાથે ૪૦ રન, શિવમ દુબે સાથે ૧૯ રન, ડેવાલ્ડ બ્રેવિસ સાથે ૩૧ રન, કાર્તિક શર્મા સાથે ૪૩ રન, જૅમી ઓવર્ટન સાથે ૧૬ રન અને અકીલ હોસૈન સાથે અણનમ ૨૬ રનની ભાગીદારી.

### રોહિત-ધોની વિનાની પ્રથમ મુંબઈ-ચેન્નઈ મૅચ

આઇપીએલના ૧૯ વર્ષના ઇતિહાસમાં આ વખતે પહેલી વખત એવું બન્યું જેમાં મુંબઈ-ચેન્નઈ વચ્ચેની મૅચમાં રોહિત શર્મા કે એમએસ ધોનીમાંથી કોઈ પણ નહોતું રમ્યું. બન્ને દિગ્ગજ હજી અનફિટ હોવાને કારણે આ મૅચમાં નહોતા રમ્યા. પાંચ-પાંચ ટાઇટલ જીતી



ચૂકેલા આ બન્ને અથવા બેમાંથી એક મહારથી વાનખેડેની આ મૅચમાં રમશે એવી અપેક્ષાએ અસંખ્ય પ્રેક્ષકો ખાસ આ મૅચ જોવા આવ્યા હતા, પણ તેમણે નિરાશ થવું પડ્યું હતું.

### ધોનીની ગેરહાજરીમાં ચેન્નઈની માત્ર ત્રીજી જીત

૩૩,૦૦૦-પ્લસ પ્રેક્ષકોથી ખીચોખીચ ભરાયેલા વાનખેડે સ્ટેડિયમમાં ચેન્નઈએ બૅટિંગ મળ્યા બાદ સૅમસનની અણનમ સેન્ચુરીની મદદથી ચેન્નઈએ ૨૦ ઓવરમાં છ વિકેટે ૨૦૭ રન કર્યા હતા. બન્ને ટીમને ચાર-ચાર હાર બાદ વિજયની ખાસ જરૂર હતી.

**આજે બેંગ્લૂરુ વિરુદ્ધ ગુજરાત, બેંગ્લૂરુમાં, સાંજે ૭.૩૦ વાગ્યાથી**

ચેન્નઈએ આ વખતે ઈજાગ્રસ્ત ધોનીની ગેરહાજરીમાં કુલ ફક્ત ત્રણ મૅચ જીતી છે.

મુંબઈના દરેક બોલરને ચેન્નઈએ (ખાસ કરીને ઓપનર સૅમસને) વળતો જવાબ આપ્યો હતો, પણ આ ટીમ સમયાંતરે વિકેટ ગુમાવી રહી હતી. પાવરપ્લેની છ ઓવરમાં આ ટીમે મુંબઈના સ્પિનર્સને ૮૩ રનમાં બે વિકેટ આપી દીધી હતી.

ગઝનફરે કેપ્ટન ગાયકવાડ (બાવીસ રન)ને તિલકના હાથમાં કૅચઆઉટ કરાવ્યા બાદ સેન્ટનરે પણ પોતાની પ્રથમ ઓવરમાં વિકેટ લીધી હતી. તેણે સરફરાઝ ખાન (૧૪ રન)ને ક્લીન બોલ્ડ કર્યો હતો. ૧૨૨ રનના સ્કોર સુધીમાં શિવમ દુબે (પાંચ રન) અને ડેવાલ્ડ બ્રેવિસ (૨૧ રન) સહિત કુલ ચાર વિકેટ પડી ચૂકી હતી. કાર્તિક શર્મા (૧૮ રન) અને જૅમી ઓવર્ટને (૧૫ રન) સેમસનને થોડો સાથ આપ્યા બાદ વિકેટ ગુમાવી હતી.

### હાર્દિકે બે જ ઓવર બોલિંગ કરી

સૅમસને ૨૬ બૉલમાં ત્રણ સિક્સર અને છ ફોર સાથે હાફ સેન્ચુરી પૂરી કરી હતી. તેણે ૧૦૦ રન ૫૪ બૉલમાં પૂરા કર્યા હતા જેમાં છ છગ્ગા અને ૧૦ ચોગ્ગા સામેલ હતા. ગઝનફર તથા અશ્વની કુમારે બે-બે વિકેટ અને બુમરાહ તેમ જ સેન્ટનરે એક એક વિકેટ લીધી. હાર્દિકને ૩૮ રનમાં અને ક્રિશ ભગતને ૩૧ રનમાં વિકેટ નહોતી મળી. નવાઈની વાત એ છે કે ખુદ હાર્દિકે બે જ ઓવર બોલિંગ કરી હતી અને ડેથ ઓવર્સમાં ક્રિશ પર ભરોસો મૂકીને તેને બોલિંગ આપવાનું પસંદ કર્યું હતું.

### મમ્મીના દેહાંત છતાં મુકેશ રમ્યો



ચેન્નઈના પેસ બોલર મુકેશ ચૌધરીના મમ્મીનું ૨૧મી એપ્રિલે અવસાન થયું હતું. જોકે મુકેશ ગુરુવારે વાનખેડેમાં રમ્યો હતો. તેણે ઓપનર ક્વિન્ટન ડિકૉક (સાત રન)ની મહત્ત્વની વિકેટ લીધી હતી. ચેન્નઈના ખેલાડીઓ મુકેશનાં મમ્મીને અંજલિ આપવા હાથ પર કાળી પટ્ટી પહેરીને રમ્યા હતા.

## મિચલ સ્ટાર્ક પહેલી મેની મૅચથી રમવાનું શરૂ કરશે

ઑસ્ટ્રેલિયાના ક્રિકેટ બોર્ડે ૩૬ વર્ષીય ફાસ્ટ બોલર મિચલ સ્ટાર્કને આઇપીએલમાં રમવા માટે ફિટનેસ સર્ટિફિકેટ આપી દીધું છે અને આ ખેલાડી પહેલી મેથી દિલ્હી કૅપિટલ્સ વતી રમશે એવી સંભાવના છે. દિલ્હીના ફ્રૅન્ચાઇઝીએ તેને ૧૧.૭૫ કરોડ રૂપિયામાં સાઇન કર્યો છે. જોકે તે જેટલી મૅચ રમવા માટે ઉપલબ્ધ રહેશે એટલી જ મૅચના પૈસા તેને આપવામાં આવશે. ■

## પાડોશી બિહારમાંથી અસંખ્ય લોકો માત્ર વૈભવની બૅટિંગ જોવા લખનઊ આવી તો પહોંચ્યા, પણ...



લખનઊઃ ૧૫ વર્ષનો લેફ્ટ-હૅન્ડ ઓપનર વૈભવ સૂર્યવંશી ક્રિકેટ જગતમાં અત્યારે સૌથી લોકપ્રિય છે અને તેના રાજ્ય બિહારના ક્રિકેટપ્રેમીઓ તેની બૅટિંગ જોવા પાડોશી રાજ્ય ઉત્તર પ્રદેશના લખનઊ ન આવે એવું બને? અહીં બુધવારે લખનઊ સુપર જાયન્ટ્સ સામેની મૅચમાં રાજસ્થાન રૉયલ્સના આ લાડલા ટીનેજરે ચાહકોને નારાજ નહોતા કર્યા, કારણકે તેણે પહેલા જ બે બૉલમાં ચોગ્ગા ફટકારી દીધા હતા. જોકે તે આઠ રન કરીને આઉટ થઈ ગયો હતો.

વૈભવનો જન્મ ૨૦૧૧ની ૨૭મી માર્ચે બિહારના સમસ્તીપુર જિલ્લાના મિથિલા પ્રાન્તમાં તેજપુર ગામમાં થયો હતો. વેસ્ટ ઇન્ડિઝના ક્રિકેટ-લેજન્ડ બ્રાયન લારાનો ફૅન વૈભવ પટનામાં ક્રિકેટની તાલીમ લીધા પછી રાજ્યની ટીમના અને અન્ડર-૧૯ ટીમના સ્તર સુધી પહોંચ્યો હતો. રાજસ્થાન રૉયલ્સ તેને આઇપીએલની એક સીઝન રમવાના ૧.૧૦ કરોડ રૂપિયા આપે છે. આગામી હરાજીમાં તેને અનેક ગણા પૈસા મળવાની પાકી સંભાવના છે.

બુધવારે સાંજે રાજસ્થાનને બૅટિંગ મળ્યા બાદ પહેલા સાત બૉલ યશસ્વી જયસ્વાલ રમ્યો હતો, પણ આઠમા બૉલમાં વૈભવને બૅટિંગનો મોકો મળતાં જ તે બોલર પર તૂટી પડ્યો હતો. પેસ બોલર પ્રિન્સ યાદવના બે બૉલમાં વૈભવે ફોર ફટકારી હતી.

જોકે લખનઊના મોહમ્મદ શમીએ પોતાની બીજી ઓવરના છેલ્લા બે બૉલમાં યશસ્વી અને ધ્રુવ જુરેલની વિકેટ લીધી ત્યારે વૈભવ સામા છેડે થોડો ચિંતિત લાગતો હતો, પરંતુ આત્મવિશ્વાસથી તેમ જ સમજદારીથી તેણે પછીની ઓવરનો સામનો કર્યો હતો અને તેના ચાહકોએ તેની આ બૅટિંગને બિરદાવી હતી. જોકે પેસ બોલર મોહસિન ખાને વૈભવને કલાકે ૧૪૨ કિલોમીટરની ઝડપે ફેંકેલા બૉલમાં વૈભવે ઊંચો શૉટ માર્યો હતો અને દિગ્વેશ રાઠીએ સાથી ફીલ્ડર સાથેની હરીફાઈમાં અફલાતૂન કૅચ ઝીલી લીધો હતો. મોહસિનની એ વિકેટ-મેઇડન ઓવર હતી. ■

# હું બધો અહમ હૉટેલની રૂમમાં મૂકીને મેદાન પર આવતો હોઉં છુંઃ રવીન્દ્ર જાડેજા



નવી દિલ્હીઃ આઇપીએલ-૨૦૨૬ની શરૂઆત પહેલાં ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)માંથી રાજસ્થાન રૉયલ્સ (આરઆર)ની ટીમમાં આવી ગયેલા સ્પિન-ઑલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાને આ વખતે વિવિધ કારણસર દરેક મૅચમાં પૂરી ચાર ઓવર બોલિંગ નથી કરવા મળી, પણ એ બાબતમાં તેની કોઈ જ ફરિયાદ નથી એવા ભાવાર્થમાં તેણે બુધવારે જાણીતી ઍપને ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું કે 'હું બધો અહમ હૉટેલમાં મૂકીને મેદાન પર આવતો હોઉં છું.'

બુધવારે બાપુ જાડેજાએ લખનઊ સામે રાજસ્થાનને જિતાડવામાં ઑલરાઉન્ડ પર્ફોર્મન્સથી મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. રાજસ્થાને જાડેજાના અણનમ ૪૩ રનની મદદથી છ વિકેટે ૧૫૯ રન કર્યા હતા અને લખનઊની ટીમને ૧૬૦ રનનો લક્ષ્યાંક પણ મોટો લાગ્યો હતો. લખનઊની ટીમ માત્ર ૧૧૯ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. આ વખતની આઇપીએલમાં કોઈ ટીમે ડિફેન્ડ કર્યું હોય એવું આ લૉએસ્ટ ટોટલ (૧૫૯ રન) હતું. જાડેજાને પૂરી ચાર ઓવર અપાઈ હતી જેમાં તેણે ૨૯ રનમાં એક વિકેટ લીધી હતી.

રિષભ પંત સહિત ટૉપ-ઑર્ડરના ત્રણ બૅટ્સમેન શૂન્યમાં આઉટ થઈ ગયા હતા. પછીથી જાડેજાએ લખનઊના નિકોલસ પૂરન (બાવીસ રન)ની વિકેટ પણ લીધી હતી. રાજસ્થાનના જોફ્રા આર્ચરે ત્રણ તેમ જ બ્રિજેશ શર્મા અને નેન્દ્રે બર્ગરે બે-બે વિકેટ લીધી હતી. જાડેજાને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ આપવામાં આવ્યો હતો જે તેણે પત્ની અને ભાજપનાં વિધાનસભ્ય રિવાબાને સમર્પિત કર્યો હતો.

'જડ્ડુ' તરીકે જાણીતા જાડેજાને બુધવારની મૅચ પછી પૂછવામાં આવ્યું હતું કે 'તમને આ વખતે કેટલીક મૅચમાં પૂરી ચાર ઓવર બોલિંગ નથી કરવા મળી. એ વિશે શું કહેશો?' તેણે જવાબમાં કહ્યું, 'હું બધો અહમ હૉટેલની રૂમમાં મૂકીને રમવા આવતો હોઉં છું. ટીમને કેવી રીતે ઉપયોગી થઈ શકું એવા જ વિચાર સાથે રમતો હોઉં છું. બૅટિંગમાં મેં ઇનિંગ્સના અંત સુધી રમવાનો પ્રયાસ કર્યો હતો અને એમાં હું સફળ રહ્યો. મેં વિચાર્યું કે જો હું ખરાબ શૉટ બદલ ૧૭મી કે ૧૮મી ઓવરમાં આઉટ થઈ ગયો હોત તો અમે ૧૫૯ રનના સાધારણ ટોટલ સુધી પણ ન પહોંચી શક્યા હોત અને ફક્ત વીસેક રનના તફાવતથી હારી ગયા હોત. મારી ટીમનું એવું માનવું છે કે હું અમુક તબક્કે અમુક પ્રકારના બૅટ્સમૅન સામે બોલિંગ કરવા માટે યોગ્ય નથી હોતો. હું ટીમના એ અભિગમને સમજી શકું છું. આ તો રમત છે, આવું તો થયા કરે.' ■

# 'કમિન્સ કમબૅક કરે તો પણ કૅપ્ટન્સી કિશન પાસે જ રહેવી જોઈએ': સંજય બાંગડે કેમ આવું કહ્યું?





હૈદરાબાદઃ ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર સંજય બાંગડે વિકેટકીપર-બૅટ્સમૅન ઇશાન કિશનની તરફેણમાં મંતવ્ય આપતા કહ્યું છે કે 'પૅટ કમિન્સ ઈજામુક્ત થઈને પાછો રમવા આવે તો પણ સનરાઇઝર્સ હૈદરાબાદની કૅપ્ટન્સી કિશન પાસે જ રહેવી જોઈએ.'

બાંગડનું માનવું છે કે કિશનમાં ટીમનું નેતૃત્વ સંભાળવાની બહુ સારી વ્યૂહાત્મક સમજબૂઝ છે અને બાંગડના મતે કમિન્સ એક વર્ષ સુધી ઈજાગ્રસ્ત રહ્યા બાદ ફિટ થઈને પાછો ભલે રમવા આવી જશે, પણ આખી ટૂર્નામેન્ટ રમી શકશે કે કેમ એમાં શંકા છે. કમિન્સે પીઠના નીચલા ભાગમાં દુખાવો હતો. તે તાજેતરનો ટી-૨૦ વર્લ્ડ કપ નહોતો રમ્યો તેમ જ આ વખતની આઇપીએલની શરૂઆતથી નથી રમ્યો. તે શનિવારે રાજસ્થાન રૉયલ્સ સામેની મૅચથી પાછો રમવા આવવાનો છે.

ભારતના ભૂતપૂર્વ બૅટિંગ-કોચ બાંગડે એક જાણીતી સ્પોર્ટ્સ ચૅનલને કહ્યું, 'લીડર તરીકે કિશનમાં સારી સમજબૂઝ છે. કયા બૅટ્સમૅન સામે કયા બોલરને મોરચા પર મૂકવો એની તેનામાં સારી સમજદારી છે. એ રીતે તે મૅચ પર અંકુશ જમાવતો હોય છે. તે ઉતાવળે નિર્ણય નથી લેતો. મેં જોયું છે કે તે યોગ્ય નિર્ણયો લેતો હોય છે. દિલ્હી કૅપિટલ્સ સામે તેણે સ્પિનર્સનો સારી રીતે ઉપયોગ કર્યો હતો. કમિન્સ કમબૅક કરે તો પણ કિશનને જ કૅપ્ટન બનાવી રાખવો જોઈએ. કૅપ્ટનપદે ભારતીય હોવાથી ખેલાડીઓ સાથે સારી એકરૂપતા અને સાતત્યતા રહેતી હોય છે.' ■

### કિશને ઇન્ટરવ્યૂમાં શું કહ્યું?


ઇશાન કિશનનો મંત્ર છે, 'હું નિષ્ફળતાના ભયમાંથી બહાર આવવામાં માનું છું. નિષ્ફળતા તો આવે, એકાગ્રતા જાળવવી જોઈએ તેમ જ સારું પર્ફોર્મ કરવાની ઇચ્છાશક્તિ રાખવી જોઈએ. નિષ્ફળતામાં સકારાત્મક વલણ અપનાવીને આગળ વધવું જોઈએ. અનુભવ પરથી જે કંઈ નવું શીખવા મળે એ શીખી લેવું જોઈએ અને ભૂલનું પુનરાવર્તન ન થાય એની તકેદારી રાખવી જોઈએ. બોલર્સ સાથે મારી બહુ સારી મૈત્રી છે અને એ હું એન્જૉય કરી રહ્યો છું. હું મારા બોલર્સને (ખાસ કરીને સાકિબ હુસૈનને) કહેતો હોઉં છું કે કોઈ ઓવર ખરાબ જાય તો નિરુત્સાહ નહીં થવાનું. મગજ શાંત રાખીને રમતા રહેવાનું અને તક મળે એટલે ગેમમાં કમબૅક કરીને બાજી સુધારી લેવાની. પોતાના પર વધારાનું પ્રેશર મૂકવાનો કોઈ અર્થ નથી. પોતાની યોજનાઓ પર ભરોસો રાખો અને એનો સરખી રીતે અમલ કરો.'

## ચેન્નઈની ટીમમાં ઈજાગ્રસ્ત મ્હાત્રેના સ્થાને આકાશ મઢવાલ

ચેન્નઈ સુપર કિંગ્સે પગના સ્નાયુઓ ખેંચાઈ જવાને કારણે આ વખતની આઇપીએલમાં હવે પછી ન રમી શકનાર ૧૮ વર્ષના બૅટ્સમૅન આયુષ મ્હાત્રેના સ્થાને પેસ બોલર આકાશ મઢવાલને સ્ક્વૉડમાં સમાવ્યો છે. અન્ડર-૧૯ વર્લ્ડ કપના ચૅમ્પિયન કૅપ્ટન આયુષે ચેન્નઈ વતી બહુ સારી શરૂઆત કરી હતી અને અત્યાર સુધીમાં ટીમમાં તેના ૨૦૧ રન હાઇએસ્ટ હતા. મ્હાત્રેને ચેન્નઈએ ૭૫ લાખ રૂપિયામાં સાઇન કર્યો હતો, જ્યારે મઢવાલને આ ટીમ ૩૦ લાખ રૂપિયા આપશે. મઢવાલ અગાઉ મુંબઈ વતી ૨૦૨૩ અને ૨૦૨૪માં તેમ જ રાજસ્થાન વતી ૨૦૨૫માં રમ્યો હતો. ઉત્તરાખંડના મઢવાલે આઇપીએલની કુલ ૧૭ મૅચમાં ૨૩ વિકેટ લીધી છે. ■

'ગુજરાતના શિક્ષણ પ્રધાનના નામે...',

# રવીન્દ્ર જાડેજાએ ટીમને મૅચ જિતાડીને પત્ની રિવાબાને આપી ખાસ ભેટ, સ્ટેટમેન્ટ થયું વાઈરલ...



લખનઊઃ હાલમાં ક્રિકેટનો મહાકુંભ આઈપીએલ-૨૦૨૬ ચાલી રહ્યો છે અને દરરોજ ક્રિકેટરસિયાઓનો રોમાંચ બમણો થઈ રહ્યો છે. બુધવારે અહીં રમાયેલી રાજસ્થાન રોયલ્સ અને લખનઊ સુપર જાયન્ટસની મેચમાં રાજસ્થાનની ટીમે શાનદાર પ્રદર્શન સાથે જીત મેળવી હતી. જોકે, આ બધા વચ્ચે સોશ્યલ મીડિયા પર ચર્ચા થઈ રહી છે આ મૅચમાં પ્લેયર ઑફ ધ મૅચનો પુરસ્કાર જીતનારા આપણા બાપુ એટલે કે રવીન્દ્રસિંહ જાડેજાની. બાપુએ પોતાનો આ અવૉર્ડ ગુજરાતનાં શિક્ષણ પ્રધાન અને પત્ની રિવાબા જાડેજાને સમર્પિત કરીને સૌના દિલ જીતી લીધાં છે. ચાલો જોઈએ બીજું શું કહ્યું છે રવીન્દ્ર જાડેજાએ...

રાજસ્થાનની આ જીતનો હીરો રવીન્દ્ર જાડેજા હતો. તેના શાનદાર પર્ફોર્મન્સ માટે તેમને પ્લેયર ઑફ ધ મૅચનો અવૉર્ડ આપવામાં આવ્યો હતો. બે વર્ષ બાદ આઈપીએલમાં પ્લેયર ઑફ ધ મૅચ બન્યા બાદ જાડેજાએ આ અવૉર્ડ પત્ની અને ગુજરાતનાં શિક્ષણ ખાતાના પ્રધાન રિવાબા જાડેજાને સમર્પિત કર્યો હતો. રવીન્દ્ર જાડેજાએ જણાવ્યું હતું કે 'હું આ પુરસ્કાર પત્ની (ગુજરાતનાં શિક્ષણ પ્રધાન) રિવાબા જાડેજાને સમર્પિત કરું છું. તેમણે બુધવારે જ કહ્યું હતું કે હું સારું પર્ફોર્મ કરીશ અને મેં કરી બતાવ્યું.'

વાત કરીએ રવીન્દ્ર જાડેજાના પર્ફોર્મન્સની તો જ્યારે રાજસ્થાનની ટીમ ૭૭ રનમાં પાંચ વિકેટ ગુમાવી સંઘર્ષ કરી રહી હતી ત્યારે જાડેજાએ ૪૩ રનની અણનમ ઈનિંગ્સ રમીને સ્કોર ૧૫૯ સુધી પહોંચાડીને ટીમની જીતનો પાયો નાખ્યો હતો. આ સિવાય જાડેજાએ લખનઊની ખતરનાક જોડી તોડી હતી અને નિકોલસ પૂરનને ૨૨ રનમાં જ આઉટ કરીને મૅચને જોરદાર વળાંક આપ્યો હતો. લખનઊની ટીમ ૧૧૯ રન બનાવીને ઑલઆઉટ થઈ ગઈ હતી.

પૉઈન્ટ્સ ટેબલ પર નજર કરીએ તો રાજસ્થાન રોયલ્સે અત્યાર સુધી સાતમાંથી પાંચ મૅચ જીતી છે અને બુધવારની જીત બાદ આ ટીમ પોઈન્ટ્સ ટેબલમાં બીજા નંબર પર હતી. જ્યારે લખનઊની ટીમ સાતમાંથી માત્ર બે મેચ જીતીને છેક નવમા નંબરે હતી. ■

# મૅન્ચેસ્ટર સિટીને હાલૅન્ડે ૧-૦થી અપાવ્યો વિજયઃ પ્રીમિયર લીગમાં આર્સેનલનો ૨૦૦ દિવસના શાસનનો અંત



લંડનઃ મૅન્ચેસ્ટર સિટી ફૂટબૉલ ટીમે ઇંગ્લિશ પ્રીમિયર લીગ (ઇપીએલ)ના પર્ફોર્મન્સમાં છેલ્લા ૪૦ દિવસમાં જબરદસ્ત પ્રગતિ કરીને પૉઇન્ટ્સ-ટેબલમાં બુધવારે મોખરાનું સ્થાન મેળવી લીધું અને એવું બર્ન્લી સામેની ૧-૦ની જીત બદલ શક્ય બન્યું છે. એર્લિંગ હાલૅન્ડ આ સફળતાનો કર્ણધાર છે અને તેના એકમાત્ર ગોલથી મૅન્ચેસ્ટર સિટીએ આર્સેનલને મોખરાના સ્થાનેથી હટાવી દીધું છે. આર્સેનલની ટીમ છેલ્લા ૨૦૦ દિવસથી ઇપીએલના પૉઇન્ટ્સ-ટેબલમાં અવ્વલ હતી, પણ મૅન્ચેસ્ટર સિટીએ એને સિંહાસન પરથી ઊથલાવી દીધી છે.

મૅન્ચેસ્ટર સિટી છેલ્લે ૨૦૨૩-'૨૪માં પ્રીમિયર લીગનું ટાઇટલ જીતી હતી. કુલ ૧૦ ટાઇટલ જીતી ચૂકેલી આ ટીમ વતી હાલૅન્ડે મૅચ શરૂ થયા બાદ પાંચમી જ મિનિટમાં ગોલ કર્યો હતો અને ત્યાર પછી મૅન્ચેસ્ટર સિટીએ સંરક્ષણની દીવાલ એટલી બધી મજબૂત કરી રાખી હતી કે બર્ન્લીના ફૉરવર્ડ ખેલાડીઓમાંથી એક પણ પ્લેયરને એકેય ગોલ કરવાની તક નહોતી મળી.

પૉઇન્ટ્સ-ટેબલમાં મૅન્ચેસ્ટર સિટી અને આર્સેનલ ૭૦-૭૦ પૉઇન્ટ સાથે સમાન છે. બન્નેના ગોલ-ફરક પણ એકસરખા (+૩૭) છે, પરંતુ સિટીએ જે ૬૬ ગોલ કર્યા એની તુલનામાં આર્સેનલના ત્રણ ઓછા (૬૩ ગોલ) હોવાથી સિટીને અવ્વલ સ્થાને આવવા મળ્યું છે.

હજી ૧૪મી માર્ચે આર્સેનલ કરતાં સિટીની ટીમ નવ પૉઇન્ટ પાછળ હતી, પણ બુધવારે એણે આર્સેનલના ૭૦ પૉઇન્ટની બરાબરી કરી લીધી છે. આનું કારણ એ છે કે સિટીની ટીમ સતત ત્રણ મૅચ જીતી, જ્યારે આર્સેનલની ટીમ લાગલગાટ બે મૅચ હારી હતી. ૧૯મી એપ્રિલે સિટીનો આર્સેનલ સામે ૨-૧થી વિજય થયો હતો. ■

# પાકિસ્તાના મોહમ્મદ નવાઝનો ડ્રગ્સ-રિપોર્ટ પૉઝિટિવ, ટી-૨૦ વર્લ્ડ કપનું 'કાંડ' હવે બહાર આવ્યું!



કરાચીઃ પાકિસ્તાન ક્રિકેટને માથે દશા બેઠી છે, એક પછી એક વિવાદાસ્પદ ઘટના પાકિસ્તાન ક્રિકેટ બોર્ડનો પીછો જ નથી છોડતી અને એમાં છેલ્લામાં છેલ્લો કિસ્સો ઑલરાઉન્ડર મોહમ્મદ નવાઝના ડ્રગ્સ-ટેસ્ટને લગતો છે.

અમુક પ્રકારનું ડ્રગ્સ (કૅફી દ્રવ્ય) શરીરના સ્વાસ્થ્ય તથા શારીરિક ઊર્જા વધારવા માટે લેવામાં આવતું હોય છે, પરંતુ ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)ના નિયમો હેઠળ જે ડ્રગ્સ પ્રતિબંધિત હોય એનું જો ક્રિકેટર દ્વારા જાણતાં-અજાણતાં સેવન કરવામાં આવે તો તેની સામે તપાસ થાય છે.

પાકિસ્તાનનો સ્ટાર ક્રિકેટર મોહમ્મદ નવાઝ આવા જ એક કિસ્સામાં સંડોવાયો છે. આ કિસ્સો તાજેતરમાં રમાઈ ગયેલા ટી-૨૦ વર્લ્ડ કપ સમયનો છે અને નવાઝ એ ટૂર્નામેન્ટ દરમ્યાન અમુક પ્રકારના પ્રતિબંધિત કેફીદ્રવ્યનું સેવન કરીને રમ્યો હતો એવું તેના રિપોર્ટમાં જોવા મળતાં (રિપોર્ટ પૉઝિટિવ આવતાં) પીસીબીએ તપાસ શરૂ કરી છે.

૩૨ વર્ષનો નવાઝ હાલમાં પાકિસ્તાન સુપર લીગમાં મુલતાન સુલતાન્સ ટીમ વતી રમી રહ્યો છે. પીસીબીએ જે તપાસ શરૂ કરી છે એનો નિષ્કર્ષ ન આવે ત્યાં સુધી તે ઇંગ્લૅન્ડની સરે કાઉન્ટીની ટી-૨૦ બ્લાસ્ટ નામની આગામી ટૂર્નામેન્ટમાં ભાગ નહીં લઈ શકે.

સાઉથ આફ્રિકાનો ફાસ્ટ બોલર કૅગિસો રબાડા ગયા વર્ષે આઈપીએલની થોડી મેચો રમ્યો હતો, પરંતુ તેણે અગાઉ અજાણતાં પ્રતિબંધિત કૅફી દ્રવ્યનું સેવન કર્યું હોવાનું રિપોર્ટમાં આવતા તે આઈપીએલની બાકીની મૅચો નહોતો રમી શક્યો.

આ પ્રકારના રીક્રિએશનલ ડ્રગ્સનું સેવન કરનાર રબાડા પછી મોહમ્મદ નવાઝ બીજો આંતરરાષ્ટ્રીય ક્રિકેટર છે.

પીસીબીએ હજી ગયા અઠવાડિયે જ નવાઝને સરે કાઉન્ટીની ટૂર્નામેન્ટમાં રમવા માટે નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) આપ્યું હતું. ■

# ક્રૂડ ૧૦૦ ડૉલર પાર કરી જતાં સેન્સેક્સ ૮૫૦ પોઈન્ટથી વધુ ઘટ્યો; નિફ્ટી ૨૪,૨૦૦થી નીચે ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકા અને ઇરાન વચ્ચેની મડાગાંઠ યથાવત રહેવા સાથે ક્રીડ ઓઇલના ભાવ બેરલે ૧૦૦ ડોલર વટાવી જવા ઉપરાંત રૂપિયામાં સતત વધતી નબળાઇને કારણે ખાસ કરીને ઓટો, કન્ઝ્યુમર ડ્યુરેબલ શેરોની આગેવાની હેઠળ વેચવાલીનું દબાણ વધી જતાં ગુરુવારના સત્રમાં સેન્સેક્સ ૮૫૦ પોઈન્ટથી વધુ ગબડ્યો હતો જ્યારે નિફ્ટી ૨૪,૨૦૦થી નીચે સરકી ગયો હતો.

એશિયન અને યુરોપિયન ઇક્વિટીમાં નબળા વલણ સાથે, વિદેશી ભંડોળની એકધારી વેચવાલીને કારણે રોકાણકારો ચિંતામાં મુકાયા છે. સેન્સેક્સ ૮૫૨.૪૯ પોઈન્ટ અથવા ૧.૦૯ ટકા ઘટીને ૭૭,૬૬૪ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો છે. દિવસ દરમિયાન, તે ૯૪૨.૩૧ પોઈન્ટ અથવા ૧.૨૦ ટકા ઘટીને ૭૭,૫૭૪.૧૮ની નીચી સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી ૨૦૫.૦૫ પોઇન્ટ અથવા તો ૦.૮૪ ટકાના ઘટાડા સાથે ૨૪,૧૭૩.૦૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

સેન્સેક્સના શેરોમાંથી ટ્રેન્ટ, બજાજ ફિનસર્વ, ટેક મહિન્દ્રા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ઇન્ફોસિસ અને એચડીએફસી બેન્ક ટોપ લૂઝર્સ શેરોમાં સામેલ હતા. જ્યારે અદાણી પોર્ટ, લાર્સન એન્ડ ટૂબ્રો, સન ફાર્મા, ભારતી એરટેલ અને ભારત ઇલેક્ટ્રોનિક્સ ટોપ ગેઇનર્સ શેરોમાં સામેલ હતા. આ તીવ્ર ઘટાડાને કારણે બીએસઇ પર લિસ્ટેડ બધી કંપનીઓનું કુલ માર્કેટ કેપિટલાઇઝેશન રૂ. ત્રણ લાખ કરોડથી વધુના ધોવાણ સાથે ઘટીને રૂ. ૪૬૬ લાખ કરોડના સ્તરે પહોંચ્યું હતું.

પ્રાઇમરી માર્કેટમાં ઓટોમોબાઈલ અને કન્ઝ્યુમર ઇલેક્ટ્રોનિક્સ રિટેલમાં કાર્યરત કંપની, અંબા ઓટો સેલ્સ એન્ડ સર્વિસીસ લિમિટેડ ૨૭ એપ્રિલના રોજ રૂ. ૬૫.૧૨ કરોડના આઇપીઓ લાવશે, જે ૨૯ એપ્રિલે બંધ થશે. પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર રૂ. ૧૩૦થી રૂ. ૧૩૫ અને લોટ સાઇઝ ૧,૦૦૦ ઇક્વિટી શેર છે. નાણાં ભંડોળનો ઉપયોગ વર્તમાન આઉટલેટના નવીનીકરણ અને નવા વિસ્તરણ સહિતના હેતુ માટે થશે.

કોલ ઇન્ડિયાની અનુષાંગિક કંપની ભારત કોકીંગ કોલ લિમિટેડે માર્ચ ક્વાર્ટરમાં ૫૮.૯૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૨૭.૨૮ કરોડનો ચોખ્ખો નપો નોંધાવ્યો છે. સિપ્લાને શ્વસન સમસ્યાની સારવાર માટેની જેનેરિક એરોસોલ માટે યુએસ એફડીએની પરવાનગી મળી ગઇ છે. યુનિયન બેન્કના નફામાં વધારો થયો છે. બ્રિટિશ એફએમસીજી કંપની રેકિટની બ્રાન્ડ ડેટોલ અને ડ્યુરેક્સે પ્રથમ ક્વાર્ટરમાં દ્વિઅંકી વૃદ્ધિ નોંધાવી છે. આદિત્ય બિરલા સનલાઇફ એએમસીના ચોથા ક્વાર્ટરના નફામાં ૧૮ ટકાનો ઘટાડો થયો છે.

નિફ્ટીમાં સૌથી વધુ ઘટાડો નોંધાવનારા શેરોમાં ટ્રેન્ટ, એમ એન્ડ એમ, શ્રીરામ ફાઇનાન્સ, એસબીઆઇ લાઇફ ઇન્શ્યોરન્સ, ટેક મહિન્દ્રાનો સમાવેશ હતો. જ્યારે ડો. રેડ્ડીઝ લેબ્સ, સિપ્લા, જિયો ફાઇનાન્સિયલ, અદાણી એન્ટરપ્રાઇઝ, એપોલો હોસ્પિટલ્સ સૌથી વધુ સુધારો નોંધાવનારા શેરોમાં સામેલ હતા. ક્ષેત્રીય મોરચે, કેપિટલ ગુડ્સ ૦.૪ ટકા, હેલ્થકેર ઇન્ડેક્સ ૧.૬ ટકા, એનર્જી ઇન્ડેક્સ ૦.૨૫ ટકા અને મીડિયા ઇન્ડેક્સ ૦.૯ ટકા વધ્યા હતા. બીજી તરફ, ઓટો, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને પીએસયુ બેંક દરેક બે ટકા ઘટ્યા હતા, જ્યારે આઇટી, રિયલ્ટી, મેટલ, ખાનગી બેંક દરેક એક ટકા ઘટ્યા હતા.

તેલ સમૃદ્ધ મધ્ય પૂર્વમાં વધતા તણાવને કારણે બજારોમાં અસ્થિરતાને માપતો ઇન્ડિયા વીઆઇએક્સ લગભગ બે ટકા વધીને ૧૮.૫૯ પર પહોંચ્યો, કારણ કે રોકાણકારોમાં ગભરાટ ફેલાયો છે અને તેમની વેચવાલી વ્યાપક સ્તરે રહી હતી. જોકે બેન્ચમાર્ક કરતા વ્યાપક બજારોમાં વેચવાલી તુલનાત્મક રીતે હળવી હતી. નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ અને નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સમાં ૦.૭ ટકા સુધીનો ઘટાડો થયો.

બીએસઇ પર ૧૪૦ જેટલા શેર તેમની બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતાં, જેમાં જીઇ વર્નોવા ટીડી, વેલ્સ્પન કોર્પ, ગ્લેનમાર્ક ફાર્મા, ડેટા પેટર્ન્સ, હિટાચી એનર્જી, હિમાદ્રી સ્પેશિયાલિટી કેમિકલ, લ્યુપિન, ટોરેન્ટ પાવર, ચેન્નાઈ પેટ્રોલિયમ કોર્પોરેશન, સ્નેડર ઇન્ફ્રા, ગ્રાન્યુલ્સ ઇન્ડિયા, નાલ્કો, અરબિંદો ફાર્મા, અદાણી ગ્રીન એનરી, ટિમકેન, એચઇજી, જેએસડબલ્યુ એનર્જી, સીજી પાવર, સિમેન્સ, લોયડ્સ મેટલ્સ વગેરેનો સમાવેશ થાય છે.

અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઇકોનોમિક ઝોનના કરણ અદાણી એએસકે પ્રાઇવેટ વેલ્થ હુરુન ઇન્ડિયાના ૫૦ અનુગામીઓની યાદીમાં ટોચના સંપૂર્ણ મૂલ્ય સર્જક તરીકે ઉભરી આવ્યા છે, તેમણે રૂ. ૨.૬૭ ટ્રિલિયનનો ઉમેરો કર્યો કારણ કે કંપનીનું માર્કેટકેપ માર્ચ ૨૦૨૦માં રૂ. ૪૨,૧૪૯ કરોડથી વધીને માર્ચ ૨૦૨૬માં રૂ. ૩.૦૯ ટ્રિલિયન સુધી પહોંચ્યું છે, જે યાદીમાં સૌથી મોટો રૂપિયાનો ઉમેરો છે. યુએસ-ઈરાન વાટાઘાટોમાં મડાગાંઠ વચ્ચે ક્રૂડ ઓઇલના ભાવ પ્રતિ બેરલ ૧૦૦ ડોલરથી ઉપર વધવાથી સ્થાનિક ઇક્વિટીમાં વ્યાપક ઘટાડો જોવા મળ્યો. નબળા વૈશ્વિક સંકેતો, ઓફઆઇઆઇનો એકધારો આઉટફ્લો અને ડોલર સામે રૂપિયામાં ઘટાડો અને યુએસ ટ્રેઝરી યીલ્ડના વધારાને કારણે રિસ્ક ઓફ મૂડ વધુ તીવ્ર બન્યો હતો. જ્યારે સ્થાનિક સંયુક્ત પીએમઆઇએ વ્યાપાર પ્રવૃત્તિમાં સતત વિસ્તરણનો સંકેત આપ્યો હતો, પરંતુ તેની સકારાત્મક અસર વધતા જતા ઇનપુટ ખર્ચ, માર્જિન દબાણ, નરમ નિકાસ માગ અને ભવિષ્ય અંગે નબળા વિશ્વાસ, અર્થપૂર્ણ ખરીદી રસ મર્યાદિત કરવા અંગેની ચિંતાઓ દ્વારા ઢંકાઈ ગઈ હતી. ક્ષેત્રનું પ્રદર્શન મોટાભાગે ઘટાડા તરફ વળેલું હતું, જેમાં રક્ષણાત્મક પરિબળો, ખાસ કરીને ફાર્મા અને હેલ્થકેર સેક્ટર, વ્યાપક વેચાણ વચ્ચે સંબંધિત સલામત આશ્રયસ્થાનો તરીકે ઉભા હતા. નિફ્ટીમાં સતત બે ટ્રેડિંગ દિવસોમાં કુલ ૪૦૦ પોઇન્ટથી વધુનો કડાકો જોવા મળ્યો છે. વૈશ્વિક અનિશ્ચિતતા વધુ તીવ્ર બની રહી હોવાથી સ્થાનિક ટ્રિગર્સ તાત્કાલિક ટેકો પૂરો પાડવામાં નિષ્ફળ જઇ રહ્યા છે. આ સત્રના ઘટાડાનું મુખ્ય કારણ પશ્ચિમ એશિયામાં ભૂ-રાજકીય તણાવમાં તીવ્ર વધારો છે. બજારના સાધનોએ જણાવ્યું હતું કે, હોર્મુઝ સ્ટ્રેટમાં વિક્ષેપોને લગતી ચિંતાઓએ રોકાણકારોના વિશ્વાસને નોંધપાત્ર ઠેસ પહોંચાડી છે, જેનાથી ગ્લોબલ ઇક્વિટી માર્કેટમાં અનિશ્ચિતતા નવા ઊંચા સ્તરે પહોંચી છે. આનાથી સીધા જ ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો થયો છે. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ, ૧.૮૯ ટકા વધીને ૧૦૩.૮ ડોલર પ્રતિ બેરલ પર ટ્રેડ થઇ રહ્યું હતું. ભારત જેવા આયાત-આધારિત અર્થતંત્ર માટે આ બેવડું દબાણ, ફુગાવો વકરવાની વધતી જતી સંભાવના અને કોર્પોરેટ માર્જિન પર તણાવ વધવાની શક્યતા રોકાણકારોના માનસ પર નકારાત્મક અસર પહોંચાડે છે. એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ બુધવારે રૂ. ૨,૦૭૮.૩૬ કરોડના ઇક્વિટી વેચ્યા હતા. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો બેન્ચમાર્ક કોસ્પી ઊંચો રહ્યો, જ્યારે જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ નીચા સ્તરે સ્થિર થયો હતો.

શેરબજારમાં સતત બીજા દિવસની પીછેહઠમાં એકમાત્ર ફાર્મા શેરોમાં સુધારાનો સળવળાટ જોવા મળ્યો હતો. હેલ્થકેર શેર્સમાં ઉછાળો આવતા તેના ઇન્ડેક્સમાં પણ સુધારો હતો, જ્યારે પીએસયુ બેન્કો અને ઓટો શેરો સૌથી અધિક ગબડ્યા હોવાથી તેના સંબંધિત ઇન્ડેક્સમાં પણ સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો હતો. સત્રના અંત સુધીમાં માર્કેટ કેપમાં રૂ.૨.૯૭ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો.

સેન્સેક્સની ૩૦ સ્ક્રિપ્સમાંથી ૫ સ્ક્રિપ્સ વધી હતી અને ૨૫ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ ૧૫૦ મિડકેપ ૦.૩૩ ટકા અને બીએસઈ ૨૫૦ સ્મોલકેપ ૦.૪૯ ટકા ઘટ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૬૨ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૩૪ ટકા ઘટ્યા હતા. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૬૯.૩૬ લાખ કરોડથી રૂ.૨.૯૭ લાખ કરોડ ઘટીને રૂ.૪૬૬.૩૯ લાખ કરોડ રહ્યું હતું. ગુરુવારે બીએસઈ સેન્સેક્સ બુધવારના ૭૮,૫૧૬.૪૯ના બંધથી ૮૫૨.૪૯ પોઈન્ટ્સ અથવા ૧.૦૯ ટકા ઘટ્યો હતો. સેન્સેક્સ ૭૭,૯૮૩.૬૬ ખૂલી ઊંચામાં ૭૮,૧૭૮.૫૪ સુધી અને નીચામાં ૭૭,૫૭૪.૧૮ સુધી જઈ છેવટે ૭૭,૬૬૪.૦૦ બંધ રહ્યો હતો.

સેક્ટરલ ઈન્ડેક્સમાં હેલ્થકેર ૧.૬૬ ટકા, પાવર, કેપિટલ ગુડ્સ ૦.૪ ટકા અને ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૧૧ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે પીએસયુ બેન્ક ૨.૩૬ ટકા, ઓટો ૨.૨૭ ટકા, રિયલ્ટી ૧.૯૧ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૧.૭૧ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૬૩ ટકા, બેન્કેક્સ ૧.૪૬ ટકા, ટોપ ૧૦ બેન્ક ૧.૩૫ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૧.૩૨ ટકા, પ્રાઈવેટ બેન્ક્સ ૧.૨૬ ટકા, આઈટી ૧.૨૪ ટકા અને ફોકસ્ડ આઈટી ૧.૦૭ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૪૪૯ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું. ૧,૭૬૨ સ્ક્રિપ્સ વધી હતી, ૨,૫૧૭ સ્ક્રિપ્સ ઘટી હતી અને ૧૭૦ સ્ક્રિપ્સ સ્થિર રહી હતી. ૧૪૨ સ્ટોક્સ બાવન સપ્તાહની ઉચ્ચ સપાટીએ અને ૨૯ સ્ટોક્સ બાવન સપ્તાહની સૌથી નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૯ સ્ક્રિપ્સને ઉપલી અને ૯ સ્ટોક્સને નીચલી સર્કીટ લાગી હતી.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં અદાણી પોર્ટ્સ ૦.૯૭ ટકા, લાર્સન ૦.૮૨ ટકા, સન ફાર્મા ૦.૬૪ ટકા, ભારતી એરટેલ ૦.૬૦ ટકા અને બીઈએલ ૦.૨૭ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે ટ્રેન્ટ ૪.૨૧ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૩.૩૦ ટકા, બજાજ ફિનસર્વ ૩.૩૦ ટકા, ટેક મહિન્દ્ર ૨.૯૦ ટકા, ઈન્ફોસિસ ૨.૦૪ ટકા, એચડીએફસી બેન્ક ૧.૯૩ ટકા, એશિયન પેઈન્ટ ૧.૮૮ ટકા, કોટક બેન્ક ૧.૮૩ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૮૨ ટકા, ઈન્ડિગો ૧.૭૪ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૪૭ ટકા, રિલાયન્સ ૧.૪૫ ટકા, મારુતિ ૧.૩૮ ટકા અને ઈટર્નલ ૧.૨૯ ટકા ઘટ્યા હતા. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ગુરુવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૭૦૬.૨૨ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૩,૧૮૦ સોદામાં ૪,૫૨૫ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૫૩,૨૨,૯૯૬ કોન્ટ્રેક્ટ્સના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ.૭,૮૨,૨૪,૯૭૪.૭૫ કરોડનું રહ્યું હતું.




## ૨૩ પૈસા તૂટીને મહિનામાં બીજી વખત ૯૪ની સપાટી કુદાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પશ્ચિમ એશિયાની કટોકટીને કારણે વૈશ્વિક બજારમાં ક્રૂડતેલના ભાવમાં તેજીનું વલણ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીનું દબાણ પ્રબળ રહેતાં ડૉલરમાં આક્રમક લેવાલી રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં સતત ચોથા સત્રમાં ડૉલર સામે રૂપિયામાં ધોવાણ જળવાઈ રહેતાં ડૉલર સામે રૂપિયો ૨૩ પૈસાના ગાબડાં સાથે ૯૪.૦૧ના મથાળે બંધ રહ્યો હતો અને એક મહિનામાં બીજી વખત ડૉલર સામે રૂપિયાએ ૯૪ની સપાટી કુદાવી હોવાનુ સૂત્રોએ જણાવતા ઉમેર્યું હતું કે આજે સત્ર દરમિયાન નીચામાં ૯૪.૧૭ સુધી તૂટ્યો હતો, પરંતુ સંભવિતપણે રિઝર્વ બૅન્કનો હસ્તક્ષેપ રહેતા ધોવાણ મર્યાદિત રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૩.૭૮ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૪.૦૩ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૪.૧૭ સુધી ગબડ્યો હતો અને ઉપરમાં ૯૩.૭૮ સુધી મજૂબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૨૩ પૈસાના કડાકા સાથે ૯૪.૦૧ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે છેલ્લાં ચાર સત્રમાં ડૉલર સામે રૂપિયામાં ૧૧૦ પૈસાનો કડાકો બોલાઈ ગયો છે. તેમ જ પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય તણાવ સપાટી પર આવ્યો ત્યારથી અર્થાત્ ગત ૨૮મી ફેબ્રુઆરીનાં રોજથી અત્યાર સુધીમાં ડૉલર સામે રૂપિયાએ બીજી વખત ૯૪ની સપાટી કુદાવી છે.

આ પૂર્વે ૨૩મી માર્ચનાં રોજ રૂપિયો ૯૪ની ઉપર બંધ રહ્યો હતો અને તે દિવસે સત્ર દરમિયાન ઐતિહાસિક ૯૫.૨૨ની સપાટી સુધી ગબડ્યો હતો.

અમેરિકા-ઈરાન વચ્ચેની વાટાઘાટોની અનિશ્ચિતતા વચ્ચે હાલ વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં જોવા મળી રહેલી તેજી અને ઈક્વિટી માર્કેટની નરમાઈને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૯૩.૮૦થી ૯૪.૫૦ની રેન્જમાં રહે તેવી શક્યતા મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરી હતી.

ક્રૂડતેલના ભાવ ઊછળતા ફુગાવો વધવાની ચિંતા સપાટી પર

## વિશ્વ બજાર પાછળ ચાંદી ₹ ૮૦૮૪ અને સોનું ₹ ૧૦૫૭ તૂટ્યું

મુંબઈઃ અમેરિકા અને ઈરાન વચ્ચેની શાંતિ માટેની વાટાઘાટો અટકતાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઊછળીને બેરલદીઠ ૧૦૦ ડૉલરની સપાટી પાર કરી જતાં ફુગાવો વધવાની ચિંતા સપાટી પર આવવાની સાથે અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા મંદ પડી હતી. તેમ જ આજે ડૉલર ઈન્ડેક્સમાં પણ મજબૂત વલણ રહેતાં લંડન ખાતે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૮૦૮૪નો કડાકો બોલાયો હતો અને સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૫૩થી ૧૦૫૭ ઘટી આવ્યા હતા. આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ અને ઘટતી બજારે ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની માગ મર્યાદિત રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૮૦૮૪ના ઘટાડા સાથે રૂ. ૨,૪૦,૫૯૮ના મથાળે રહ્યા હતા. તેમ જ સોનામાં પણ વિશ્વ બજાર પાછળ નરમાઈનું વલણ રહ્યું હતું. જોકે, આજે ડૉલર સામે રૂપિયો વધુ ૨૩ પૈસા ગબડ્યો હોવાથી આયાત પડતરમાં વધારો થવાથી વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત રહેતાં વેરારરહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૫૩ના ઘટાડા સાથે રૂ. ૧,૫૦,૪૫૪ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૦૫૭ના ઘટાડા સાથે રૂ. ૧,૫૧,૦૫૯ના મથાળે રહ્યા હતા. આજે ભાવઘટાડો જોવા મળ્યો હોવા છતાં સ્ટોકિસ્ટો અને રોકાણકારોની લેવાલી નિરસ રહી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની લેવાલી ખપપૂરતી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડ અને ડૉલરમાં મજબૂત વલણ ઉપરાંત અમેરિકી ૧૦ વર્ષીય ટ્રેઝરીની યિલ્ડ પણ વધીને એક સપ્તાહની ઊંચી સપાટીએ રહી હોવાથી લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯ ટકા ઘટીને ઔંસદીઠ ૪૬૯૬.૭૧ ડૉલર અને જૂન ડિલિવરી વાયદામાં ભાવ ૦.૮ ટકા ઘટીને ૪૭૧૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ ૩.૯ ટકાના કડાકા સાથે ઔંસદીઠ ૭૪.૬૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ફુગાવાને ધ્યાનમાં રાખીને તાજેતરમાં સોનામાં ભાવનું વલણ ક્રૂડતેલના ભાવને અનુસરી રહ્યું છે. ક્રૂડતેલના ભાવ વધતાં સોનામાં ઘટાડો અને ક્રૂડતેલના ભાવ ઘટતાં સુધારો જોવા મળી રહ્યો હોવાનું સાક્સો બૅન્કના કૉમૉડિટી સ્ટ્રેટેજિસ્ટ ઓલે હાસને જણાવ્યું હતું.

ઈરાન સાથે વાટાઘાટો પુનઃ શરૂ ન થવાના સંકેતો મળતાં અમેરિકી પ્રમુખે હુમલાની ચેતવણી આપ્યા બાદ ઈરાને સ્ટ્રેટ ઑફ હોર્મુઝમાં બે જહાજોને જપ્ત કર્યા હતા. જોકે, અમેરિકાએ શાંતિ કરારનો ભંગ કરીને નાકાબંધી ચાલુ રાખી વાટાઘાટો માટે અમે સહમત ન હોવાનું ઈરાને જણાવ્યું હોવાથી આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધીને બેરલદીઠ ૧૦૦ ડૉલરની સપાટી પાર કરી ગયા હતા. તાજેતરમાં રૉઈટર્સ દ્વારા કરવામાં આવેલા સર્વેક્ષણના અહેવાલ અનુસાર અમેરિકી ફેડરલ રિઝર્વ આ વર્ષમાં વ્યાજદરમાં કાપ મૂકતાં પહેલા છ મહિના ફુગાવાના દર પર નજર રાખશે અને ત્યાર બાદ વ્યાજ કપાત અંગે કોઈ નિર્ણય લેશે એમ જણાવાયું હતું.

## ધાતુમાં પાંખાં કામકાજો વચ્ચે મિશ્ર વલણ



મુંબઈઃ વૈશ્વિક સ્તરે પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવ અને અમેરિકા-ઈરાન વચ્ચેની વાટાઘાટો અંગે પ્રવર્તી રહેલી અનિશ્ચિતતા વચ્ચે આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપરના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું અને અન્ય ધાતુઓમાં મિશ્ર વલણ રહ્યું હોવાના સંકેતો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ સ્ટોકિસ્ટોની લે-વેચ અને વપરાશકારોની માગ અનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં મુખ્યત્વે કોપર વાયરબાર સિવાયની કોપરની અન્ય વેરાઈટીઓ તેમ જ એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. એકથી ચારનો સાધારણ સુધારો આવ્યો હતો. જોકે, આજે ટીન, બ્રાસ શીટ કટિંગ્સ અને નિકલમાંમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૫, રૂ. પાંચ અને રૂ. ત્રણનો અને નિરસ માગે કોપર વાયરબારમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો. આજે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૧૨૧૬, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૧૨૦૫, કોપર આર્મિચર અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૧૧૮૯ અને રૂ. ૧૧૧૨ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એકના સુધારા સાથે અનુક્રમે રૂ. ૩૭૭ અને રૂ. ૩૫૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ટીન, બ્રાસ શીટ કટિંગ્સ અને નિકલમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીનું દબાણ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૫ ઘટીને રૂ. ૪૯૫૬, રૂ. પાચ ઘટીને રૂ. ૮૪૦ અને રૂ. ત્રણ ઘટીને રૂ. ૧૭૩૫ના મથાળે રહ્યા હતા, જ્યારે નિરસ માગે કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. ૧૩૩૦ના મથાળે રહ્યા હતા. આ સિવાયની અન્ય ધાતુઓ જેમાં છૂટીછવાઈ ખપપૂરતી માગ જળવાઈ રહેતાં જે ધાતુઓના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું તેમાં બ્રાસ યુટેન્સિલ્સ ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૭૮૦, રૂ. ૩૦૦ અને રૂ. ૨૦૦ના મથાળે ટકેલા રહ્યા હતા.

## સ્મોલ ગ્રેડની ખાંડમાં સાધારણ પીછેહઠ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી જળવાઈ રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૨૦થી ૩૭૫૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી જળવાઈ રહી હોવા છતાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી હાજરમાં તેના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સાધારણ ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક માગને ટેકે ભાવ ટકેલા રહ્યા હતા.

આજે સ્થાનિકમાં અંદાજે ૨૭થી ૨૮ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ અન રિટેલ સ્તરની ખપપૂરતી માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણત્તા નબળી હોવાથી તેનાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના ઘટાડા સાથે રૂ. ૩૮૫૬થી ૩૯૩૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૭૨થી ૪૦૪૦માં ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૩૭૮૦થી ૩૮૨૦માં અને રૂ. ૩૮૭૦થી ૩૯૩૦માં થયા હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.



## આયાતી તેલમાં આગળ ધપતી નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૪૬ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ અને આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૪૯ સેન્ટ ઘટી આવ્યા હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં આયાતી તેલમાં સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. આ સિવાય દેશી તેલમાં મથક પાછળ ૧૦ કિલોદીઠ સિંગતેલમાં રૂ. ૧૦નો ઘટાડો અને સરસવમાં રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો. આમ એકંદરે આજે બજારમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ પતંજલિ ફૂડ્સના સોયા રિફાઈન્ડના મે ડિલિવરી શરતે રૂ. ૧૪૯૦ અને એપ્રિલ ડિલિવરી શરતે સન રિફાઈન્ડના રૂ. ૧૬૭૦, બુંગેના આરબીડી પામોલિનના એપ્રિલ ડિલિવરી શરતે રૂ. ૧૪૩૦ અને સોયા રિફાઈન્ડના મે ડિલિવરી શરતે રૂ. ૧૪૯૦, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦, ઈમામીના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૪૭૦ અને રૂ. ૧૫૧૦ તથા જી-વનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૪૬૫ અને રૂ. ૧૫૧૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૪૫૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૩૦૦૦ ગૂણી મગફળીની આવક હતી જેના વેપાર અનુક્રમે મણદીઠ રૂ. ૧૪૦૦થી ૧૫૦૦માં અને રૂ. ૧૪૦૦થી ૧૪૮૦માં થયા હતા, જ્યારે ગુજરાતના મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૨૫૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૧૬૦૦માં થયા હતા, જ્યારે ગોંડલ મથકે વૉશ્ડ કૉટનના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૩૦થી રૂ. ૧૪૩૫માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦થી ૧૪૭૫માં થયા હતા.

આજે હાજરમાં દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૨૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૦, સિંગતેલના રૂ. ૧૬૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૨૦ અને સરસવના રૂ. ૧૪૯૦ના મથાળે રહ્યા હતા.



ગિરનારના સંરક્ષણ કાજેઃ જૂનાગઢમાં ગિરનાર સંરક્ષણ સમિતિ દ્વારા ગિરનાર અને ભવનાથ ક્ષેત્રના રક્ષણ માટે કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આ માટે શહેરમાં એક વિશાળ રેલી કાઢવામાં આવી હતી, જેમાં સાધુ-સંતો અને ખૂબ મોટી સંખ્યામાં હિન્દુ સમાજના લોકો જોડાયા હતા. આવેદનપત્રમાં જૈન સંપ્રદાયની કેટલીક સંસ્થાઓ અને તત્ત્વો દ્વારા ગિરનાર ક્ષેત્રમાં સનાતન વિરોધી પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી હોવાની અને સનાતની હિન્દુ ધર્મસ્થાનો પર ગેરકાયદેસર કબજાના પ્રયાસો થઈ રહ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. (હરેશ સોની)

# કચ્છમાં ઇંધણની કૃત્રિમ કટોકટીઃ ખાનગી પંપોએ ભાવ વધારતા સરકારી પંપો પર ભારણ વધ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સરહદી કચ્છ જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી ડીઝલ અને પેટ્રોલની કૃત્રિમ અછત સર્જાતા વાહનચાલકો અને ટ્રાન્સપોર્ટરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખાનગી ઓઈલ કંપનીઓએ ભાવમાં ધરખમ વધારો કરતા ગ્રાહકો સરકારી પેટ્રોલ પંપો તરફ વળ્યા છે, જેના પરિણામે માંગ અને પુરવઠાનું સંતુલન ખોરવાતા અનેક પંપો પર 'નો સ્ટોક'ના પાટિયા ઝૂલી રહ્યા છે.નાયરા અને શેલ જેવી ખાનગી કંપનીઓએ ડીઝલના ભાવમાં લિટર દીઠ રૂ.૫ થી રૂ.૭ સુધીનો તોતિંગ વધારો ઝીંકી દીધો છે.

આ ભાવવધારાથી બચવા માટે વાહનચાલકો મોટા પાયે સરકારી પંપો પર ઊમટી રહ્યા છે. અચાનક વધેલા આ ઘસારાને કારણે સરકારી પંપોનો સ્ટોક નિર્ધારિત સમય કરતા વહેલો ખાલી થઈ રહ્યો છે, જેનાથી રાત્રિના સમયે હાઈવે પર વાહનચાલકોને ખાલી હાથે પરત ફરવું પડે છે.

જિલ્લા પુરવઠા અધિકારી અર્શ હાશ્મીના જણાવ્યા અનુસાર, ઓઈલ કંપનીઓએ હવે દરેક પંપ માટે સપ્લાયનો ચોક્કસ 'કોટા' નક્કી કર્યો છે. પંપના સરેરાશ વેચાણ મુજબ જ જથ્થો ફાળવવામાં આવતો હોવાથી, જ્યારે માંગમાં અચાનક ઉછાળો આવે ત્યારે કંપનીઓ વધારાનો જથ્થો પૂરો પાડતી નથી. પંપ સંચાલકોના મતે, જરૂરિયાત મુજબ સપ્લાય ન મળવાને કારણે આ સ્થિતિ વધુ વણસી છે.

કચ્છની અર્થવ્યવસ્થા જેની પર ટકી છે તેવા ટ્રાન્સપોર્ટ અને લોજિસ્ટિક્સ ક્ષેત્રને આ અછતની સૌથી મોટી અસર થઈ છે. હજારો ટ્રક ચાલકો ડીઝલ મેળવવા માટે એક પંપથી બીજા પંપે ભટકી રહ્યા છે. ઈંધણના અભાવે માલસામાનની ડિલિવરીમાં વિલંબ થઈ રહ્યો છે, જેની સીધી અસર આવશ્યક ચીજવસ્તુઓના ભાવ વધારા પર પડવાની ભીતિ સેવાઈ રહી છે. ■

# જામનગરના લાખોટા તળાવમાં બે કિશોરનાં ડૂબી જતાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર શહેરના લાખોટા તળાવમાં ડૂબી જવાથી બે કિશોરનાં મોત થયાં હતાં. બાળકો ડૂબી ગયાની જાણ પણ એક નાગરિકે કરી હતી. જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ આવી હતી અને તળાવમાંથી બન્ને બાળકને કાઢયા હતા. તેમના પરિવારજનોને જાણ કરવામાં આવી હતી. બાળકો અહીંયા કેવી રીતે પહોંચ્યા અને ક્યારે નહાવા ગયા ને ડૂબી ગયા તે વિશે કોઈને ખાસ માહિતી નથી. આ રીતે પોતાના સંતાનોના મૃતદેહ જોઈ પરિવારે આક્રંદ કર્યું હતું.

બુધવારે સવારે લાખોટા તળાવમાં કોઈ ડૂબ્યું હોવાની આશંકા જતાં વિપુલ નામના જાગૃત નાગરિકે તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરી હતી. ભારે જહેમત બાદ ટીમને તળાવમાંથી બે કિશોરના મૃતદેહ મળી આવ્યા હતા. મૃતક બાળકના નામ જેનીશ નંદા (૧૨) અને હર્ષિલ રાજેશભાઈ ડાંગર (૧૦) હોવાનું જાણવા મળ્યું હતું. ■

# વ્યાજખોરીનો ભોગ વધુ એક વેપારી બન્યા, પોલીસ ફરિયાદ થઈ

અમદાવાદઃ વ્યાજખોરીનો ભોગ ફરી જૂનાગઢ જિલ્લાના કેશોદના એક વેપારી બન્યા હતા. કેશોદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર વિપુલભાઈ બાબુભાઈ રૂપાવટિયાએ આરોપી દિનેશ ટપ્પુ ડાંગર પાસેથી પૈસા લીધા હતા, પરંતુ રૂ. ૧૩ લાખના ૩૫ લાખ ચૂકવી દીધા હોવા છતાં વેપારીને વ્યાજખોરોએ પરેશાન કર્યાનું જાણવા મળ્યું હતું. સતત ફોન પર ધમકી આપ્યા બાદ તે વેપારીની દુકાને પહોંચી ગયો હતો અને તેમની સાથે મારપીટ કરી હતી આથી વેપારીએ પોલીસ ફરિયાદ કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આ મામલે કેશોદ પોલીસે સતર્કતા દાખવી આરોપીની તાત્કાલિક ધરપકડ કરી હતી. વેપારીએ ફરિયાદ કરવાની હિંમત દાખવી, જ્યારે પોલીસે પણ તેટલી જ કડકાઈથી કાર્યવાહી કરી હતી. પોલીસે આ સાથે નાગરિકોને વ્યાજખોરોનો ત્રાસ સહન નહીં કરવા અને પોલીસની મદદ લેવા પણ અપીલ કરી હતી. ■

# ભાવનગર માર્કેટિંગ યાર્ડ લીંબુની આવકથી છલકાયું



(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના ચિત્રા માર્કેટિંગ યાર્ડમાં ઉનાળાના આગમન સાથે જ લીંબુની આવકમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. છેલ્લાં કેટલાક દિવસોથી આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી લીંબુ ભરેલા વાહનોની સતત આવક થતી હોવાને કારણે માર્કેટિંગ યાર્ડમાં લીંબુનો વેપાર ખૂબ જ ગતિમાન બન્યો છે અને સમગ્ર યાર્ડ લીંબુના ઢગલાઓથી છલકાઈ ગયું છે.

ગરમીના વધતા પ્રભાવને કારણે બજારમાં લીંબુની માગમાં જોરદાર ઉછાળો આવ્યો છે, જેની સીધી અસર હરાજીની પ્રક્રિયા પર પણ જોવા મળી રહી છે. વેપારીઓ વચ્ચે ખરીદી માટે તંદુરસ્ત સ્પર્ધા જોવા મળી રહી છે. ખેડૂતોને લીંબુના ભાવમાં સ્થિરતાની સાથે સારો ભાવ મળી રહ્યો હોવાથી તેમનામાં ખુશીની લહેર પ્રસરી ગઈ છે.

દરરોજ વહેલી સવારથી જ ટ્રેક્ટર અને નાના-મોટા વાહનો દ્વારા લીંબુનો મોટો જથ્થો યાર્ડમાં પહોંચી રહ્યો છે, જ્યાં નિયમિત હરાજીની પ્રક્રિયા બાદ ખરીદી કરવામાં આવે છે. બજારના જાણકારોના મતે, આગામી દિવસોમાં ગરમીનો પારો વધતા લીંબુની માગમાં હજુ વધુ વધારો થવાની પ્રબળ શક્યતા છે, જેના કારણે આવક અને ભાવ બંનેમાં વધુ તેજી જોવા મળી શકે છે. આ રીતે, હાલ ચિત્રા માર્કેટિંગ યાર્ડ લીંબુના વેપાર માટે મુખ્ય કેન્દ્રબિંદુ બની ગયું છે. ■

# મુંદરાઃ આશાવર્કર મહિલા પર હોદ્દાની લાલચ આપી દોઢ વર્ષ સુધી દુષ્કર્મ, આરોપી વિરુદ્ધ ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના બંદરીય મુંદરા શહેરમાં એક આશાવર્કર મહિલાને ફેસેલિટેટરના હોદ્દાની લાલચ આપી, તેના પતિ અને પુત્રને જાનથી મારી નાખવાની ધમકી આપી છેલ્લા દોઢ વર્ષથી દુષ્કર્મ ગુજારવામાં આવતું હોવાના મામલે પીડિતાએ મુંદરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પંથકમાં ચકચાર મચી ગઈ છે.

મુંદરા પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ, આશાવર્કર તરીકે ફરજ બજાવતી મહિલાને આરોપી પ્રકાશ ચના મહેશ્વરી (રહે. મુંદરા, મૂળ સિરાચા) એ વિશ્વાસમાં લીધી હતી. આરોપીએ મહિલાને આશાવર્કરમાંથી 'ફેસેલિટેટર'ના ઉચ્ચ હોદ્દા પર બઢતી અપાવવાની લાલચ આપી હતી. આ બહાને તેને પોતાની ઓફિસે બોલાવી હતી અને ત્યારબાદ હોટલમાં લઈ જઈ મહિલાની મરજી વિરુદ્ધ બળજબરીપૂર્વક દુષ્કર્મ ગુજાર્યું હતું.

પ્રથમ વખત દુષ્કર્મ આચર્યા બાદ, આરોપીએ પીડિતાને તેના પતિ અને પુત્રને જાનથી મારી નાખવાની ધમકી આપી ડરાવી દીધી હતી. આ બ્લેકમેલિંગના સહારે આરોપીએ છેલ્લા દોઢ વર્ષથી મહિલાનું સતત શારીરિક શોષણ કર્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. યુવક દ્વારા અપાઈ રહેલા શારીરિક-માનસિક ત્રાસથી કંટાળીને મહિલાએ કાયદાનો આશરો લીધો હતો.

પીડિતાની ફરિયાદના આધારે મુંદરા પોલીસે આરોપી પ્રકાશ મહેશ્વરી વિરુદ્ધ બળાત્કાર અને ધાકધમકી સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. પોલીસે પીડિતાનું તબીબી પરીક્ષણ કરાવી આરોપીની અટકાયત કરવાના ચક્રો ગતિમાન કર્યા છે. ■

# ભચાઉના ચાંદ્રોડી સીમમાંથી દેશી બંદૂક સાથે શખસ ઝડપાયોઃ સરહદી કચ્છમાં હથિયારોની હેરાફેરીથી સુરક્ષા એજન્સીઓ સતર્ક

ભુજઃ પાકિસ્તાનની ભૂમિ અને જળસીમાને અડીને આવેલા સંવેદનશીલ કચ્છ જિલ્લામાં શિકારી પ્રવૃત્તિઓ અને ગેરકાયદે હથિયારોની હેરાફેરીના કિસ્સાઓ ચિંતા વધારી રહ્યા છે તેવામાં ભચાઉ તાલુકાના ચાંદ્રોડી મોથાળાવાંઢની સીમમાંથી પોલીસે એક શખ્સને રૂ. ૫,૦૦૦ની કિંમતની દેશી બનાવટની બંદૂક સાથે ઝડપી લેતા ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ભચાઉ પોલીસની એક ટુકડી ચાંદ્રોડી મોથાળાવાંઢ (મુસાવાંઢ) વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન મેલડી માતાના મંદિર તરફ જતા કાચા માર્ગ પર બાવળની ઝાડીઓમાં એક શખસ શંકાસ્પદ હાલતમાં જણાતા પોલીસે ત્વરિત કાર્યવાહી કરી તેને રાઉન્ડઅપ કર્યો હતો. તપાસ દરમિયાન આ શખસ લાલમામદ ઉર્ફે લાલો અજારામ ઉર્ફે ઈબ્રાહિમ સમા હોવાનું બહાર આવ્યું હતું.

પોલીસે લાલમામદની તલાશી લીધી ત્યારે તેની પાસેથી મળેલી પ્લાસ્ટિકની થેલીમાંથી ૪૦ ઇંચની નાળવાળી એક દેશી બંદૂક મળી આવી હતી. પોલીસે રૂ. ૫,૦૦૦ની કિંમતનું આ હથિયાર જપ્ત કરી ગુનો નોંધ્યો છે. જોકે, આ શખ્સ પાસે હથિયાર ક્યાંથી આવ્યું અને તેનો ઉપયોગ તે શિકાર માટે કરવાનો હતો કે અન્ય કોઈ ગુનાહિત હેતુ માટે, તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

સીમાવર્તી કચ્છના અબડાસા, લખપત અને રાપર જેવા સરહદી વિસ્તારોમાં અવારનવાર ગેરકાયદે હથિયારો પકડાવાની ઘટનાઓ સામે આવતી રહે છે. જાગૃત નાગરિકોમાં એવો સૂર ઊઠ્યો છે કે સીમાવર્તી જિલ્લામાં આ પ્રકારના મારક હથિયારો ક્યાંથી અને કયા માર્ગે પ્રવેશે છે, તે અંગે કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓએ ઝીણવટભરી તપાસ કરવી અનિવાર્ય બની છે. ■



રોષઃ રાજકોટના શીતલ પાર્ક પાસે આવેલ ઓસ્કાર સ્કાય પાર્કમાં બે હજારથી વધુ લોકો રહે છે. છેલ્લા બે વર્ષથી લેખિત, મૌખિક અને ટેલિફોનિક રજૂઆત કરી હોવા છતાં સ્ટેન્ડિંગ ચેરમેન, કોર્પોરેટર અને મનપાના અધિકારીઓએ રોડ રસ્તા,ગંદકી, સ્ટ્રીટ લાઇટ સહિતની પ્રાથમિક સુવિધામાં ધ્યાન ન આપતા સોસાયટીમાં ભાજપે પ્રવેશ કરવો નહીં ના બેનરો લગાવ્યા છે અને પ્લેકાર્ડ વડે વિરોધ પ્રદર્શિત કર્યો હતો. (પ્રવિણ સેદાની)

# ગાંધીધામના મુસ્લિમ અગ્રણીને બદનામ કરવાના ષડ્યંત્રમાં ત્રણ આરોપીઓના આગોતરા જામીન નામંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના મુસ્લિમ સમાજના જાણીતા અગ્રણીને સોશ્યલ મીડિયાના માધ્યમ વડે બદનામ કરી, આર્થિક લાભ ખાટવાના ઇરાદે રચાયેલા કાવતરાના ચકચારી કેસમાં ગાંધીધામની નામદાર કોર્ટે ત્રણ આરોપીઓની આગોતરા જામીન અરજી ફગાવી દીધી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મુસ્લિમ અગ્રણી હાજી જુમા રાયમાએ પોતાની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડી પૈસા પડાવવા માટે કારસો રચાયો હોવાની ફરિયાદ ગાંધીધામ 'એ' ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવી હતી. આ ફરિયાદમાં કુલ ૧૪ શખ્સોને આરોપી તરીકે દર્શાવવામાં આવ્યા હતા. પોલીસે અગાઉ આ કેસમાં બે આરોપીઓની ધરપકડ કરી તેમના બે દિવસના રિમાન્ડ મેળવી તપાસ શરૂ કરી હતી. ધરપકડના ડરથી બચવા માટે આ કેસના અન્ય ત્રણ આરોપીઓ ઈશાક જુમા જત, સલીમ આમદ જત અને અદ્રેમાન આદમ હશેન પડિયાર દ્વારા ગાંધીધામની સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી દાખલ કરવામાં આવી હતી. આ કેસની સુનાવણી દરમિયાન સરકાર પક્ષે સરકારી વકીલ એચ.પી.ગઢવી અને એસ.જી. રાણા હાજર રહ્યા હતા, જ્યારે મૂળ ફરિયાદી વતી એડવોકેટ યાકુબ થારાણીએ દલીલો રજૂ કરી હતી. બંને પક્ષોની દલીલો અને ગુનાની ગંભીરતાને ધ્યાને રાખીને ગાંધીધામની કોર્ટે ત્રણેય આરોપીઓની આગોતરા જામીન અરજી નામંજૂર કરવાનો આદેશ કર્યો હતો. આ ચુકાદા બાદ પોલીસ દ્વારા બાકીના ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે કવાયત હાથ ધરી છે. ■

# ભાવનગર જિલ્લા ભાજપે ૨૬ આગેવાન-કાર્યકરને સસ્પેન્ડ કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાવનગર જિલ્લામાં ભાજપના ઉમેદવાર સામે ભાજપના કેટલાક કાર્યકરોએ ઉમેદવારી નોંધાવી છે અને ચૂંટણી લડી રહ્યા છે ત્યારે ભાજપે આ તમામ કાર્યકરોને સસ્પેન્ડ કરતા ચર્ચાનો વિષય બન્યો છે.

ભાજપે પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ બદલ સસ્પેન્ડ કર્યા તેમાં તાલુકા કારોબારી સભ્ય, સક્રિય સભ્ય, પૂર્વ પ્રમુખ તાલુકા પંચાયત, પૂર્વ પ્રમુખ યુવા મોરચો, સંયોજક શક્તિકેન્દ્ર, જિલ્લા કિસાન મોરચા સહિતના કાર્યકરોનો સમાવેશ થાય છે, તેમ માહિતી આપતા ભાવનગર જિલ્લા ભાજપ પ્રમુખે જણાવેલ છે.

ભાવનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપમાંથી ઘણાં કાર્યકરોએ ટિકિટ માગી હતી, પરંતુ ભાજપે ટિકિટ ન આપી હોય અથવા ન મળવાની હોય તેવા ભાજપ કાર્યકરોએ ચૂંટણીમાં સામે મોરચો માંડયો છે. ભાજપ કાર્યકરો નારાજગી વ્યકત કરી ભાજપના ઉમેદવાર સામે ચૂંટણી લડતા ભાજપની ચિંતા વધી હતી અને કેટલાકને સમજાવવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો, પરંતુ નહીં માનતા ભાજપે કડક કાર્યવાહી કરી હતી. ભાવનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો માહોલ જામ્યો છે અને આગામી તા. ૨૬ એપ્રિલે ચૂંટણી યોજાવાની છે. આ ચૂંટણીમાં ભાજપના ઉમેદવારો સામે ભાજપના જ ૨૬ કાર્યકર કોંગ્રેસ, આપ કે અપક્ષમાંથી ચૂંટણી લડી રહ્યા છે તેથી ભાજપે તેઓને ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરી દીધા છે, જેમાં ૫ ભાજપ કાર્યકર જિલ્લા પંચાયતની પાટણા, ચમારડી, કળસાર, કતપર, ભાદ્રોડ બેઠક પરથી અપક્ષ તરીકે ચૂંટણી લડી રહ્યા છે તેથી સસ્પેન્ડ કરાયા છે. ભાજપના ૧૪ કાર્યકર ભાજપના ઉમેદવારો સામે તાલુકા પંચાયત લડી રહ્યા છે, જેમાં બે કાર્યકરો કોંગ્રેસમાંથી અને ૧૨ અપક્ષમાંથી ચૂંટણી લડી રહ્યા છે તેથી તેઓને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. બે નગરપાલિકામાં ૭ ભાજપ કાર્યકરો ભાજપના ઉમેદવાર સામે ચૂંટણી લડી રહ્યા છે, જેમાં ૫ કોંગ્રેસમાંથી અને ૨ આપ પાર્ટીમાંથી ચૂંટણી લડી રહ્યા છે તેથી તેઓને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. મહુવા નગરપાલિકામાં ૫ અને પાલિતાણા નગરપાલિકામાં ૨ કાર્યકર ચૂંટણી લડી રહ્યા છે, તેવી માહીતી મળી હતી. ■

# અમરેલી અને સાવરકુંડલાના યાર્ડમાં કેસર કેરીના બોક્સ આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સોરઠની ઓળખ સમી કેસર કરી હવે ધીમે ધીમે બજારોમાં પહોંચવા લાગી છે. ત્રણેક દિવસ પહેલા તાલાળાના માર્કેટિંગ યાર્ડમાં લગભગ ૧૦,૦૦૦ બોક્સ કેરીના આવ્યા હતા ત્યારે હવે અમરેલી અને સાવરકુંડલાના માર્કેટિંગ યાર્ડમાં કેસર કેરીની આવક શરૂ થઈ છે. પહેલા દિવસે વેપારી-ખેડૂતોની હાજરીમાં પહેલી હરાજી કરવામાં આવી હતી.

હરરાજી દરમિયાન સારી ક્વૉલિટીની કેરીને ૨૦ કિલોના રૂ. ૨,૩૮૦ ભાવ બોલાયો હતો.

અત્યારે અમરેલી યાર્ડમાં ધારીના હુડલી પંથકમાંથી પાકેલી કેસર કેરી પણ આવી રહી છે. અહીં દરરોજ લગભગ ૨૦૦ બોક્સ આવે છે. હવે અહીં પણ ૪૦૦થી ૫૦૦ જેટલા બોક્સ આવશે તેમ વેપારીઓનું કહેવાનું છે. જોકે બદલાતા વાતાવરણને લીધે કેરીના પાકને અસર થઈ છે. આથી આ વર્ષે માલ ઓછો આવશે તેમ લાગી રહ્યું છે, તેમ પણ વેપારીઓનું કહેવાનું છે. ■

# કચ્છમાં ૨૪ કલાકમાં ચાર આત્મહત્યા, બે જણે અકસ્માતમાં જીવ ગુમાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન અપમૃત્યુના બનેલા અલગ-અલગ બનાવોમાં છ વ્યક્તિઓએ પોતાના જીવ ગુમાવ્યા હતા. આ કરૂણ ઘટનાઓમાં ચાર લોકોએ આપઘાત કરી જીવન ટૂંકાવ્યું હતું, જ્યારે બે વ્યક્તિઓનાં અકસ્માત અને વીજશોકને કારણે મોત નીપજ્યા હતા. કચ્છમાં આપઘાતના સતત વધતા જતા કિસ્સાઓએ ચિંતા જગાવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, બંદરીય માંડવી તાલુકાના નાગ્રેચા ગામની સીમમાં ગઈકાલે સવારે કાદર હાસમ માંજોઠી (ઉં.વ.૬૦) નામના વૃદ્ધ પશુપાલક બકરા ચરાવતી વખતે લીમડાના ઝાડ પર ડાળીઓ કાપવા ચડ્યા હતા. આ દરમિયાન ઝાડ પરથી પસાર થતી વીજલાઇનમાંથી જોરદાર કરંટ લાગતા તેઓ નીચે પટકાયા હતા. ગઢશીશા હોસ્પિટલ ખસેડાતા તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

બીજી તરફ, આદિપુર ખાતેની સાધુ વાસવાણી કુંજ સોસાયટીમાં રહેતા અને ડ્રાઇવિંગના વ્યવસાય સાથે સંકળાયેલા અશોક પ્રિતમદાસ લખવાણી (આધેડ) પોતાની મોટરસાઇકલ પર ઘરે જઈ રહ્યા હતા એ દરમ્યાન જુમાપીર ફાટક પાસે અચાનક ભેંસ આડી ઉતરતા મોટરસાઇકલ સ્લિપ થઈ ગઈ હતી જેમાં ગંભીર ઈજાઓ પહોંચતા તેમને અમદાવાદ સારવાર અર્થે ખસેડાયા હતા, જ્યાં તેઓએ ટૂંકી સારવાર દરમ્યાન અંતિમ શ્વાસ લીધા હતા.

દરમ્યાન, સરહદી કચ્છમાં આપઘાતના એકસાથે બનેલા ચાર-ચાર બનાવોથી અરેરાટી વ્યાપી હતી.

રાજનગર ભુજ શહેરના જૂની રાવલવાડી વિસ્તારમાં રહેતા ૨૭ વર્ષીય યોગેશ રવજી સોલંકીએ અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ભુજ એ-ડિવિઝન પોલીસે આ અંગે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે, જ્યારે બંદરીય મુંદરા તાલુકાના મોટા કાંડાગરા ખાતેની અદાણી લેબર કોલોનીમાં એક જ દિવસે આપઘાતના બે બનાવો બનતા સનસનાટી મચી ગઈ હતી. અગાઉ પશ્ચિમ બંગાળના યુવાને જીવ દીધા બાદ, મૂળ બિહારના ૨૩ વર્ષીય યુવાન મોહમદ સલામ અલાઉદીને પણ કોઈ અકળ કારણોસર ગળેફાંસો ખાઈ લીધો હતો. આ ઉપરાંત ભચાઉના જંગી ગામના હાજીનગર વિસ્તારમાં રહેતા ૨૩ વર્ષીય પ્રેમજી વશરામ સોલંકીએ ગત બપોરના અરસામાં પોતાના ઘરે દુપટ્ટા વડે ફાંસો ખાઈ પોતાની જીવનલીલા સંકેલી લીધી હતી. ચોથો આપઘાતનો બનાવ અંજાર તાલુકાના નગાવલાડિયા ગામે બહાર આવ્યો હતો.

જેમાં ૪૬ વર્ષીય મહિલા કંકુબેન જગદીશ મરંડનો ગળેફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળી આવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■